વર્ષ : ૬૨ ■ અંક : ૧૨ ■ તા.૧૬-૬-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

## ગુજરાતને રૂ.3050 કરોડના વિકાસકાર્યોની ભેટ આપતાં વડાપ્રધાન









## પ્રધાનમંત્રી આવાસ યોજનાએ
## અંતરિયાળ વિસ્તારમાં જીવનભરના સપના કર્યા સાકાર




"જીવનભર કેટલીયે તપસ્યા કરતો પરંતુ પોતાનું પાકા ધાબાનું મકાન બનાવી શકું તેટલી મારી ત્રેવડ નહોતી. હું આભારી અને ઋણી છું આ પ્રજાવત્સલ સરકારનો જેમણે મારા જેવા અંતરિયાળ વિસ્તારમાં રહેતા એક સામાન્ય માણસની પરવા કરી છે."

**- ભગાભાઈ રાઠવા**
માલધી, છોટાઉદેપુર

ગરીબ વર્ગના લોકોના જીવનને સરળ બનાવતી

## 'નલ સે જલ' યોજના



"પહેલા સૂરજ ઉગતાની સાથે જ નદી કિનારે પાણી ભરવા જવું પડતું અને વજનદાર ઘડાઓ ઉંચકી ઘરે આવવું પડતું હતું. મોટો પરિવાર હોવાને કારણે કપડા, વાસણ કે અન્ય જરુરિયાતો માટે પણ દૂર સુધી જવું પડતું હતું.

ગરમીના દિવસોમાં ક્યારેક પાણીની વધુ આવશ્યકતા રહેતી હોવાથી પાણી ભરવા બેથી ત્રણ વાર જવું પડતું. પરંતુ આજે મારા ઘરે જળ જીવન મિશન અંતર્ગત નળ કનેક્શન આવ્યું છે. જેથી હવે ઘર બેઠા પાણીની સુવિધા પ્રાપ્ત થઇ છે."

**- ભાનુબેન મગનભાઈ વસાવા**
લીમધા, તા. ઉમરપાડા

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ▪ Issue : 12 ▪ Date 16 - 6 - 2022

તંત્રી : આર. કે. મહેતા
સહતંત્રી : અરવિંદ પટેલ
કાર્યવાહક તંત્રી : પુલક ત્રિવેદી
સંપાદક : મિનેશ ત્રિવેદી
સહસંપાદક : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
કલાનિર્દેશક : જસ્મીન દવે
વિતરણ વિભાગ : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

વિતરણ વિભાગ : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૩૪૪૨
ઈ-મેઇલ એડ્રેસ : gujaratmagazine@gmail.com
ફેસબુક લિંક : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



"

- પર્યાવરણ દિવસની ઉજવણી એ ઉજ્જવળ ભવિષ્યનો માર્ગ કંડારવાનો અવસર છે.
- વડાપ્રધાનશ્રીના વિઝનરી નેતૃત્વમાં દેશને પ્રાકૃતિક ખેતી દ્વારા જમીન અને માનવીનું સ્વાસ્થ્ય સુધારવાની નવી દિશા મળી છે.
- સૌના સહયોગથી ગુજરાત પર્યાવરણ પ્રિય ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર છે.
- ઉદ્યોગ ગૃહો દ્વારા પર્યાવરણ જાળવણીના કરાતા પ્રયાસોમાં સરકાર તેમની સાથે છે.
- જળ અને જમીનને શુદ્ધ રાખી પર્યાવરણ જાળવવાના સામૂહિક સંકલ્પ આવશ્યક છે.
- વડાપ્રધાનશ્રીએ ૨૦૭૦ સુધીમાં ભારતને નેટ ઝીરો કાર્બન એમિશન દેશ બનાવવાનો સંકલ્પ કર્યો છે.
- વડાપ્રધાનશ્રીના સંકલ્પને પાર પાડવામાં ગુજરાત પણ સંપૂર્ણ યોગદાન આપવા સજ્જ છે.
- રાજ્યના ઉદ્યોગગૃહો પણ પર્યાવરણ જાળવી અને પ્રદૂષણ અટકાવી વિકાસમાં સહભાગી થાય તે જરૂરી છે.

(વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ આપેલા વક્તવ્યના અંશો)



## વિકાસયાત્રા


6 ગુજરાતને રૂ.3050 કરોડના વિકાસકાર્યોની ભેટ આપતાં વડાપ્રધાન

10 નવસારીનાં ખારેલમાં હોસ્પિટલ જનસમર્પિત

12 વડાપ્રધાનના હસ્તે IN-SPACe દેશને સમર્પિત

14 અમદાવાદ-ગાંધીનગર માટે પ્રકલ્પોની ભેટ

16 'સહકારી શિક્ષણ' આપવાની પહેલ આવકાર્ય

17 ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની ઉત્તમ તક

18 દેશના નિર્માણમાં જાહેર સાહસોનું યોગદાન મહત્ત્વપૂર્ણ

20 રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર

24 અમદાવાદને રૂ. 239 કરોડનાં વિકાસકામોની ભેટ

25 પાલનપુરમાં આઇકોનિક બસપોર્ટનું લોકાર્પણ

27 સાબરકાંઠામાં પાણીની સમસ્યા દૂર કરવા આયોજન

28 PM યશસ્વી યોજના એક ભારત - શ્રેષ્ઠ ભારતને સાકાર કરશે

31 ગૌરવ

32 નિર્ણય

37 અનુભૂતિ
જન-જનને સરકારની કાર્યનિષ્ઠાની અનુભૂતિ

38 સમાચાર સંચય

44 જિલ્લો બોલે છે...
પરિચય પાટણ જિલ્લાનો... - કૌશિક ગજ્જર

46 નિરંતર વિકાસ

47 મારૂં ગામ, મારૂં ગૌરવ
વેડંચા ગામ બન્યું ગ્રે-વોટર ટ્રીટમેન્ટનું ઉત્તમ મોડેલ - રેસુંગ ચૌહાણ
- સહકારથી સમૃધ્ધિની સંકલ્પના સાર્થક કરતું થાવર ગામ - કુલદીપ પરમાર

48 ન્યૂઝ ફ્લેશ

49 ન્યૂઝ ઇમ્પેક્ટ

50 યોગ દિવસ
યોગી બનો, નિરોગી બનો, રાષ્ટ્ર માટે ઉપયોગી બનો...



# ડંકાની ચોટ ઉપર જનસુખાકારીના સંકલ્પો થઇ રહ્યા છે સાકાર...

અષાઢી વરસાદી માહોલ જામી રહ્યો છે. મોરલાઓના ટહુકાર વર્ષા રાણીની છડી પોકારી રહ્યા છે. લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દ્રષ્ટીવંત નેતૃત્વમાં મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઊર્જાવાન સરકારે જ્યાં માનવી ત્યાં સુવિધાનો ધ્યેય સુપેરે પાર પાડ્યો છે. ગુજરાતે વિકાસના દરેક ક્ષેત્રોમાં અગ્રહરોળમાં તેનુ નામ અંકિત કર્યું છે. વ્યક્તિગત વિકાસ, ગામડાઓનો વિકાસ અને વિસ્તારનો વિકાસ એમ ત્રણ વિભાવનાના આધારે આયોજનબદ્ધ રીતે યોજનાકીય કામો હાથ ધરીને ગ્રામ વિકાસ ક્ષેત્રે પરિણામલક્ષીતાની પ્રતીતિ સૌ કોઇને થઇ રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં નવસારી, સુરત, વલસાડ, તાપી અને ડાંગ જિલ્લામાં પાણી પુરવઠા, આરોગ્ય સેવાઓ, માર્ગ અને મકાન, ઉર્જા અને શહેરી વિકાસના કુલ રૂ. ૩૦૫૦ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરીને દક્ષિણ ગુજરાતમાં વિકાસની રીતસરની હેલી વરસાવી ત્યારે લોકોના મુખ ઉપર અનેરો હર્ષ છલકાતો જોવા મળ્યો. વિકાસ કામોથી આ વિસ્તારના લોકોનું જીવન સુખમય તો બનશે. આ સાથે આદિવાસી વિસ્તારોમાં રોજગારીના નવતર અવસરો પ્રાપ્ત થતાં સમગ્ર પ્રદેશનો સર્વાંગી વિકાસ વેગવાન બનશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક જ દિવસમાં એક જ સ્થળેથી ૭ યોજનાઓના લોકાર્પણ, ૧૨ યોજનાઓના ખાતમુહૂર્ત અને ૧૪ યોજનાઓનું ભૂમિપૂજન કર્યા ત્યારે સરકાર જે કામનો સંકલ્પ કરે છે તેને સમયસર પૂર્ણ પણ કરે છે તેની જન-જનને અનુભૂતિ થઇ.

કૌશલ્ય અને કલાનો સમન્વય કરી ઈજનેરી સ્થાપત્યમાં ગુજરાતે નવી ઊંચાઈ પ્રાપ્ત કરી છે. રાજ્ય સરકારનો મહત્ત્વાકાંક્ષી એસ્ટોલ પ્રોજેક્ટ પૂર્ણ કરી, ૨૦૦ માળ જેટલી ઊંચાઇ ઉપર પાણી ચડાવી રાજ્ય સરકારે આધુનિક યુગના ભગીરથ ઈજનેરી કાર્યને સંપન્ન કર્યું છે. આ યોજનાથી સાડા ચાર લાખ લોકોની તૃષા સંતોષાશે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઇ શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરને રૂ. ૨૭૯ કરોડના વિકાસ કામોની ભેટ આપી છે. ગુડા નિર્મિત રૂ. ૧૩.૧૮ કરોડના ૧૩૪ આવાસોની ફાળવણીનો ડ્રો કરી શહેરની જનસુખાકારીમાં નવા પરિમાણ ઉમેર્યાં. નીતિ આયોગના ત્રીજા સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ ઇન્ડેક્ષ મુજબ 'ગુડ હેલ્થ એન્ડ વેલ બિઈંગ'માં ગુજરાતને દેશમાં પ્રથમ સ્થાન મળતાં પ્રત્યેક ગુજરાતી બાંધવનું માથું ગર્વથી ઉન્નત થયું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રૂ. ૨૩૯ કરોડના અર્બન ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયાં. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે રાજ્યના બે મહાનગરો - બે નગરોમાં રૂ. ૧૦૯.૫૭ કરોડના વિવિધ વિકાસ કામોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જેને પરિણામે જૂનાગઢ-જામનગર-શિહોર અને માણસા નગરોની જનસુવિધામાં વધારો થતા નાના નગરોને પણ મેટ્રો સિટી જેવા બનાવવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય ઝડપથી સિદ્ધ થશે. અમદાવાદ અને વડોદરા મહાનગરોની કુલ ૬ ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી આપીને મુખ્યમંત્રીશ્રીએ ૪૬,૪૦૦ જેટલા ઈ.ડબ્લ્યુ.એસ. આવાસ બનાવવા માટેનો માર્ગ મોકળો કર્યો છે. સૌમ્યતા, સહૃદયતા સાથે મક્કમ નિર્ણાયકતા થકી નાગરિકોની સુખાકારીની વિવિધ યોજનાના પરિણામલક્ષી અમલીકરણની પરિભાષા ગુજરાતે નક્કી કરી છે. પ્રસ્તુત અંકમાં સમાવિષ્ટ વિકાસની વાત ઉપરાંત કલ્યાણકારી વિવિધ યોજનાકીય માહિતીને વાચકોને ઉપયોગી બની રહેશે તેવો મને વિશ્વાસ છે.

જય જય ગરવી ગુજરાત...

**- આર. કે. મહેતા** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**



### ગુજરાતને રૂ.3050 કરોડના વિકાસકાર્યોની ભેટ આપતાં વડાપ્રધાન

# આદિજાતિ નાગરિકોની આશા અને આકાંક્ષાને અનુરૂપ વિકાસ કરવાના નિર્ધાર માટે રાજ્ય સરકાર કટિબદ્ધ

વિકાસની વાત આવે ત્યારે ગુજરાતનો ઉલ્લેખ રોલ મોડલ તરીકે ચોક્કસ કરવામાં આવે છે. તેમાં પણ રાજ્યના પૂર્વપટ્ટીમાં આવેલા આદિજાતિ જિલ્લાઓમાં શિક્ષણ, કૃષિ, વીજળી, જળ વ્યવસ્થાપન તથા આરોગ્યના કાર્યો ધ્યાન ખેંચે છે. આ વિકાસ માટે કેન્દ્રમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકાર અને ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં કાર્ય કરતી રાજ્ય સરકાર એમ ડબલ એન્જિનવાળી સરકાર છે. નવસારીના ખુડવેલ ખાતે યોજાયેલા ગુજરાત ગૌરવ અભિયાનમાં વિશાળ જનશક્તિને સંબોધન કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગૌરવ સહ જણાવ્યું હતું કે, સુશાસનના આઠ વર્ષ અમે દેશના ગરીબોની પાયાની જરૂરિયાતો પૂર્ણ કરવામાં સમર્પિત કર્યા છે. વિકાસ કામો એ અમારા માટે કોઈ રાજકીય બાબત નથી, પણ એ અમારો સેવાનો સંકલ્પ છે અને તેને પૂર્ણ કરી રહ્યા છીએ.

ગુજરાતના આદિજાતિ વિસ્તારના સર્વાંગી વિકાસની નેમ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના ખુડવેલ ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં નવસારી, સુરત, વલસાડ, તાપી અને ડાંગ જિલ્લામાં પાણી પુરવઠા, આરોગ્ય સેવાઓ, માર્ગ અને મકાન, ઉર્જા અને શહેરી વિકાસ વિભાગના કુલ રૂ.૩૦૫૦ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં અંદાજિત રૂ.૯૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ, રૂ.૬૫૦ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને રૂ. ૧૫૦૦ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન કર્યું હતું. આમ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાત યોજનાઓના લોકાર્પણ, ૧૨ યોજનાઓના ખાતમુહૂર્ત અને ૧૪ યોજનાઓનું ભૂમિપૂજન એક જ દિવસમાં એક જ સ્થળેથી સંપન્ન કર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ નવસારી ખાતે અંદાજિત રૂ. ૫૪૨ કરોડના ખર્ચે નિર્માણ પામનારી સરકારી મેડિકલ કૉલેજ અને હોસ્પિટલનું પણ ભૂમિપૂજન કર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, અમારી સરકારે ગરીબ, વંચિત, પછાતો, મહિલાઓ સહિત આદિવાસી વિસ્તારોમાં આવાસ, વીજળી, શૌચાલય, ગેસ જોડાણ, પીવાનું શુદ્ધ પાણી પહોંચાડ્યું છે. એટલું જ નહીં દુર્ગમ અને દૂરદરાજના વિસ્તારોની ચિંતા કરી કરોડો લોકોના સપનાઓ અને આંકાક્ષાઓ પૂર્ણ કરવા સાથે અનેક નવા ક્ષેત્રોને વિકાસમાં જોડવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

આદિવાસી સામર્થ્ય અને સંકલ્પની ભૂમિ પર ગુજરાત ગૌરવ અભિયાનમાં સહભાગી બનવું એ મારા માટે પણ ગર્વની વાત છે તેવું કહેતા વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતે છેલ્લા બે દાયકામાં વિકાસની નૂતન ક્ષિતિજો સર કરી છે. વિકાસ માટે નવી આકાંક્ષા અને અપેક્ષાઓ ઉભી થઈ છે, તેને ગુજરાતની ડબલ એન્જિનની સરકાર પ્રમાણિક્તાથી આગળ વધારી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સાંસદ શ્રી સી. આર. પાટીલની જોડી લોકોમાં નવો ઉત્સાહ જગાવી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતના નવસારી, સુરત, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લાને મળી રહેલા રૂ. ૩૦૫૦ કરોડના આ વિકાસ કામોથી આ વિસ્તારના તમામ લોકોનું જીવન સુખમય તો બનશે જ સાથે સાથે






આદિવાસી વિસ્તારોમાં રોજગારીના અવસરો પણ ઉભા થશે.

આ વિસ્તાર સાથે પોતાના ભૂતકાળના સંસ્મરણો વાગોળતા શ્રી મોદીએ એ કહ્યું કે, ચીખલીના લોકોએ મને ક્યારેય ભૂખ્યો સુવા દીધો નથી. આદિવાસી પરિવારો પાસેથી મને ઘણુ શીખવા મળ્યું છે. તેમની સ્વચ્છતા, સુઘડતા અને અનુશાસન અનુકરણીય છે, એટલું જ નહી, આ સમાજની સમજદારીપૂર્વકની જીવનશૈલી છે. આદિવાસી સમાજ સામુદાયિક જીવન સાથે જળ, જમીન અને જંગલ સાથે જોડાઇને તેનું સંરક્ષણ કરે છે તેની પણ પ્રશંસા વડાપ્રધાનશ્રીએ કરી હતી.

આઠ વર્ષ પહેલા તમે મને આશીર્વાદ આપી બહુ ઉમ્મીદો સાથે રાષ્ટ્રસેવા કરવા માટે દિલ્હી મોકલ્યો હતો, તેમ જણાવતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, ગરીબોનું સશક્તિકરણ એ અમારી સરકારની પ્રાથમિકતા અને પ્રતિબદ્ધતા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ એમ પણ કહ્યું કે, હું જ્યારે મુખ્યમંત્રી હતો ત્યારે આદિવાસી વિસ્તારમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરવાનું અભિયાન ઉપાડ્યું હતું. આદિવાસી વિસ્તારોના બાળકો પ્રતિભાશાળી હોય છે. પણ, તેમને તબીબ કે ઇજનેર બનવાની તક મળતી નહોતી. પરંતુ, વિજ્ઞાન પ્રવાહની શાળા શરૂ કરવાના અભિયાનથી શરૂ થયેલી સફર હવે ઈજનેરી, મેડિકલ કોલેજ સુધી વિસ્તરી છે. આદિવાસી વિસ્તારોમાં ગોવિંદ ગુરુ અને બિરસા મુંડા યુનિવર્સિટી શરૂ કરી છે. આદિવાસી યુવાનોનું ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે માતૃભાષામાં તબીબી શિક્ષણ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. નવસારીમાં રૂ. ૫૪૨ કરોડના ખર્ચે મેડિકલ કોલેજ અને હોસ્પિટલ બનવા જઇ રહી છે. જેનો આ વિસ્તારના ૧૦ લાખ લોકોને આરોગ્યલક્ષી સેવાનો લાભ મળશે, એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

પહેલા એવું બનતું કે, કોઇને રસી આપવાની હોય તો દુર્ગમ વિસ્તારોમાં પહોંચતા વર્ષો લાગતા હતા. તદઉપરાંત બેંકિંગ સેવાઓ તો ત્યાં ઉપલબ્ધ નહોતી. પણ, અમે તમામ લોકોને કોવિડ સામેની રસી નિઃશુલ્ક આપી છે. બેંકમાં ખાતા ખોલાવ્યા. અમે ગરીબ કલ્યાણને લક્ષ્ય બનાવી ગરીબોને સશક્ત કરવા માટે ૧૦૦ ટકા લાભાર્થીઓને યોજનાકીય લાભો આપવા અભિયાન શરૂ કર્યું છે. આદિવાસી વિસ્તારોમાં પાત્રતા ધરાવતો એક પણ લાભાર્થી લાભથી વંચિત ના રહી જાય એ માટે તેજ ગતિથી કામ કરી રહ્યા છીએ. ગુજરાત સરકારે પણ શત પ્રતિશત લાભાર્થીઓને આવરી લેવા માટે પૂરી તાકાતથી અભિયાન ઉપાડ્યું છે તે અભિનંદનને પાત્ર છે એમ પણ વડાપ્રધાનશ્રીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની કાર્યદક્ષતાની પ્રસંશા કરતા જણાવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉમેર્યું કે, કેટલાક લોકોને એવું લાગે છે કે ચૂંટણી આવે એટલે વિકાસના કામો કરવામાં આવે છે. પરંતુ આ લોકોને મારો પડકાર છે કે મારૂ એક પણ અઠવાડિયું એવું શોધી લાવે કે જેમાં અમે વિકાસનું કામ ના કર્યું હોય. વિકાસ એ અમારા માટે રાજનીતિનો વિષય નથી, પણ એ અમારી લોકસેવાની પ્રતિબદ્ધતા અને લોકકલ્યાણનો અવસર છે. તેનાથી જ અમને જનતાના આશીર્વાદ મળે છે એમ તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું.

કુદરતી પડકારોનો સામનો કરીને અમલી બનાવવામાં આવેલા અસ્ટોલ પ્રોજેક્ટની

પ્રશંસા કરતા શ્રી મોદીએ એમ જણાવ્યું કે, વર્ષ ૨૦૧૮માં આ પરિયોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અમે ગર્વ સાથે કહીએ છીએ કે નેવાના પાણી મોભે નહીં પણ ૨૦૦ માળની ઊંચાઇએ ચઢાવી આદિવાસી પરિવારોના ઘર સુધી પીવાનું પાણી પહોંચાડ્યું છે. જે કામનું અમે ખાતમુહૂર્ત કરીએ છીએ, એનું લોકાર્પણ પણ અમે જ કરીએ છીએ. આ યોજનાનો કેસ સ્ટડી તરીકે અભ્યાસ કરવા ઇજનેરી કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો, નિષ્ણાંતોને આહ્વાન કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, પ્રજા માટે જીવવાનું, પ્રજાના કલ્યાણ માટે ખપી જવાના મંત્ર સાથે સત્તાને અમે સેવાનું સાધન બનાવ્યું છે. સેવામાં રાજકીય બાબતોને ટાળી સમાજ માટે કલ્યાણકારી કામ કરી રહ્યા છીએ. ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી વિસ્તારોના સર્વાંગીણ વિકાસ માટે અમે વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરી હતી. જેનું અત્યારે ચોથું ચરણ ચાલી રહ્યું છે. વિકાસને સર્વાંગીણ, સર્વસ્પર્શી, સર્વસમાવેશક બનાવી તમામ વર્ગને આવરી લેવાની દિશા ઉપર અમે ચાલી રહ્યા છીએ.



ગુજરાત સરકાર પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સમયબદ્ધ આયોજન દ્વારા સમાજના છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડવા માટે કામ કરી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાત સરકારે જ્યાં માનવી ત્યાં સુવિધાનો ધ્યેય પાર પાડ્યો છે. વડાપ્રધાનશ્રીએ વિકાસની રાજનીતિનો માર્ગ બતાવ્યો છે "ટીમ ગુજરાત'' વડાપ્રધાનશ્રીના ચિંધેલા રાહ પર ચાલવા સંકલ્પબદ્ધ છે.



મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વની ડબલ એન્જિનની સરકારનો લાભ ગુજરાતને મળ્યો છે. શ્રી નરેન્દ્રભાઇના દિશાદર્શનમાં સરકારના પ્રયાસોના નક્કર અને વાસ્તવિક પરિણામો પાછલા ૮ વર્ષમાં ગુજરાત સહિત દેશની જનતાએ જોયા છે. આ ૮ વર્ષમાં ગુજરાતમાં પાંચ લાખથી વધુ ઘરોને નળ જોડાણ, ૧૧ લાખ એકરમાં લિફ્ટ ઇરીગેશન, પાઇપલાઇન તથા સિંચાઇના કામો, ૩.૩૦ લાખ આદિજાતિ લાભાર્થીઓને ઘર વપરાશના વીજજોડાણ આપવામાં આવ્યાં છે.

તેમણે કહ્યું કે, ગુજરાતે પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે

### સંકલ્પથી સિદ્ધિની સફરઃ વલસાડના આદિવાસી બાંધવો માટે

## આધુનિક યુગના "ભગીરથે'' 1800 ફુટ ઉપર જળ પહોચાડ્યું

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન તથા ત્યારબાદ વડાપ્રધાન તરીકેના કાર્યકાળમાં ગુજરાતને એકપછી એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટોની ભેટ આપી છે. તેમાં પાણી, આરોગ્ય, સહકાર, સંરક્ષણ, પ્રવાસન, કૃષિ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વલસાડ જિલ્લાના પહાડી વિસ્તારોના અંતરિયાળ આદિવાસી વિસ્તારોના 174 ગામડાઓ અને 1028 ફળિયાઓમાં રહેનારા 4.50 લાખ લોકોના જીવનમાં એક નવું પરિવર્તન લાવનારા પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું હતું. આ એસ્ટોલ પ્રોજેક્ટ હેઠળ 1800 ફુટ ઉપર વસેલા ગામડાના આદિવાસી બાંધવોની તરસ છીપાશે. આ ઉપરાંત, આદિવાસી નાગરિકોના જીવનમાં પરિવર્તનનો પ્રારંભ થયો છે.

ગુજરાત સરકારે આ એસ્ટોલ પ્રોજેક્ટને પૂરો કરવા પરિશ્રમની પરાકાષ્ઠા કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે આ પડકારને સફળતાપૂર્વક હાંસલ કર્યો છે. આ અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માહિતી આપતાં જણાવ્યું હતું કે, લગભગ 200 માળ (1875 ફીટ)ની ઉંચાઈ સુધી પાણીને ઉપર પહોંચાડીને આ પહાડી વિસ્તારમાં પાણીનું વિતરણ અમે શક્ય બનાવ્યું છે. વડાપ્રધાનશ્રીએ આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યું હતું અને એમના દ્વારા પ્રોજેક્ટ જનસમર્પિત થતાં, ધરમપુર અને કપરાડા વિસ્તારના 174 ગામડાઓમાં રહેતા 4.50 લાખ લોકોનું જીવન સંપૂર્ણપણે બદલાઈ જશે."



**ગુજરાત માટે એસ્ટોલ પ્રોજેક્ટ શા માટે છે ખાસ :** આદિવાસી વિસ્તાર ધરમપુર અને કપરાડાની ભૌગોલિક રચના એવી છે કે ત્યાં ન તો વરસાદના પાણીનો સંગ્રહ થઈ શકે છે કે ન તો ભૂગર્ભજળની પરિસ્થિતિ સારી છે, કારણકે અહીંની મોટાભાગની જમીન પથરાળ છે અને તેના કારણે વર્ષાઋતુના



જે ગૌરવ મેળવ્યું છે તેને વધુ ઊંચાઈએ લઈ જવું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની પ્રેરણાથી શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા અને સુખાકારીના બહુવિધ વિકાસ કાર્યો ગુજરાતની આત્મનિર્ભરતાને નવી દિશા આપશે.

પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા ભૂતકાળમાં જ્યાં પાણી પહોચવું અસંભવ હતું તેવા દુર્ગમ વિસ્તારોમાં પણ નલ સે જલ યોજના મારફત ઘર ઘર પાણી પહોંચતું કર્યું છે. પાણી પુરવઠા ઈજનેરી કૌશલ્યની અજાયબી એવી મધુબન ડેમ આધારિત અસ્ટોલ જૂથ યોજના આનું ઉત્તમ ઉદાહરણ છે. એટલું જ નહિ જ્યાં જરૂર પડી ત્યાં ઉદવહન કરીને આદિવાસી વિસ્તારોમાં સિંચાઈનું પાણી પણ ખેતરો સુધી પહોંચાડી ખેડૂતોને ત્રણ પાક લેતા કર્યા છે. રાજ્યના દૂર દરાજના આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પણ સરળ અને સુલભ બનાવી છે.

આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું કે રાજ્ય સરકારે નેવાના પાણી મોભે ચડાવી આદિજાતિ વિસ્તારોમાં નળ થી જળ પહોંચાડ્યું છે. અસ્ટોલ જૂથ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત પ્રધાનમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું જેનું લોકાર્પણ આજે તેઓ કરી રહ્યા છે જે આનંદની વાત છે.

ગુજરાત ગૌરવ અભિયાન' કાર્યક્રમમાં સાંસદ શ્રી સી.આર.પાટીલે નેવાના પાણીને મોભે ચઢાવવાની વડાપ્રધાનશ્રીની દ્રઢ ઈચ્છાશક્તિને કારણે આજે ડુંગરાળ પ્રદેશોમાં પણ, પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે તેમ જણાવ્યું હતું. શ્રી પાટીલે કોરોનાની સ્વદેશી રસી સમયસર શોધીને ભારત સરકારે પ્રજાજનોને નવું જીવન આપ્યું છે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી શ્રી દર્શનાબેન જરદોશ, નાણા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ, માર્ગ-મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી જીતુભાઈ ચૌધરી, શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડીયા, રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ સહિત સાંસદ-ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ, વરિષ્ઠ સચિવો સહિત વિશાળ સંખ્યામાં આદિજાતિ બાંધવો ઉપસ્થિત રહ્યા હતા. ●

સમયમાં અહીંના જળાશયોમાં પાણી તો ભરાઈ જાય છે, પરંતુ તે પાણી જમીનની અંદર નથી ઉતરી શકતું. તેના કારણે વર્ષાઋતુના થોડાક સમય પછી જ અહીંના જળાશયો સંપૂર્ણપણે સૂકાઈ જાય છે. વર્ષ 2018માં રૂ.586.16 કરોડના ખર્ચે આ પહાડી વિસ્તારમાં રહેતા લોકો સુધી દરરોજ પીવાનું પાણી પહોંચે તેવા ઉદ્દેશથી રાજ્ય સરકારે એસ્ટોલ પ્રોજેક્ટની શરૂઆત કરી.

**પાઈપલાઈનને બિછાવવામાં વિશિષ્ટ ટેક્નિકનો ઉપયોગ**

- અહીંની જમીનની રચના અનુસાર જ અહીંયા પાઈપલાઈન બિછાવવામાં આવી છે, કેટલાક સ્થળોએ પાણીનું દબાણ સામાન્ય છે, તો કેટલાક સ્થળોએ પાણીનું દબાણ સામાન્ય કરતા ઘણું વધારે (40 પ્રતિ કિગ્રા સેન્ટિમીટર સ્કૉયર) છે. આ તમામ મુશ્કેલીઓના સમાધાન તરીકે મુખ્ય પાઇપની અંદર 12 મિલિમીટર જાડાઈની માઇલ્ડ સ્ટીલ પાઇપનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેથી મુખ્ય પાઇપને ફાટવાથી બચાવી શકાય.

**શું છે એસ્ટોલ પ્રોજેક્ટ**

- મધુબન બંધ (વોટર હોલ્ડિંગ ગ્રોસ કેપેસિટી 567 મિલિયન ક્યુબિક મીટર) ના પાણીને પંપિંગ સ્ટેશનથી ઉપર ઉઠાવીને (લિફ્ટ ટેક્નિક) લોકોના ઘરો સુધી પાણી પહોંચાડવાની યોજના છે.
- આ પ્રોજેક્ટ હેઠળ 28 પંપિંગ સ્ટેશન્સ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમની ક્ષમતા 8 મેગાવોટ વોલ્ટ એમ્પિયર (MVA) છે, જેના દ્વારા દરરોજ લગભગ 7.5 કરોડ લીટર પીવાના પાણીને 4.50 લાખ લોકો સુધી પહોંચાડવામાં આવશે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત 81 કિમીની પંપિંગ લાઇન, 855 કિમીની ડિસ્ટ્રિબ્યુશન લાઈન અને નાની-નાની વસાહતો સુધી પાણી પહોંચાડવા માટે 340 કિમી લાંબી પાઇપલાઇન બિછાવવામાં આવી છે.

**એન્જિનિયરિંગ ક્ષેત્રે એક મોટો ચમત્કાર છે એસ્ટોલ પ્રોજેક્ટ**

ગુજરાત સરકારનો એસ્ટોલ પ્રોજેક્ટ એન્જિનિયરિંગની દ્રષ્ટિએ એક ચમત્કાર જ કહી શકાય! એવું એટલા માટે કહી શકાય કારણકે આ પ્રોજેક્ટ હેઠળ મધુબન બંધથી પાણીને લગભગ 200 માળની ઉંચાઈ સુધી પાણીને ઉપર ઉઠાવીને (લિફ્ટ ટેક્નિક) ધરમપુરના 50 ગામો અને કપરાડાના 124 ગામો (કુલ 174 ગામો) સુધી પહોંચાડવામાં આવશે. પહેલીવાર એવું થઈ રહ્યું છે કે મધુબન બંધના પાણીને પીવાના પાણી તરીકે ઉપયોગમાં લેવામાં આવશે. આ પહેલા આ બંધનો ઉપયોગ સિંચાઈ માટે કરવામાં આવતો હતો. જોકે, પીવાના પાણીની સાથે-સાથે આ બંધના પાણીનો પહેલાની જેમ જ સિંચાઈ માટે પણ ઉપયોગ કરવાનું ચાલુ રહેશે. ●

## 'ગુડ હેલ્થ એન્ડ વેલ બિઈંગ'માં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને

# નવસારીનાં ખારેલમાં અત્યાધુનિક હોસ્પિટલને જનસમર્પિત કરતાં PM

ગુજરાતમાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હેલ્થ ઈન્ડિકેટર્સમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. નીતિ આયોગના ત્રીજા સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ ઈન્ડેક્ષ મુજબ 'ગુડ હેલ્થ એન્ડ વેલ બિઈંગ'માં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવસારી ખાતે નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત ૫૦૦ બેડની નિરાલી મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ તથા એ.એમ. નાયક હેલ્થકેર કેમ્પસનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં વડાપ્રધાનશ્રીએ ગણદેવી તાલુકાના ખારેલમાં 'નાયક એજ્યુકેશન એન્ડ સ્કિલીંગ સેન્ટર ઓફ એક્સલન્સ'નો ડિજિટલી પ્રારંભ કરાવ્યો હતો. તેમણે નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટ (NMMT) દ્વારા આઠ એકરમાં પથરાયેલા એ.એમ.નાયક હેલ્થકેર કેમ્પસ તેમજ કેન્સર હોસ્પિટલની મુલાકાત લઈને અહીં ઉપલબ્ધ અત્યાધુનિક આરોગ્ય સુવિધા અને સંસાધનોનું નિરીક્ષણ કર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ સામાજિક જવાબદારીના ભાગરૂપે સમાજશ્રેષ્ઠીઓએ છેવાડાના લોકો માટે પ્રગટાવેલા સેવાયજ્ઞની સરાહના કરતા વધુમાં જણાવ્યું કે, કેન્દ્ર સરકારે હોલિસ્ટિક એપ્રોચ સાથે સામાન્ય માનવી અને વિશેષતઃ માતાઓ, બાળકોને ઉત્તમ પોષણ મળે, સ્વસ્થ જીવનશૈલી તેમજ પ્રિવેન્ટીવ હેલ્થ સાથે સુદ્રઢ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ મળે એ હેતુથી અનેકવિધ આરોગ્ય યોજનાઓ અમલી બનાવી છે. આયુષમાન ભારત યોજના એનું ઉત્તમ ઉદાહરણ હોવાનું જણાવતાં કહ્યું કે, ગુજરાતના ૪૦ લાખ જરૂરિયાતમંદ લોકોએ આ યોજના હેઠળ લાભ મેળવ્યો છે, તેના પરિણામે રૂ.૭૦૦૦ કરોડથી વધુ રકમની બચત કરી છે.

ગુજરાતમાં મા અમૃતમ- વાત્સલ્ય યોજનાએ અનેક પરિવારોને આરોગ્ય ગરિમા બક્ષી હોવાનું જણાવતાં તેમણે 'આયુષ્માન ભારત યોજના' રાષ્ટ્રીય સ્તરે વ્યાપક બનાવવાં માટેનો પ્રેરણાસ્રોત બની હતી. વડાપ્રધાનશ્રીએ ગુજરાતે છેલ્લા ૨૦ વર્ષોમાં આરોગ્ય ક્ષેત્રે નવા મુકામો હાંસલ કર્યા છે, ત્યારે ગુજરાતે આજે ગામડાઓમાં સ્થાનિક સ્તરે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં અદ્યતન આરોગ્ય સુવિધાઓ નાગરિકોને ઘરઆંગણે મળતી થઈ છે. શહેરોમાં પણ ૬૦૦ થી વધુ પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઔષધાલયોનો લાભ નાગરિકો મેળવી રહ્યા હોવાનું કહ્યું હતું.

સરકારી હોસ્પિટલો આધુનિક આરોગ્ય સુવિધાઓ આપવામાં અગ્રેસર બની છે એમ જણાવતા તેમણે ઉમેર્યું કે, અમદાવાદ, ભાવનગર,





સુરત, વડોદરા ખાતે કેન્સરની આધુનિક સારવાર સાથે સ્વાસ્થ્ય સુવિધાઓ મળતી થઈ છે, જે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને અસહ્ય આર્થિક ભારણથી બચાવે છે.

તેમણે ગુજરાતના મજબૂત આરોગ્ય માળખાની સરાહના કરી હતી. આ સંદર્ભે તેમણે જણાવ્યું કે, છેલ્લા વીસ વર્ષોમાં મેડિકલ અને પેરામેડિકલનો અભ્યાસ અને તાલીમ સુવિધાઓ ખૂબ વધી છે. પરિણામે ગુજરાતમાં આજે ૩૦ થી વધુ મેડિકલ કોલેજો કાર્યરત છે. ગુજરાતમાં ચિરંજીવી યોજના હેઠળ જનભાગીદારી સુનિશ્ચિત કરી સંસ્થાગત પ્રસૂતિને વધુ વ્યાપક બનાવી હોવાનું વડાપ્રધાનશ્રીએ ભારપૂર્વક કહ્યું હતું.

દાનવીર ભામાશાશ્રી એ.એમ.નાયક સ્થાપિત નાયક ચેરિટેબલ ટ્રસ્ટની ૫૦૦ બેડની નિરાલી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ દક્ષિણ ગુજરાતના નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે એવો મત વ્યક્ત કરતા વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે, રોડ અકસ્માતોમાં સમયસર સારવાર આપી માનવ જિંદગીઓ બચાવી શકતા 'ગોલ્ડન અવર્સ' ખૂબ મહત્વપૂર્ણ હોય છે, ત્યારે હાઈવે પર રહેલી આ હોસ્પિટલ એક્સિડન્ટના કેસોમાં ઘાયલોને સમયસર સારવાર આપી મૃત્યુના મુખમાંથી બચાવવામાં નિમિત્ત બનશે.



તેમણે કહ્યું કે, 'માત્ર બે વર્ષની નાનકડી ઉંમરે કેન્સરની બિમારીથી દુનિયામાંથી વિદાય લેનારી સ્વ.નિરાલીએ મૃત્યુ પછી પણ લાખો જરૂરિયાતમંદ દર્દીઓ, વિદ્યાર્થીઓના જીવનમાં પ્રકાશ પાથર્યો છે. નાયક પરિવારે જનસેવાની જ્યોત પ્રગટાવી સંતતિ ઋણ, પિતૃ ઋણ અને સમાજ ઋણ અદા કર્યું છે', આરોગ્ય સેવાના ક્ષેત્રે આ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ નવું સીમાચિહ્ન હાંસલ કરશે, અને નવસારી સહિત આસપાસના વિસ્તારો માટે હેલ્થકેર ક્ષેત્રે લાઈફલાઈન સમાન પૂરવાર થશે તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ નાયક પરિવારને શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શ્રી અનિલભાઈ નાયકની સેવાભાવનાને બિરદાવતા જણાવ્યું હતું કે, 'જનસેવા એ જ પ્રભુસેવા'ની ભારતીય સંસ્કૃતિની ઉમદા ભાવનાને શ્રી નાયકે ચરિતાર્થ કરી છે. વતનનું ઋણ અદા કરવા માટે તેમણે શરૂ કરેલા સેવાયજ્ઞ માટે ધન્યવાદ પાઠવ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતના નવસારી, તાપી, વલસાડ, ડાંગ, વ્યારા સહિતના જિલ્લાઓ તેમજ મહારાષ્ટ્રના પણ બે જિલ્લાઓ- ધૂળે અને નંદુરબારને નિરાલી મલ્ટી સ્પેશિયાલિટી એન્ડ કેન્સર હોસ્પિટલની સુપર સ્પેશિયાલ્ટી સેવાઓ સુલભ બનશે. નજીવા ખર્ચે અપાતી આરોગ્ય સુવિધાઓના આ સેવાયજ્ઞથી દરિદ્રનારાયણોની ખરા અર્થમાં સેવા થશે એમ જણાવી આરોગ્યનું અમૃત્ત પૂરૂ પાડનાર આ હોસ્પિટલ 'નિરાલીથી નિરામય'ની ભાવના સાકાર કરશે એવો મત વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે નિરાલી મેમોરિયલ ટ્રસ્ટ, નાયક ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ પદ્મવિભૂષણ શ્રી એ.એમ.નાયકે કહ્યું હતું કે, સમાજમાંથી પ્રાપ્ત સંપત્તિને સમાજના ભલા અર્થે, જન્મભૂમિનું ઋણ ચૂકવવા ઉપયોગ કરવો એ નૈતિક જવાબદારી છે. નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટ દ્વારા ગ્રામીણ અને વંચિત બાંધવોને શ્રેષ્ઠ અને પોષણક્ષમ તબીબી સંભાળ, સારવાર સુવિધાઓ પૂરી પાડવાનો અમારો પ્રયાસ છે એમ જણાવતા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ એ સર્વને પરવડે તેવી આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું હોવાનું ઉમેર્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી, નાયબ મુખ્ય દંડક શ્રી આર.સી.પટેલ, ધારાસભ્ય શ્રી પિયુષ દેસાઈ, નવસારીના સાંસદ શ્રી આર.સી.પાટિલ, નિરાલી મેમોરિયલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જિજ્ઞેશ નાયક અને પરિવારજનો સહિત મહાનુભાવો અને હોસ્પિટલ સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# વડાપ્રધાનના હસ્તે ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર (IN-SPACe) દેશને સમર્પિત



ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારત તમામ ક્ષેત્રોમાં આત્મનિર્ભર બની રહ્યો છે. આવું જ એક ક્ષેત્ર એટલે અવકાશ ટેક્નોલોજીનું ક્ષેત્ર. એક સમયે અન્ય વિકસિત દેશોની ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તેની ધરતી ઉપરથી અવકાશયાન છોડવા પડતા હતા. આજે પરિસ્થિતિ બદલાઈ છે. ભારત અવકાશ ક્ષેત્રે આત્મનિર્ભર બનતા આજે વિશ્વના અન્ય દેશો ભારતની ધરતી પરથી તેમના અવકાશયાન છોડવા આતુર બન્યા છે. ભારતના અવકાશ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાનું સાક્ષી તાજેતરમાં ગુજરાત બન્યું. અમદાવાદના બોપલમાં આકાર પામેલું ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર (IN-SPACe) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં દેશને સમર્પિત કર્યુ હતું.

IN-SPACeના ઉદઘાટન અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું હતું કે, ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર, (ઇન-સ્પેસ)માં ભારતના અવકાશ ઉદ્યોગમાં ક્રાંતિ લાવવાની ક્ષમતા છે. પ્રાઇવેટ સેકટર હવે સ્પેસ સેક્ટરમાં બીગ વિનરની ભૂમિકા ભજવશે. આવનારા સમયમાં માનવ સમુદાયના ઉજ્જવળ ભવિષ્ય માટે અવકાશ ક્ષેત્રની તાકાત મહત્વની પૂરવાર થશે.

૨૧મી સદીના આધુનિક ભારતની વિકાસયાત્રામાં એક વધુ અધ્યાય ઈન-સ્પેસ હેડ ક્વાર્ટર'ના રૂપમાં ઉમેરાયો છે. ભારત આગામી દિવસોમાં સ્પેસ ક્ષેત્રે નવી ઊંચાઈઓ હાંસલ કરશે. ઇન-સ્પેસ ભારતના યુવાનોને, ભારતના બેસ્ટ માઈન્ડને પોતાનું ટેલેન્ટ બતાવવાનો અવસર આપશે પછી ભલે તે સરકારમાં હોય કે ખાનગી ક્ષેત્રમાં હોય ઇન-સ્પેસ તમામ વર્ગના લોકોને શ્રેષ્ઠ અવસર પ્રદાન કરશે. વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આપણા સૌના જીવનમાં સ્પેસ ટેક્નોલોજીનો ફાળો સતત વધતો જઈ રહ્યો છે. ૨૧મી સદીમાં સ્પેસ-ટેક એક મોટી ક્રાંતિનો આધાર બનવાની છે. આજે સ્પેસ ટેક્નોલોજી હવે 'દુરની સ્પેસ નહિ પરંતુ પર્સનલ સ્પેસ' પણ બની રહી છે.

સામાન્ય માણસના જીવનમાં સ્પેસ ટેક્નોલોજી વણાઇ ગઇ છે. ટેલિવિઝન, જીપીએસ, અર્બન પ્લાનિંગ, ગ્રાઉન્ડ વોટર પ્રોજેક્ટ, ઇન્ફ્રા પ્રોજેક્ટ, કોસ્ટલ એરિયા પ્લાનિંગ ઉપરાંત વરસાદના પૂર્વાનુમાન, કુદરતી આપત્તિઓની આગોતરી જાણકારી સેટલાઇટની મદદથી મળી શકે છે એ દ્રષ્ટિએ સામાન્ય માનવી સાથે જોડાયેલા વિષયોમાં સ્પેસ ટેક્નોલોજીનો સિંહફાળો છે.

વડાપ્રધાનશ્રીએ 'ઇન-સ્પેસ ઇઝ ફોર સ્પેસ', 'ઇન સ્પેસ ઇઝ ફોર પેસ', 'ઇન સ્પેસ ઇઝ ફોર એસ'નું સુત્ર આપતા કહ્યું કે, આપણે સૌ 'વોચ ધી સ્પેસ'નું મહત્વ સમજી રહ્યા

છીએ. આગામી સમયમાં સ્પેસ ટુરિઝમ અને સ્પેસ ડિપ્લોમસીમાં ભારત મહત્ત્વની ભૂમિકા ભજવશે. મોટા વિચારો જ વિજેતા બનાવે છે અને તેનું તાજુ ઉદાહરણ આપણે સૌ જોઇ રહ્યા છીએ. સ્પેસ સેક્ટરમાં સુધારો કરીને તેને તમામ પ્રતિબંધોથી મુક્ત કરીને ઇન-સ્પેસના માધ્યમથી ખાનગી ઇન્ડસ્ટ્રીને સમર્થન આપીને દેશે આજે તેમને વિજેતા બનાવવાનું અભિયાન શરૂ કર્યું છે.

વડાપ્રધાનશ્રીએ યુવાનોને હાંકલ કરતા કહ્યું કે, આપણા દેશમાં સ્પેસ ટેકનોલોજી ક્ષેત્રે અનંત સંભાવનાઓ છે, પરંતુ મર્યાદિત પ્રયાસોથી એ સાકાર ન થઇ શકે ત્યારે દેશના યુવાનો સ્પેસ રિફોર્મ ક્ષેત્રે આગળ આવે, સરકાર તેમને પૂરો સહયોગ આપશે. કેન્દ્ર સરકાર ભારતના ખાનગી ક્ષેત્રમાં વધુમાં વધુ ‘ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ’નો માહોલ બનાવવાનો સતત પ્રયાસ કરી રહી છે. એટલું જ નહીં, અવકાશ ક્ષેત્રમાં સુધારાની આ પ્રક્રિયા અવિરતપણે ચાલુ રહેશે તેવી ખાતરી પણ આપી હતી. વડાપ્રધાનશ્રીએ શિક્ષકોને અપીલ કરતા કહ્યું કે, વિદ્યાર્થીઓને સ્પેસથી જોડાયેલી ભારતીય સંસ્થાઓ અને સેન્ટરોની મુલાકાત કરાવે અને તેમને આ વિશે માહિતગાર પણ કરવા જોઇએ.

આ અવસરે કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, ઇન-સ્પેસના મુખ્યાલયના ઉદઘાટન સાથે જ ભારતે સ્પેસ ક્ષેત્રે ખૂબ મોટી સિદ્ધિ હાંસલ કરી છે. સ્ટાર્ટ અપ, ખાનગી ક્ષેત્ર અને યુવાનોના સંશોધનોને જોડીને એક ઈકોસિસ્ટમ બનાવી, ભારતને અંતરિક્ષ ક્ષેત્રમાં આગળ વધારવાનું સપનું બે વર્ષ પહેલા નરેન્દ્રભાઈએ જોયું હતું. આવનારા સમયમાં અંતરીક્ષ ઉદ્યોગ ક્ષેત્ર અર્થતંત્રમાં પણ નોંધપાત્ર રીતે કોન્ટ્રીબ્યુટર બનશે. શ્રી અમિતભાઈ શાહે વધુમાં ઉમેર્યું કે, નીતિ નિર્ધારણ, પોલિસી મેકિંગમાં મોદીજીએ ૨૦૧૪માં સૌથી મોટું લાવી અવકાશ ક્ષેત્રે રહેલી અગણિત સંભાવનાઓને ખુલ્લી મૂકી છે.

શ્રી અમિતભાઈ શાહે દ્રઢતાપૂર્વક કહ્યું કે, આ નાનો દેખાતો કાર્યક્રમ ભારતની સ્પેસ ક્ષેત્રમાં મોટી છલાંગ સાબિત થશે. શ્રી નરેન્દ્રભાઈની કલ્પનાને સાકાર થતી આપણે સૌ કોઈ જોઈ રહ્યા છીએ ત્યારે તેમના જ ઉદગારો યાદ કરીએ ‘પ્રતિભા પર કોઈ બંધી ન હોય શકે, પછી તે સાર્વજનિક ક્ષેત્રની હોય કે ખાનગીક્ષેત્રની’ આજે ઈનસ્પેસના લોકાર્પણ સાથે અંતરિક્ષ ક્ષેત્રે ભારતની અવિરત યાત્રા તેમણે શરૂ કરાવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું કે, અમદાવાદમાં ઇન-સ્પેસ હેડક્વાર્ટર કાર્યરત કરાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અવકાશી શોધ-સંશોધનના દ્વાર પ્રાઇવેટ પ્લેયર્સ માટે ખોલી આપ્યા છે. અવકાશ વિજ્ઞાનમાં રુચી ધરાવતા વિદ્યાર્થીઓ, શિક્ષકો, ખાનગી કંપનીઓ કે ઉદ્યોગો હવે ઈસરો સાથે ભાગીદારીમાં સ્પેસ પ્રોજેક્ટ કરી શકશે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનને પરિણામે ભારતે ડિફેન્સ, સ્પેસ, રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ, સ્ટાર્ટઅપ અને ડોમેસ્ટિક પ્રોડક્શન ક્ષેત્રે હરણફાળ ભરી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ‘જય જવાન, જય કિસાન અને જય વિજ્ઞાન’ના સૂત્રમાં વડાપ્રધાનશ્રીએ ‘જય અનુસંધાન’નો નવો આયામ જોડી આપ્યો છે. વિજ્ઞાન અને અનુસંધાન પ્રત્યે વડાપ્રધાનશ્રીના આ પ્રેરક અભિગમને કારણે દેશમાં ઇસરો જેવી સંસ્થાઓને ઘણું પ્રોત્સાહન મળ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ મહાન વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈનો ઉલ્લેખ કરીને ઇસરો અને અમદાવાદ વચ્ચેના જૂના સંબંધને વર્ણવ્યો હતો. ઘાટલોડીયા વિસ્તારના ધારાસભ્ય હોવાને નાતે મુખ્યમંત્રીશ્રીએ બોપલમાં ઇન-સ્પેસ હેડક્વાર્ટરની સ્થાપના કરવા બદલ વડાપ્રધાનશ્રીનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે ઇન-સ્પેસ અને ખાનગી ક્ષેત્રના ૧૦ સ્ટાર્ટઅપ્સ વચ્ચે MoU સંપન્ન થયા હતા. આ અવસરે નેશનલ સિક્યુરિટી એડવાઇઝર શ્રી અજીત દોવાલ, ઇસરોના ચેરમેન શ્રી સોમનાથજી, ઇન સ્પેસના ચેરમેન શ્રી પવન ગોયેન્કા, શ્રી સી. આર. પાટીલ, ભારતના સ્પેસ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓ તેમજ ઇન સ્પેસના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



# અમદાવાદ-ગાંધીનગરના લોકોની સુખાકારીમાં વધારો કરતા પ્રકલ્પોનું લોકાર્પણ- ખાતમુહૂર્ત

ગાંધીનગરના સાંસદ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ તાજેતરમાં ગુજરાતના પ્રવાસે આવ્યા હતા. આ દરમિયાન મંત્રી શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં અંદાજિત રૂપિયા ૧૯૩ કરોડના ૧૫ કામોનું ખાતમુહૂર્ત અને રૂ.૮૫.૯૯ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું. તેમજ અમદાવાદ નજીક શેલા ગામના તળાવના બ્યુટિફિકેશન પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ ઉપરાંત શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં આણંદ ખાતે ઈરમાનો ૪૧મો દીક્ષાંત સમારોહ યોજાયો હતો.

ગામ હોય, શહેર હોય કે વન વિસ્તારમાં રહેતા ગ્રામીણ નાગરિકો, મહાનગરપાલિકા હોય કે નગરપાલિકા હોય સૌને સમાન સુવિધાઓ પહોંચી છે. વડાપ્રધાનશ્રીના વિકાસના આ ગુજરાત મોડેલની દેશભરમાં ચર્ચા થઈ અને એટલે જ સમગ્ર દેશવાસીઓએ દેશનું શાસન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના હાથમાં સોંપ્યું છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગાંધીનગર મહાનગર અને ગાંધીનગર સંસદીય મતક્ષેત્રને રૂ. ૧૯૩.૧૨ કરોડના ખાતમુહૂર્ત તથા રૂ. ૮૫.૮૯ કરોડના લોકાર્પણ મળી એક જ દિવસમાં ૨૭૯ કરોડ રૂપિયાના વિકાસ કામોની ભેટ આપી હતી. તેમજ ગુડા દ્વારા રૂ. ૧૩.૧૮ કરોડના ખર્ચે નિર્માણ થયેલા ૧૩૪ આવાસોની ફાળવણી ડ્રો દ્વારા કરી હતી. ગાંધીનગર મહાનગરપાલિકામાં નવા સમાવાયેલા સુઘડ, ભાટ, કોટેશ્વર, અમિયાપૂર, ખોરજ અને ઝૂંડાલમાં ડ્રેનેજ વ્યવસ્થા, વોટર સપ્લાય ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, સ્યુએઝ નેટવર્કના કુલ રૂ. ૧૯૩.૧૨ કરોડના કામોના ખાતમુહૂર્ત કરવામા આવ્યા છે

કેન્દ્રીય સહકારિતા અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે પોતાના સંસદીય મતવિસ્તાર ગાંધીનગરને દેશનો શ્રેષ્ઠ સંસદીય મતવિસ્તાર બનાવવાની નેમ સાથે જણાવ્યુ કે, છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર સંસદીય મત વિસ્તારના સાત વિધાનસભા ક્ષેત્રોમાં વિવિધ વિકાસ કામો નાગરિકોની સેવાઓ માટે ખુલ્લા મૂકયા છે. જેમાં ઘાટલોડિયા વિસ્તારમાં રૂ. ૧૯૮૪ કરોડના કામો, નારણપુરા વિસ્તારમાં રૂ. ૧,૩૦૦ કરોડના, વેજલપુર વિસ્તારમાં રૂ. ૫૬૧ કરોડના, સાબરમતી વિસ્તારમાં રૂ.૬૩૪, સાણંદમાં રૂ. ૭૮૮ કરોડના, કલોલમાં રૂ. ૪૯૩ કરોડના તથા ગાંધીનગર ઉત્તરમાં રૂ. ૨,૮૫૭ કરોડના વિવિધ વિકાસકામોના લાભો નાગરિકોને પહોચાડવા બદલ તેમણે ટીમ ગુજરાત ને અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે એવી શાસન પદ્ધતિ ઊભી કરી છે કે, નાગરિકોએ માંગણી માટે સરકાર પાસે આવવું ન પડે, સરકાર જ સામેથી યોજનાઓ લઈને નાગરિકો સુધી પહોંચે. સરકાર અને સમાજનું સામંજસ્ય જ આદર્શ લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં ગુજરાતે શહેરીકરણને આપત્તિ- ચેલેન્જ નહિ, અવસર-તકમાં પલટાવ્યુ છે. ૪૮ ટકા શહેરીકરણ ધરાવતુ ગુજરાત શહેરી સુખાકારીમાં પણ અગ્રેસર છે. આદિવાસી ક્ષેત્ર, ખેતી, અવકાશ ક્ષેત્ર સહિત નાગરિકોના તમામ વર્ગ, વિકાસના હરેક ક્ષેત્રને ધ્યાને રાખી ગુજરાતે હોલિસ્ટિક ડેવલપમેન્ટની દિશા લીધી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

આ કાર્યક્રમમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર સહિત ગાંધીનગરવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### શેલા ગામના તળાવનું બ્યુટિફિકેશન

એક સમય હતો કે ગુજરાત માટે પાણી સંકટ હતું, પરંતુ દેશના વડાપ્રધાન તથા તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘદૃષ્ટિપૂર્ણ આયોજનને પગલે ગુજરાતમાંથી પાણીનું સંકટ ટળ્યું છે. આજે પાણીને લીધે રાજ્ય અને રાષ્ટ્રના વિકાસ માટે અપાર સંભાવનાઓ રહેલી છે. અમદાવાદના નવા દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં આવતા શેલા ગામના તળાવના નવીનીકરણ અને બ્યુટિફિકેશનના પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે કર્યું હતું. UPL કંપનીની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીના ભાગરૂપે શેલા ગામ નજીક 5.45 હેક્ટર વિસ્તારને આવરી લેનાર તળાવના નવીનીકરણ તથા બ્યુટિફિકેશન પ્રોજેક્ટ હાથ ધરાયો છે. આ કંપનીના ચેરમેન શ્રી રજ્જુભાઈ શ્રોફના તળાવ નિર્માણના અભિગમને બિરદાવી મંત્રીશ્રીએ કહ્યું હતું કે શ્રી શ્રોફે તેમની કંપનીની CSRના ભાગરૂપે શેલામાં તળાવના નવીનીકરણ અને બ્યુટિફિકેશનની આવકારદાયક પહેલ કરી છે, તેના પગલે આ વિસ્તારની આસપાસના જળસ્રોત ઊંચા આવશે એ નિશ્ચિત છે. રજ્જુભાઈએ કૃષિ ક્ષેત્રે પ્રયોગો કરીને તેનો લાભ ખેડૂતો સુધી પહોંચાડવા માટે બનાવેલા ડેમોસ્ટ્રેટિવ ફાર્મનો ઉલ્લેખ પણ મંત્રીશ્રીએ કર્યો હતો.

રાજ્યમાં આવેલી વાવોને મહત્ત્વના જળસ્રોત ગણાવીને શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે વાવ જે રીતે પાણીના સ્રોત રહી છે, તે રીતે ગુજરાતના ગામેગામ તળાવો બનાવવાનું અભિયાન ઉપાડવું છે. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના દરેક જિલ્લામાં 75 તળાવો બનાવવાનું સૂચન કર્યું છે, તેમાં ગુજરાત પણ અગ્રેસર ભૂમિકા બજાવી રહ્યું છે.

આ પ્રસંગે પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, દસ્ક્રોઈના ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ, નેહરુ યુવા કેન્દ્રના વાઈસ ચેરમેન શ્રી પ્રદીપસિંહ વાઘેલા તેમજ શેલા ગામના અગ્રણીઓ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા સહિત ઉચ્ચ અધિકારીઓ તેમજ આસપાસના વિસ્તારના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## શેલા તળાવના બ્યુટિફિકેશન પ્રોજેક્ટની મુખ્ય બાબતો

**બ્યુટિફિકેશન પ્રોજેક્ટની મુખ્ય બાબતો જોઈએ તો એક લેક ઝોન હશે અને બીજો પબ્લિક પાર્ક ઝોન હશે. શેલાના બારમાસી તળાવના ઈનફ્લો અને આઉટફ્લોની ડિઝાઈનમાં સિટી સ્ટોર્મ વૉટર મેનેજમેન્ટ પ્લાનને એકીકૃત કરીને આખા વિસ્તાર માટે ફ્લડ પ્રૂફિંગ ડિવાઈસ સ્થાપવામાં આવશે. એ ઉપરાંત અસરકારક ભૂગર્ભ જળ રિચાર્જ થાય એવી વ્યવસ્થા કરવામાં આવશે. મિયાવાકી પદ્ધતિથી વાવેતર કરીને તળાવની આસપાસ શહેરી વન ઊભું કરાશે. પબ્લિક પાર્ક ઝોનમાં વૉક-વે, જળાશય પર પગપાળા પુલ, રમતનાં સાધનો સાથે બાળકોના રમતનાં મેદાન, શેડવાળી બેઠકો ધરાવતા પિકનિક સ્પોટ, વ્યાયામ અને યોગ માટે આઉટડોર જિમ્નેશિયમ બનાવવામાં આવશે. શેલા ગામ ઉપરાંત આસપાસના નવા વિકસતાં વિસ્તારના હજારો લોકોને અનેક સુવિધાઓ ઉપલબ્ધ થશે.**

### ઈરમાનો ૪૧મો દીક્ષાંત સમારોહ

ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ, આણંદ (ઈરમા)નો ૪૧માં પદવીદાન સમારોહમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. મંત્રીશ્રીના હસ્તે ૨૫૧ વિદ્યાર્થીઓને રૂરલ મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ (પીજીડીએમ)ની પદવી એનાયત કરવામાં આવી હતી.

મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, પૂજ્ય મહાત્મા ગાંધી કહેતા કે દેશની આત્મા ગામડામાં વસે છે. હું તે વાતને દ્રઢપણે માનું છું. ગામડાઓ સમૃદ્ધ, સુવિધાસભર અને સ્વાવલંબી બનશે તો દેશ સમૃદ્ધ બનશે એટલું જ નહીં, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર થવા સાથે દેશનું અર્થતંત્ર પાંચ ટ્રિલિયન ડોલરનું બનાવવા ગામડાઓનું યોગદાન અમૂલ્ય બની રહેશે.

સ્નાતક થનારા છાત્રોને શીખ આપતા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું કે, જ્ઞાનનો અર્થ એવો પણ છે કે જ્યારે જ્ઞાન મળે ત્યારે સ્વથી પર સુધીના તમામનો વિચાર આવે. તમને અહીં જે સંસ્કાર અને શિક્ષા મળી છે, તેને આત્મસાત કરી જીવનભર ગામડા અને ગરીબોના વિકાસ માટે યોગદાન આપવું જોઈએ. તે જ સાચી ગુરૂદક્ષિણા છે અને પૂ. બાપુના ગ્રામ વિકાસનું સપનું ખરા ખર્થમાં સાકાર થશે. ગ્રામીણ વિકાસની પ્રવૃત્તિ ચંદનની જેમ ઘસાઈને વધુ સુગંધિત થશે ત્યારે જ તમે જે કામ કરશો તેનો સંપૂર્ણ આત્મસંતોષ મળશે.

સરદાર પટેલ, ત્રિભુવનદાસ પટેલના સહકારી પ્રવૃત્તિ દ્વારા ગ્રામ વિકાસના સપનાને જમીન પર ઉતારીને ડૉ. કુરિયને આ સંસ્થાની સ્થાપના કરી હતી. તે ઈરમા આજે ગ્રામ વિકાસ ક્ષેત્રમાં વ્યવસાયિકો આપીને કરોડરજ્જુ સમાન બની છે. બદલાતી જતી દુનિયા સાથે તાલમેલ મિલાવી ઈરમા આધુનિક ગ્રામ વિકાસ માટે નવા અભ્યાસક્રમો અમલી કરી તેને લોકજરૂરિયાત અનુસાર ગ્રામ વિકાસમાં પરિવર્તિત કરવા તેમણે પ્રેરક સૂચન કર્યું હતું.

આ પ્રસંગે ઈફ્ફોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી, ઈરમાના ચેરમેન શ્રી દિલીપ રથ, એનસીડીએફઆઈના ચેરમેન શ્રી મંગલજીત રાય, સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, અમૂલના ચેરમેન શ્રી રામસિંહ પરમાર, જી.સી.એમ.એમ.એફ ના એમ.ડી.શ્રી આર.એસ સોઢી, અમૂલના એમ.ડી. શ્રી અમીત વ્યાસ, સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ, ફેકલ્ટી, વિદ્યાર્થીઓ, વાલીઓ હાજર રહ્યા હતા. ●

# 'સહકારી શિક્ષણ' આપવાની પહેલ આવકાર્ય




ભરૂચ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓ બેન્ક દ્વારા કર્મચારીઓ, ગ્રાહકો તેમજ ભરૂચ અને નર્મદા જિલ્લાની સહકારી મંડળીઓના કમિટી સભ્યો, સભાસદો અને કર્મચારીઓને સહકારી ક્ષેત્રને લગતું શિક્ષણ અને તાલીમ મળી રહે તે માટે અદ્યતન 'સહકારી શિક્ષણ ભવન'નું ગૃહ અને સહકાર વિભાગના મંત્રી શ્રી અમિતભાઈ શાહે વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય સહકાર વિભાગના મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, ૧૧૫ વર્ષ જૂની આ સંસ્થાએ ખૂબ સુંદર અને અદ્ભુત કાર્યની શરૂઆત કરી છે. સહકારી મંડળીઓનું કર્તવ્ય અને અધિકારોની જાણકારી મંડળીના નીચલા સ્તર પર ન પહોંચે ત્યાં સુધી સહકાર ક્ષેત્ર સમૃદ્ધ અને પારદર્શક બનાવી શકાય નહીં. લોકોપયોગી બનાવવા માટે આ પ્રકારના પ્રશિક્ષણની ખૂબ જરૂર છે. તેમણે વધુમાં જણાવ્યું કે, આ બેન્કે પોતાના સ્વભંડોળમાંથી આવા આધુનિક પ્રશિક્ષણ બનાવવાના નિર્ણયને ખૂબ આવકાર્ય પગલું ગણાવ્યું હતું. આ પ્રકારના શિક્ષણમાં કમ્પ્યુટર લેબ, મેનેજમેન્ટયુક્ત કો-ઓપરેટિવને લગતું પુસ્તકાલય, મંડળીના કામકાજના નિયમોનું સાચું જ્ઞાન આપતું કેન્દ્ર બનશે. સહકારી ક્ષેત્રના સ્ટાફને ડિજિટલાઈઝેશન અંગેનું સાંપ્રત સમયની માંગ અનુસારનું પ્રશિક્ષણ સહકારી ક્ષેત્રની સમૃદ્ધિ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. આ ઉપરાંત તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રકારના શિક્ષણની શરૂઆત રાજ્યની અન્ય કો-ઓપરેટિવ સોસાયટી પણ અપનાવે તો સહકારી ક્ષેત્ર મજબૂત બનાવવાનું કાર્ય ઝડપી બનશે.

આ ઉપરાંત જેવી રીતે રાજ્ય અને કેન્દ્ર સરકારમાં ખરીદી 'જેમ' પોર્ટલ મારફતે થાય છે તેમ હવે કો-ઓપરેટિવ સોસાયટી પણ પોર્ટલ ઉપરથી ખરીદી કરી શકશે, જેથી કરીને વહીવટી પ્રક્રિયામાં પારદર્શકતા ઝડપી બનશે. આ પ્રકારના પ્રશિક્ષણના પ્રોજેક્ટ થકી રાજ્યની ૬૫ હજારથી વધુ સહકારી મંડળીઓને નવું જીવન મળશે. આ ઉપરાંત આવી મંડળીઓનો ઢાંચો મજબૂત કરવા માટે અંબ્રેલા સ્કીમનું પણ આયોજન બજેટમાં વિચાર્યું છે.

આ પ્રસંગે ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઇ વસાવાએ જણાવ્યું હતું કે, અહીં સ્થાનિક સહકારી ક્ષેત્રો એવી નર્મદા જિલ્લામાં આવેલી સુગર ફેક્ટરી તથા ભરૂચ જિલ્લામાં આવેલી દૂધધારા ડેરી પણ પશુપાલકો અને ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. આ બંને સંસ્થાઓએ ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો માટે આર્થિક રીતે સમૃદ્ધ કરવા માટે અનન્ય કાર્ય કર્યું છે, જ્યારે આવી જ સંસ્થા તરફથી સહકારી ક્ષેત્રનું શિક્ષણ મળે છે ત્યારે સહકારી ક્ષેત્રને નાવીન્યતા પ્રદાન થશે.

આ પ્રસંગે રાજ્યના સહકારમંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં સૌપ્રથમ વડોદરા ખાતે સહકારી મંડળીની સ્થાપના થઈ, ત્યારબાદ આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન આ પ્રકારની શરૂઆતને સહકાર ક્ષેત્રે એક નવી શરૂઆત તરીકે ગણાવી હતી. ગુજરાતમાં દર ત્રીજો ગુજરાતી એક સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલો છે ત્યારે ભરૂચ જિલ્લામાં 2965 જેટલી સહકારી મંડળી નોંધાયેલી છે. તેમણે અમૂલ ફેડરેશનનું એક ઉત્તમ ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે, મહિલાઓ જ્યારે ડેરીમાં દૂધ ભરાવે છે ત્યારે તેમના એકાઉન્ટમાં આ ફેડરેશન દ્વારા દોઢસો કરોડથી વધુ નાણાં સીધાં જમા કરવામાં આવે છે. આમ સહકાર ક્ષેત્રે આવી સંસ્થાએ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ઉપરાંત તેમણે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ થકી થયેલા લાભો અંગે પણ જણાવ્યું હતું.

આ પ્રસંગે નવસારીના સાંસદ શ્રી સી. આર. પાટીલ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણના મંત્રી શ્રી ડૉ કુબેરભાઈ ડીંડોર, નાયબ મુખ્ય દંડક શ્રી દુષ્યંતભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અલ્પાબહેન પટેલ, વાગરાના ધારાસભ્ય શ્રી અરુણસિંહ રણા, પૂર્વ સાંસદ શ્રી ભરતભાઈ પરમાર, જિલ્લા કલેક્ટર શ્રી તુષાર સુમેરા તથા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રીમતી લીના પાટીલ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

### વર્ષ 2030 સુધીમાં કુલ જરૂરિયાતની 50 ટકા ઊર્જા પુનઃ પ્રાપ્યમાંથી પેદા કરવાનો નિર્ધાર

# પર્યાવરણ દિવસ એટલે ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની ઉત્તમ તક




આપણા ભૂતકાળ પર નજર નાખી પર્યાવરણપ્રિય ઉજ્જવળ ભવિષ્યનો માર્ગ કંડારવાનો અવસર એટલે પર્યાવરણ દિવસ. સમયની માંગ સમજીને અને પૃથ્વી પર જીવવાના દરેકના અધિકારને સુરક્ષિત રાખીને જેટલું બને તેટલું ઓછું નુકસાન પૃથ્વીને થાય તેવું સામાજિક જવાબદારીપૂર્ણ વર્તન કરીએ તેવી અપીલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરી હતી. પર્યાવરણ દિવસ નિમિત્તે અમદાવાદમાં યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં પર્યાવરણ જાળવવાની દિશામાં નવતર કદમ અને પહેલથી દેશને પ્રાકૃતિક ખેતી દ્વારા જમીન અને માનવી બેયનું સ્વાસ્થ્ય સુધારવાની નવી દિશા મળી છે. વડાપ્રધાનશ્રીએ ગ્લાસગો ખાતેની ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સમાં સંકલ્પ વ્યક્ત કર્યો હતો કે 2070 સુધીમાં ભારતને નેટ ઝીરો કાર્બન એમિશન દેશ બનાવવો છે. આ સંકલ્પને સાકાર કરવા 2030 સુધીમાં નોન ફોસિલ એનર્જી કેપેસિટી 500 ગીગા વોટ સુધી લઈ જવાની અને કુલ ઊર્જા જરૂરિયાતના 50 ટકા પુનઃ પ્રાપ્ય ઊર્જા સ્રોતમાંથી મેળવવાની વડાપ્રધાનની નેમ છે એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યનાં ઉદ્યોગગૃહોને પણ પર્યાવરણ જાળવી અને પ્રદૂષણ અટકાવી વિકાસમાં સહભાગી થવા અનુરોધ કરતાં સ્પષ્ટપણે કહ્યું કે ઉદ્યોગગૃહોને પર્યાવરણ જાળવવાના પ્રયાસોમાં સરકાર તેમની સાથે છે અને તેમની યોગ્ય તથા વાજબી રજૂઆતો માટે મુખ્યમંત્રી કે પર્યાવરણમંત્રીના દ્વાર ખુલ્લાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ અવસરે કેટલીક પહેલ પણ હાથ ધરવામાં આવી છે. તદઅનુસાર જી.પી.સી.બી. દ્વારા અંદાજિત રૂ. ૫ કરોડના ખર્ચે સાબરમતી, મહિસાગર, તાપી, દમણગંગા નદીઓ અને કાંકરિયા, થોળ તળાવ પર રિયલ ટાઈમ ઓનલાઈન વોટર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન સ્થાપવાની કામગીરી ચાલુ છે. તેનાથી નદી-તળાવના પાણીની ગુણવત્તા પર રિયલ ટાઈમ નજર રાખી તેને સુધારવા ચોક્કસ પગલાં ભરી શકાશે.

વિવિધ પ્લેટફોર્મ પર રહેલી ઓનલાઈન મોનિટરિંગની રિયલ ટાઈમ માહિતીને એક જ પ્લેટફોર્મ પર લાવી મોનિટરિંગ, ચેક, વોર્નિંગ - અપડેટ્સ સાથે બોર્ડ વધુ કાર્યક્ષમ અને પારદર્શક રીતે ઓછા મેન પાવર સાથે પ્રદૂષણ નિયંત્રણ કરવા સક્ષમ બને તે માટે અંદાજિત રૂ. ૭ કરોડના ખર્ચે સેન્ટ્રલ કમાન્ડ એન્ડ કંટ્રોલ - સિક્યોર સેન્ટરનું પ્લાનિંગ હાથ ધરવામાં આવ્યું છે, જેથી તુલનાત્મક ગ્રાફિકલ ડેટાબેઝ પરથી રિસર્ચ અને ડેવલપમેન્ટને પણ વેગ મળશે. આ ઉપરાંત બોર્ડ દ્વારા VLTS- (Vehicle Location Tracking System) કાર્યરત કરવામાં આવી છે. આ સિસ્ટમના ક્લોઝ લુપ થકી જોખમી કચરાના વ્યવસ્થાપન પર બાજનજર રાખી શકાશે.

GPCBએ શરૂ કરેલી હેલ્પ ડેસ્ક વ્યવસ્થાને સમયની માંગ સાથે નવું જ રૂપ આપી રાજ્યની ચેમ્બરો દ્વારા ૧૦થી વધુ ઔદ્યોગિક એસોસિયેશન ખાતે પણ કાયદાકીય તેમજ સરકારી નિયમો માટે માર્ગદર્શન આપવા માટે હેલ્પ ડેસ્ક ઊભાં કરવામાં આવ્યાં છે, જેમાં બોર્ડના અધિકારીઓ દ્વારા વીડિયો કોન્ફરન્સ થકી માર્ગદર્શન આપવાની સુવિધા કરવામાં આવશે. તેનાથી, ઉદ્યોગોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ થશે, ઉદ્યોગોના પ્રશ્નોના સ્થાનિક કક્ષાએ એકસાથે નિરાકરણ માટે જીપીસીબી દ્વારા દર માસના ત્રીજા બુધવારે બપોરે ૩ થી ૫ સમયે રાજ્યની તમામ પ્રાદેશિક કચેરી ખાતે ઓપન હાઉસનું આયોજન જાહેર કર્યું છે.

GPCBએ ઉદ્યોગોને સ્થળ પસંદગી માટે પડતી અગવડ દૂર કરવા અને અન્ય વિભાગોના ક્રાઈટેરિયા સાથે સુમેળ કરી 'જીપીસીબીના સાઈટિંગ ક્રાઈટેરિયા'ને જાહેર કર્યા છે. આનાથી ઉદ્યોગકાર જમીનમાં રોકાણ કરતાં પહેલાં સુચારુ રીતે નિર્ણય લઈ શકશે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે 'Only one Earth' થીમ સાથે પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ રહી છે. દેશમાં માત્ર ચાર રાજ્ય પૈકી અલગથી 'ક્લાઈમેન્ટ ચેન્જ' વિભાગ શરૂ કરવાનું શ્રેય ગુજરાતને જાય છે. સાથે સાથે આપણાં ધર્મસ્થાનોને 'પ્લાસ્ટિકમુક્ત' કરવાની ઝુંબેશમાં ઉદ્યોગો આગળ આવે તેવી હાકલ પણ મંત્રીશ્રીએ કરી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમમાં મેયર શ્રી કિરીટકુમાર પરમાર, ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી લોચન શહેરા, GPCBના ચેરમેન શ્રી આર. બી. બારડ, ઉદ્યોગપતિઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



### આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગાંધીનગરમાં પરિસંવાદ યોજાયો

# આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે જાહેર સાહસોનું યોગદાન મહત્ત્વપૂર્ણ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી દેશમાં ઊજવાઈ રહેલા આઝાદીના અમૃત મહોત્સવ - સ્વતંત્રતાનાં ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે આ પ્રદર્શન ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એન્ટરપ્રાઇઝિસ દ્વારા આઇકોનિક સપ્તાહની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના ભાગરૂપે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલા પ્રદર્શનનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રદર્શનની સાથે આત્મનિર્ભર ભારત માટે CPSEની ભૂમિકા વિષયક પરિષદનો પણ પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, જાહેર સાહસોએ દેશના આર્થિક વિકાસમા મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. દેશનાં જાહેર સાહસોને-પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઇઝિસને દેશની પ્રગતિ અને વિકાસ માટે સહિયારાં પગલાં ભરવાની પ્રેરણા આપશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ભારતે સંયુક્ત અર્થતંત્ર અપનાવ્યું છે. આ માળખાની વિશેષતા એ છે કે તેમાં પબ્લિક અને પ્રાઇવેટ સેક્ટર એમ બંનેને મહત્ત્વની ભૂમિકા નિભાવવાની તક મળે છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે આઝાદીના અમૃત મહોત્સવની પાંચ થીમ, ફ્રીડમ સ્ટ્રગલ, આઇડિયાઝ@75, રિસોલ્વ@75, એક્શન@75 અને એચિવમેન્ટ@75 તે બધી જ થીમ CPSEs અને PSEs સાથે સુસંગત રીતે જોડાયેલી છે. આવા પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઇઝ દેશમાં પ્રાથમિક ક્ષેત્રથી માંડીને સેવા ક્ષેત્રમાં યોગદાન આપી વિકાસની ગતિ, આત્મનિર્ભરતાની દિશા વધુ તેજ બનાવે છે, તેવો મત મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

દેશનાં જાહેર સાહસોને પહેલાં જેવી મોનોપોલી ભોગવવા ન મળતી હોવાના સંદર્ભે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, સ્પર્ધાત્મક બજારમાં ટકી રહેવા દેશનાં જાહેર સાહસોએ રિ-ઓરિયેન્ટ થવું પડશે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં આવા PSEsની સંગીન અને મજબૂત ઉપસ્થિતિની ભૂમિકા આપતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સમાન ગિફ્ટ સિટીની સુવિધાઓનો ખાસ ઉલ્લેખ કર્યો હતો.

તેમણે ગિફ્ટ સિટીમાં વિશાળ જગ્યા, ICT નેટવર્ક, ગ્લોબલ ટ્રેઝરી ઓપરેશન્સ શરૂ કરી શકવાની સુવિધાઓ, બેક ઓફિસ અને IT ઓપરેશન્સની વ્યાપક સગવડોનો લાભ લેવા CPSEs ગિફ્ટ સિટીમાં મૂડીરોકાણ, વ્યવસાય કરવા આવે તેવો અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ પરિષદમાં સહભાગી થઈ રહેલા વિવિધ CPSEsના CEOsને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની અવશ્ય મુલાકાત લેવાનું આમંત્રણ પણ આપ્યું હતું.

કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે, રાષ્ટ્રના બહુઆયામી વિકાસમાં જાહેર સાહસોનું અમૂલ્ય યોગદાન છે. ભારત સંસ્થાનવાદી શાસનમાંથી આઝાદી મેળવ્યાનાં ૭૫ વર્ષની ઉજવણી કરી

રહ્યું છે, ત્યારે છેલ્લાં ૭૫ વર્ષોમાં રાષ્ટ્રના વિકાસમાં સેવારત જાહેર સાહસોની પ્રગતિ દર્શાવવા માટે આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આઝાદીના અમૃત મહોત્સવનાં આ ૭૫ અઠવાડિયાં યોગ્ય સમય છે, જેમાં તમામ સંસ્થાઓને દેશના વિકાસમાં આપેલ યોગદાનને દર્શાવવાની તક મળી છે.

નાણામંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, જાહેર સાહસોની શરૂઆત ખૂબ જ સ્પષ્ટ સમજણ સાથે કરવામાં આવી હતી કે લાંબાગાળાના રોકાણો સાથે માળખાકીય વિકાસમાં યોગદાન આપે, પરંતુ એ સમયે માત્ર વસાહતી શાસનમાંથી બહાર આવેલા દેશ માટે જ્યાં સુધી સરકાર પોતે રોકાણ અને ક્ષમતાઓનું નિર્માણ ન કરે ત્યાં સુધી લાંબા ગાળાના પ્રોજેક્ટ્સ શક્ય નહોતા. ૧૯૪૭થી જાહેર સાહસોની સફર શરૂ થઈ અને આજ સુધી ભારતીય અર્થતંત્રને ઊંચું લાવવામાં અવિરત પોતાનું યોગદાન આપતા રહ્યા છે. વૈશ્વીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણને પરિણામે દેશના ઉદ્યોગસાહસિકોને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપવાની ઉત્તમ તક મળી હતી, ગુજરાત ઉદ્યોગસાહસિકો અને સાહસોની ભૂમિ છે, જે ભારતની વિશેષતા હતી.

નાણામંત્રી શ્રીમતી સીતારમણે વધુમાં જણાવ્યું કે, વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં જાહેર સાહસોને મુખ્ય ક્ષેત્રોમાં વિસ્તાર કરવા, સ્કેલિંગ અપ, વૈવિધ્યીકરણ રોકાણ અંગે પૂરતી તક આપવામાં આવી છે. આથી આજે જાહેર સાહસોની સંસ્થાઓ ખાનગી ક્ષેત્ર સાથે સ્પર્ધા કરી રહી છે અને વૈશ્વિક નામના મેળવી રહી છે. આપણે વિકાસનાં નવાં ક્ષેત્રો જોવાની, કાર્યક્ષમતા વધારવાની જરૂર છે, જ્યાં આપણે વેબ ૩, ઔદ્યોગિક ક્રાંતિ ૪.૦, ડીપ ડેટા, ડીપ ટેક્નોલોજીથી લાભ મેળવી શકીએ છીએ.

સ્કોપ તથા સેઇલનાં ચેરપર્સન શ્રીમતી સોમા મંડલે કહ્યું હતું કે, દેશના જીડીપીમાં જાહેર સાહસોની સંસ્થાઓનું મહત્ત્વનું યોગદાન છે. સ્કોપના તમામ સભ્યો દેશને પાંચ ટ્રિલિયન ડૉલર ઇકોનોમી બનાવવાના લક્ષ્યને સાધવા સતત પ્રયત્નશીલ છે. ઉપરાંત, આ સંસ્થાઓ દેશના આર્થિક તથા માળખાકીય વિકાસની સાથે સાથે CSRના માધ્યમથી શિક્ષણ, આરોગ્ય અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રે પ્રયાસરત રહી સમાવેશી વિકાસને સુનિશ્ચિત કરી રહી છે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે યોજાઈ રહેલા આ પ્રદર્શનમાં ૭૫ જેટલી જાહેર સાહસોની સંસ્થાઓના આઝાદીકાળથી આજદિન સુધીના વિકાસની ઝાંખી દર્શાવવામાં આવી છે, જે આગામી વર્ષો માટે પ્રેરણારૂપ સાબિત થશે.


આ કાર્યક્રમમાં કેન્દ્રીય નાણામંત્રી શ્રી સીતારમણ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહારાષ્ટ્રના સોલાપુર સ્થિત એનટીપીસી તથા કર્ણાટકના બેંગલુરુ સ્થિત ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડની વસાહતોનું 'મિની સ્માર્ટ સિટી' તરીકે વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું હતું. આ મિની સ્માર્ટ સિટીમાં સ્થાપિત ૭૫૦ કિલોવોટના સોલાર પ્લાન્ટમાંથી કુલ જરૂરિયાતના ૩૪ ટકા વીજળી મેળવવામાં આવે છે. વીજળી બચત માટે એલ.ઈ.ડી. લાઇટ્સ તેમજ એલ.ઈ.ડી. સ્ટ્રીટલાઇટ્સનો ઉપયોગ થયો છે. અન્ય સુવિધાઓમાં અત્યાધુનિક વાહન સ્કેનિંગ સિસ્ટમ, સ્પીડ નિયંત્રણ પોઇન્ટ, સુરક્ષા માટે સી.સી.ટી.વી. કેમેરા વગેરેનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકારના જાહેર સાહસોના ઉચ્ચ અધિકારીઓ, રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ અને ૭૫ જેટલાં કેન્દ્રીય જાહેર સાહસોની સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ●







### રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સંપૂર્ણ અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર

# સૌને સમાન અને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ આપવાના ધ્યેયને સિદ્ધ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ

કોઈપણ રાષ્ટ્ર, રાજ્ય કે સમાજના વિકાસના પાયામાં શિક્ષણ મુખ્ય બાબત છે. ત્યારે બીબાઢાળ શિક્ષણના સ્થાને ઇન્ક્લુઝિવ અને ઇક્વિટેબલ શિક્ષણ પૂરું પાડવું તે સમયની માંગ છે, તેમ તાજેતરમાં મહાત્મા મંદિર ખાતે યોજાયેલી દ્વિ-દિવસીય નેશનલ કોન્ફરન્સ ઓન સ્કૂલ એજ્યુકેશનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું. આ સાથે, તેમણે જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં વિદ્યાધન એ સર્વશ્રેષ્ઠ ધન છે ત્યારે ટીચિંગ અને લર્નિંગની પ્રોસેસને સતત રિડિફાઇન અને રિડિઝાઇન કરતા રહેવાની આવશ્યકતા સમજીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૩૪ વર્ષ જૂની શિક્ષણનીતિમાં બદલાવ લાવી સમયાનુકૂળ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દેશની આપી છે.

આ કોન્ફરન્સમાં કેન્દ્રીય શિક્ષણમંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન, રાજ્યમંત્રી શ્રીમતી અન્નપૂર્ણા દેવી, ડૉ. સુભાષ સરકાર, શ્રી રાજીવ ચંદ્રશેખર, ગોવાના મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંત, ગુજરાતના શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, દેશનાં વિવિધ રાજ્યોના શિક્ષણમંત્રીશ્રીઓ, NEP-2020ની ડ્રાફ્ટિંગ કમિટીના ચેરમેન ડૉ. કે. કસ્તુરીરંગન સહિતના શિક્ષણવિદો, ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહભાગી થયા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રનાં બાળકો અને આવનારી પેઢીને આવું સમયાનુકૂળ શિક્ષણ આપવાની પ્રતિબદ્ધતા સાથે આ નવી શિક્ષણ નીતિ આપી છે. સૌને સમાન અને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ આપવાના રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ધ્યેયને સિદ્ધ કરવા સમગ્ર દેશ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કાર્ય કરી રહ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં આઠ વર્ષના કાર્યકાળમાં દેશમાં અનેક નવી પહેલ થઈ છે, નવી શિક્ષણ નીતિ તેમાંની એક છે. આ નીતિને પરિણામે દેશના યુવાનોને ઉચ્ચ શિક્ષણ પણ માતૃભાષામાં મળતું થશે.

દેશમાં શિક્ષણ પાછળ થતો ખર્ચ લગભગ બમણો કરવામાં આવ્યો છે, સાથે-સાથે કૌશલ્યવર્ધન ઉપર પૂરતું મહત્ત્વ અપાયું છે અને દેશના ૧.૩૪ કરોડ યુવાનોનું કૌશલ્યવર્ધન થયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન દીકરીઓના શિક્ષણને વેગ આપવા યોજેલા શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા તેમજ ગુણોત્સવ કાર્યક્રમોનાં મળેલાં ઉત્કૃષ્ટ પરિણામોની સફળતાની વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલીકરણમાં ગુજરાતને અગ્રેસર રાખવાની નેમ વ્યક્ત કરી હતી.

તેમણે કહ્યું કે, કોરોનાકાળમાં વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય ખોરવાઈ ન જાય તે માટે ગુજરાતે પહેલ કરીને હોમ લર્નિંગ કાર્યક્રમ અંતર્ગત








'ગુજરાત ઈ-ક્લાસ' નામની યુ-ટ્યુબ ચેનલ શરૂ કરી હતી. તેને યુ-ટ્યુબ સિલ્વર એવોર્ડ મળ્યો છે. રાષ્ટ્રીય ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે કાર્યરત 'દીક્ષા' પ્લેટફોર્મના ઉપયોગમાં પણ ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, છેલ્લાં ત્રણ વર્ષમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત ૧૬,૦૦૦ જેટલા સ્માર્ટ વર્ગખંડો શરૂ થયા છે. માઇક્રોસોફ્ટ ટીમ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં ૬ કરોડથી પણ વધુ વર્ચ્યુઅલ ક્લાસરૂમ લેવામાં આવ્યા છે, જેમાં ગુજરાત સમગ્ર વિશ્વમાં ત્રીજા ક્રમે છે. મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ તરીકે રાજ્યની ૧૫,૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓને કાર્યરત કરવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતની આગવી પહેલ એવા વિદ્યા સમીક્ષા કેન્દ્રની વિશેષતાઓની વિસ્તૃત છણાવટ કરી હતી. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, ડેટા એનાલિસિસની ઉપયોગિતા તેમજ વિદ્યાર્થી અને શિક્ષકોની હાજરી, શાળાનું ગ્રેડેશન, સત્રાંત પરીક્ષા, યુનિટ ટેસ્ટ વગેરે કાર્યવાહીની વિગતો તેમણે આપી હતી. ગુજરાતની શિક્ષણ ક્ષેત્રે આવી આગવી પહેલોને પરિણામ સ્વરૂપ વર્લ્ડ બેંક અને એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર બેંક જેવી સંસ્થાઓએ ફંડની ફાળવણી કરી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે ગુજરાતમાં આયોજિત બે દિવસીય કોન્ફરન્સમાં દેશભરના શિક્ષણમંત્રીશ્રીઓ, શિક્ષણવિદો મંથન કરવાના છે ત્યારે શિક્ષણ ક્ષેત્રને વધુ સુદૃઢ કરવાનું વિચાર અમૃત આ કોન્ફરન્સ ઘડી આપશે તેવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય શિક્ષણમંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે, શાળાશિક્ષણ

- **મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ તરીકે રાજ્યની ૧૫ હજાર સરકારી પ્રાથમિક શાળાઓને કાર્યરત કરવામાં આવશે.**

**– મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**

એ જ્ઞાનઆધારિત સમાજનો પાયો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) નો ઉદ્દેશ સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા તેમજ દરેક માટે શિક્ષણને સુલભ બનાવવાનો છે. આપણે આઝાદીના અમૃત કાળમાં છીએ, ત્યારે વૈશ્વિક કલ્યાણ માટે પ્રતિબદ્ધ એવા જ્ઞાન અર્થતંત્ર તરીકે ભારતને સ્થાપિત કરવા માટે આગામી ૨૫ વર્ષ આવનાર પેઢી માટે ખૂબ જ નિર્ણાયક રહેશે. ભારત એક સંસ્કૃતિ છે જે વસુધૈવ કુટુમ્બકમમાં માને છે અને આપણે એ સમજવું જોઈએ કે આપણી પાસે માત્ર આપણા રાષ્ટ્રની જ નહીં, પરંતુ વિશ્વકલ્યાણની પણ જવાબદારી છે.

મંત્રીશ્રી અનુરોધ કર્યો હતો કે આપણે ૨૧મી સદીની તકો અને પડકારો માટે તૈયારી કરીએ છીએ, ત્યારે આપણે આપણી શિક્ષણ અને કૌશલ્યની ઇકોસિસ્ટમને વધુ મજબૂત કરવા ટેક્નોલોજીનો મહત્તમ લાભ લેવો જોઈએ. તેમણે પૂર્વ-શાળાથી માધ્યમિકને આવરી લેતા NEPના 5+3+3+4 અભિગમ, ECCE પર ભાર, શિક્ષક પ્રશિક્ષણ અને પુખ્ત શિક્ષણ, શાળાશિક્ષણ સાથે કૌશલ્યવિકાસનું એકીકરણ અને જે તે રાજ્યોને પોતાની માતૃભાષામાં શિક્ષણને પ્રાધાન્ય આપવા પર ભાર મૂક્યો હતો.

મંત્રીએ કહ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સરકાર અગામી સમયમાં PM શ્રી શાળાઓની સ્થાપના કરવા જઈ રહી છે જે વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવા સંપૂર્ણ રીતે સજ્જ હશે. આ અદ્યતન શાળાઓ NEP 2020ની એક આધુનિક પ્રયોગશાળા હશે. તેમણે PM શ્રી શાળાઓના રૂપમાં ભાવિ બેન્ચમાર્ક મોડેલ બનાવવા માટે તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અને સમગ્ર શિક્ષણ ઈકોસિસ્ટમ પાસેથી સૂચનો અને પ્રતિસાદ માંગ્યાં હતાં.



મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ કોન્ફરન્સમાં સંરચિત અને પરિણામ આધારિત ચર્ચાઓમાં તમામ રાજ્યના શિક્ષણમંત્રીઓ પાસેથી અનુભવ અને જ્ઞાનની વહેંચણી, NEP 2020ની અનુરૂપ, શિક્ષણના લેન્ડસ્કેપમાં પરિવર્તન તરફ એક ડગલું આગળ લઈ જશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું કે NEP 2020ના સુચારુ અમલીકરણ માટે આજે દેશમાં સૌથી વધુ ચર્ચા-ચિંતન થઈ રહ્યું છે ત્યારે આ કોન્ફરન્સ સમગ્ર દેશમાં શિક્ષણપ્રણાલીને વધુ મજબૂત બનાવવા માઈલસ્ટોન સાબિત થશે.

કેન્દ્રીય શિક્ષણમંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા આ રાષ્ટ્રીય સંમેલનનું ગુજરાતમાં યજમાનપણું

આપવા બદલ ગૌરવની અનુભૂતિ વ્યક્ત કરતાં ગુજરાતના શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ કહ્યું હતું કે, 'નેશનલ કોન્ફરન્સ ફોર સ્કૂલ એજ્યુકેશન મિનિસ્ટર્સ' કાર્યક્રમ ટેક્નોલોજીની મદદથી શિક્ષણ ક્ષેત્રને નવી ઊંચાઈ પર લઈ જવા, નવી શિક્ષણ નીતિના અસરકારક અમલીકરણ તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નયા ભારતની કલ્પનાને સાકાર કરવાની દિશામાં મહત્ત્વનું પગલું સાબિત થશે.



મંત્રીશ્રી વાઘાણીએ કહ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ તજજ્ઞો દ્વારા અભ્યાસપૂર્વક તૈયાર કરવામાં આવેલી નીતિ છે, જેના અમલીકરણથી સમાજમાં આપણે નવો બદલાવ જોઈ શકીશું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - દેશની આવતીકાલ અને નવા ભારતનો મહત્ત્વનો દસ્તાવેજ સાબિત થશે, જેનું અમલીકરણ આપણા સૌની જવાબદારી છે. સમાજ માટે આપણું સૌથી મોટું દાયિત્વ શિક્ષણ છે અને આ દાયિત્વ સંપૂર્ણ નિષ્ઠા સાથે નિભાવવામાં નવી શિક્ષણ નીતિ સુવર્ણ પગલું બનશે.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે વિઝન સાથે ગુજરાતમાં લીધેલા નિર્ણયોએ આજે ગુજરાતને દેશના રોલમોડેલ તરીકે પ્રસ્થાપિત કર્યું છે. મંત્રી શ્રી વાઘાણીએ ઉમેર્યું હતું કે, શિક્ષણ ક્ષેત્રને નવી ટોચ પર લઈ જવા માટે વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા અને સ્કૂલમાં ૧૦૦ ટકા એનરોલમેન્ટ માટેનો લક્ષ્યાંક પૂર્ણ કરવા ગુણોત્સવ, કન્યાકેળવણી તથા શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમોના વિઝનનો પણ સમાવેશ થાય છે.

શિક્ષણમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યના વિદ્યાર્થીઓને ગુણવત્તાલક્ષી શિક્ષણ મળે એ માટે અનેક યોજનાઓ અમલી બનાવવામાં આવી છે, જેમાં રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ ધરાવતી SSIP ૨.૦ (સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી)નો પણ સમાવેશ થાય છે. આ પોલિસીનો વ્યાપ વધારી હવે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પણ આવરી લેવામાં આવ્યા છે, જે અભ્યાસ દરમિયાન અને અભ્યાસ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓને નવા ઈનોવેશન માટે મદદરૂપ થઈ રહી છે.

કેન્દ્રીય શિક્ષણ સચિવ શ્રી અનીતા કરવાલે કહ્યું હતું કે, દેશનો એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે દેશભરનાં વિવિધ રાજ્યોમાં શિક્ષણની એકસૂત્રતા જળવાઈ રહે તે માટે પાયાના શિક્ષણને મિશન મોડ પર લાવીને શિક્ષણ આપવાનો છે, તે માટે આ કોન્ફરન્સમાં વિચારવિમર્શ કરાશે. તમામ રાજ્યો શિક્ષણ ક્ષેત્રે ટેક્નોલોજીનો ઉપયોગ કરી જ રહ્યાં છે તેને છેવાડાના વિદ્યાર્થી સુધી કેવી રીતે પહોંચાડાય તે માટેના સંનિષ્ઠ પ્રયાસો કરાશે. કેન્દ્ર સરકાર દ્વારા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલી બનાવાઈ છે તેનો દેશભરમાં સત્વરે અમલ કરીને સામાજિક ઉત્થાનના પ્રયાસો થકી વિદ્યાર્થીઓને શિક્ષણ અપાશે. લર્નિંગ એજ્યુકેશન, શિક્ષણની ક્ષમતા વધુ મજબુત થાય એ માટે શું કરી શકાય, લર્નિંગ કેપેસિટી, બાળકોનું ટ્રેકિંગ કેવી રીતે થાય, જેનાથી તેનું લેવલ જાણી શકાય તે માટે ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કેવી રીતે કરવો એ માટે આદાનપ્રદાન આ કોન્ફરન્સમાં થશે, જેના થકી શિક્ષણ વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવાશે. મહાત્મા મંદિર ખાતે નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ના ડ્રાફ્ટિંગ કમિટીના ચેરમેન શ્રી કે. કસ્તૂરીરંગન દ્વારા NEP-૨૦૨૦ના ઉદ્દેશ્યો રજૂ કર્યા હતા. આ ઉપરાંત શાળા શિક્ષણ અંતર્ગત 'ગુજરાત શોકેસિંગ ધ બેસ્ટ પ્રેક્ટિસિસ, ભારત સરકાર દ્વારા અમલી NEP-૨૦૨૦ની વર્તમાન સ્થિતિ તેમજ નેશનલ એજ્યુકેશનલ ટેક્નોલોજી ફોરમ અને નેશનલ ડિજિટલ એજ્યુકેશન આર્કિટેકચર વિષય પર વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરાયાં હતાં.

કોન્ફરન્સમાં દિવસ દરમિયાન કેન્દ્રીય શિક્ષણમંત્રીશ્રી સહિત વિવિધ રાજ્યોના શિક્ષણમંત્રીશ્રીઓ વચ્ચે સંવાદ યોજાયો હતો, જેમાં રોલ આઉટ એન્ડ પ્રોગ્રેસ ઓફ NEP-૨૦૨૦ ઈમ્પ્લિમેન્ટેશન, સ્ટેટ કરિક્યુલમ ફ્રેમવર્ક (SCF) પ્રિપરેશન, શેરિંગ ઓફ સ્ટ્રેટિજિક ફોર લર્નિંગ રિકવરી આફટર સ્કૂલ રિઓપનિંગ, ફાઉન્ડેશનલ લિટરસી એન્ડ ન્યુમેરસી એન્ડ વિદ્યા પ્રવેશ, સ્કિલ્સ ઈન સ્કૂલ્સ અને સ્ટુડન્ટ રજિસ્ટ્રી એન્ડ NDEAR જેવા વિષયો ઉપર તજજ્ઞો દ્વારા વિચારવિમર્શ યોજાયો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી શ્રી અન્નપૂર્ણા દેવી, કેન્દ્રીય કૌશલ્યમંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખર, રાજ્યના શિક્ષણ રાજ્યમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, શ્રી કીર્તિસિંહ વાઘેલા, શિક્ષણસચિવ શ્રી વિનોદ રાવ, રાષ્ટ્રીય શિક્ષા નીતિ ડ્રાફ્ટિંગ કમિટીના ચેરમેન શ્રી કે. કસ્તુરીરંગન, રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના શિક્ષણમંત્રીશ્રીઓ, સચિવશ્રીઓ તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

- **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - દેશની આવતી કાલ અને નવા ભારતનો મહત્ત્વનો દસ્તાવેજ સાબિત થશે**
- **આ કોન્ફરન્સ ટેક્નોલોજીની મદદથી શિક્ષણ ક્ષેત્રને નવી ઊંચાઈ પર લઈ જવા, રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસરકારક અમલીકરણ તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નયા ભારતની કલ્પનાને સાકાર કરવાની દિશામાં મહત્ત્વનું પગલું સાબિત થશે**

**- શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી**

### શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તનના કાર્યને વધાવી લેતા મહાનુભાવો

# વિવિધ રાજ્યોના શિક્ષણમંત્રીશ્રીઓએ વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધી

ગાંધીનગરના આંગણે દેશનાં રાજ્યોનાં શિક્ષણમંત્રીશ્રીઓનું રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. આ સંમેલન ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજ્યુકેશન એન્ડ લિટરસી, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી અને ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં હાજર રહેલા કેન્દ્રીય શિક્ષણમંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રીઓ, સમગ્ર ભારતમાંથી પધારેલા વિવિધ રાજ્યોના શિક્ષણમંત્રીશ્રીઓ, શિક્ષણસચિવશ્રીઓ સહિત અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અલગ-અલગ ચાર જૂથમાં વહેંચાઈને ગાંધીનગરના સેક્ટર-19 સ્થિત વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ વેળાએ રાજ્યના શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી તેમજ રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર અને શ્રી કીર્તિસિંહ વાઘેલાએ સહભાગી થઈ વિસ્તૃત વિગતો પૂરી પડી હતી.

કેન્દ્રીય શિક્ષણમંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનની આગેવાની હેઠળના જૂથમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રીશ્રી તેમજ મણિપુર, ગોવા, બિહાર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ત્રિપુરા, આસામ, હિમાચલ પ્રદેશ અને હરિયાણા રાજ્યના શિક્ષણમંત્રીશ્રીઓ ઉપરાંત શિક્ષણ વિભાગના સચિવશ્રીઓ તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે શિક્ષણસચિવ શ્રી વિનોદ રાવ દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રની કાર્યપ્રણાલી દ્વારા ટેક્નોલોજી અને ઓનલાઇન શિક્ષણ દ્વારા દરેક વિદ્યાર્થીની શીખવાની પ્રગતિ અને ગ્રેડ યોગ્ય શિક્ષણ પરિણામો, ઓનલાઇન વિદ્યાર્થીઓની હાજરી(એટેન્ડન્સ સિસ્ટમ), વિદ્યાર્થી માટે નિદાન કસોટી અને ઓરલ રીડિંગ ફ્લુઅન્સી ટેક્નિક તેમજ ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમનો ઉપયોગ જણાવી વિસ્તૃત વિગતો આપી હતી.

દિલ્હીના નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રની કાર્યપ્રણાલી અંગે પ્રશંસા કરી હતી. માઇક્રોસોફ્ટ વર્ચ્યુઅલ ટીચિંગ, દીક્ષા, જી-શાલા, ટીમ્સ અને યુટ્યુબ જેવા વિવિધ નવીન પ્રકલ્પો તથા કોવિડ દરમિયાન વિદ્યાર્થીઓને અપાયેલી ઓનલાઈન શિક્ષણ અને તેના ડેટા વિશ્લેષણ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે વિવિધ સ્તરે શિક્ષણ વધારવામાં મદદ કરી તેનાથી સૌને વાકેફ કરવામાં આવ્યા હતા. શિક્ષણના હાર્દસમી એકમ કસોટી (PAT) અને સત્રાંત કસોટી (SAT) ના સ્કોર્સની નીપજરૂપ પ્રક્રિયાની સમજ આપવામાં આવી હતી. એકમ કસોટી દ્વારા વિદ્યાર્થીઓની સાથે શિક્ષકો અને આચાર્યને વિદ્યાર્થીઓના અધ્યયન સ્તર, શાળાઓના શિક્ષણસ્તરને સુધારવામાં મદદ કરે છે તે ફલશ્રુતિની વાત સદૃષ્ટાંત રજૂ કરાઈ હતી.

દિલ્હીના નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા ખાનગી શાળાઓને આ પ્રકારની પદ્ધતિ અપનાવવાથી કેવા પ્રકારનો અને કેટલો ફાયદો થયો તેની જાણકારી મેળવી હતી. નિદર્શન દરમિયાન ઉપસ્થિત થયેલા પ્રશ્નમાં ડેટા એનાલિસિસની સમગ્ર પ્રક્રિયા દરમિયાન શિક્ષકને કેટલો સમય ફાળવવો પડે અને ડેટાના આધારે વિદ્યાર્થીની શિક્ષણ ગુણવત્તા પર કેટલી અસર થાય તેનો સમાવેશ થયો હતો. આ બાબતને ધ્યાને રાખી ધોરણ ત્રણથી આઠના વિદ્યાર્થીઓના સ્કૂલિંગ ટુ લર્નિંગ દ્વારા તેના પરિણામ પર પડતી સકારાત્મક અસરને શીખવાના પરિણામ સાથે જોડી શકાય તે અંગે સૂચન કર્યું હતું.

આ કોન્ફરન્સમાં ગુણોત્સવ 2.0ની કાર્યપદ્ધતિની પણ ચર્ચા કરવામાં આવી અને કેવી રીતે શાળાઓનું ગ્રેડેશન કરવામાં આવે છે તે પદ્ધતિ સમજાવવામાં આવી હતી. મહાનુભાવો દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રની શૈક્ષણિક ગુણવત્તાની કાર્યપ્રણાલીની પ્રશંસા કરી અન્ય સંસ્થાઓ, જેવી કે ભાસ્કરાચાર્ય નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન એન્ડ જિયો-ઈન્ફોર્મેટિક્ટ્સ (BISAG-N), ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સેલન્સ (iACE) અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU)ની પણ મુલાકાત લીધી હતી.

આ મુલાકાત બાદ તમામ મહાનુભાવો વિદ્યા સમીક્ષા કેન્દ્રથી અભિભૂત થઈ ગુજરાતની ટીમ શિક્ષણને ખૂબ-ખૂબ અભિનંદન આપી પોતાનાં રાજ્યોમાં પણ આવી વ્યવસ્થા ઊભી કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. ●





## અમદાવાદને રૂ. 239 કરોડનાં વિકાસકામોની ભેટ આપતાં મુખ્યમંત્રી

# અમદાવાદના સમતોલ અને સર્વગ્રાહી વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ

વિકાસના રાહે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે. ગુજરાત ઘણાં બધાં ક્ષેત્રોમાં નંબર વન પર છે. ગુજરાતના નાગરિકોને પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. રાજ્યના સૌથી મોટા અને આર્થિક ગતિવિધિઓના કેન્દ્રસમાન અમદાવાદનો છેલ્લા બે દાયકામાં અદ્વિતીય વિકાસ થયો છે. આજે અમદાવાદ લિવેબલ અને લવેબલ શહેર બન્યું છે. અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારનો એકસરખી ગતિથી અને સમાન રીતે વિકાસ થઈ રહ્યો છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદને હેરિટેજ સિટીનું સન્માન અપાવી, શહેરને વૈશ્વિક ઓળખ અપાવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિ કરવાની દિશા આપી છે અને તેમના માર્ગદર્શનમાં ગુજરાતનો ઉત્તરોત્તર વિકાસ થઈ રહ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં અમદાવાદમાં રૂ. ૨૩૯ કરોડના અર્બન ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા. આ પ્રસંગે તેમણે શહેરીજનોને જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌનો સાથ - સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસથી આગળ વધવા માટે સતત પ્રોત્સાહન આપ્યું છે. કોઈપણ નાત-જાત અને ધર્મના નાગરિકો પણ વિકાસની કેડી પર સતત આગળ વધે તેવાં કાર્યો અને પ્રયાસો સતત હાથ ધરવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સુશાસનનાં આઠ વર્ષ પૂર્ણ થયાં છે. ગુજરાતને તો વડાપ્રધાનશ્રીના નેતૃત્વનો લાભ ૨૦ વર્ષથી મળી રહ્યો છે. મુખ્યમંત્રીશ્રી ઉમેર્યું હતું કે કોવિડની મહામારીમાંથી ભારતદેશને મુક્ત કરાવવામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગવી પહેલ સ્વરૂપે દેશના નાગરિકોને ફ્રી રસી આપવાનું વચન પૂર્ણ કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી જણાવ્યું હતું કે જેમની પાસે ઘર ના હોય અથવા નાના કે ઝૂંપડપટ્ટીમાં રહેતા નાગરિકોને પોતીકું ઘર એટલે શું તેની ખબર હોય છે. આ નાગરિકો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત શહેરમાં ઘરના ઘરનું સપનું સાકાર થયું છે. મહાનગરપાલિકા દ્વારા આ મકાનોમાં લાઇટ, પાણી, ગેસ જેવી તમામ પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર રાજ્યના નાગરિકો માટે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા ક્ષેત્રે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે હરહંમેશ કટિબદ્ધ છે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.




આ વિકાસકાર્યોમાં નરોડા વિસ્તાર રૂ. ૧૦૩ કરોડના ખર્ચે તૈયાર થયેલા નિર્મિત ઓવર-બ્રિજ અને રૂ. ૧૭ કરોડના ડ્રેનેજ પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું હતું, જ્યારે રૂ. ૧૧૯ કરોડના ૪ પ્રોજેક્ટના ખાતમુહૂર્ત કર્યાં હતાં, જેમાં, રૂ. ૫૫ કરોડના હાઉસિંગ પ્રોજેક્ટ, રૂ. ૫૩ કરોડના સુએજ પ્રોજેક્ટ, રૂ. ૭ કરોડના વોટર ડિસ્ટ્રિબ્યુશન પ્રોજેક્ટ અને રૂ. ૪ કરોડના મલ્ટિપર્પઝ હોલ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમારે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ સમગ્ર દેશ વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. કોરોના જેવા કપરા સમયમાં પણ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા વિકાસની ગતિ અટકી નથી અને સતત અમદાવાદ શહેરના નાગરિકોની જનસુખાકારી માટે વિકાસનાં કામો હાથ ધરીને રૂ. ૨૩૯ કરોડના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે જણાવ્યું કે, દેશ અને રાજ્ય વિકાસની કેડી પર અવિરતપણે આગળ વધી રહ્યો છે ત્યારે ગુજરાતના કરોડો નાગરિકો માટે સુશાસન એ નિકાસનો પર્યાય સાબિત થયો છે. ગુજરાતે હંમેશાં છેવાડાના માનવીની ચિંતા કરી છે. આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત બને તેવા સતત પ્રયત્ન હાથ ધરવામાં આવી રહ્યા છે.

આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર શ્રી લોચન શહેરા, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય સર્વશ્રી બલરામ થાવાણી, પ્રદીપસિંહ જાડેજા, સુરેશભાઈ, પદાધિકારીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ઉત્તર ગુજરાતના પ્રથમ આઇકોનિક બસપોર્ટનું લોકાર્પણ



**રૂ. ૧૧૮ કરોડના ખર્ચે નિર્માણ થનારા વડગામ તાલુકાના સીસરાણા ૨૨૦ કે.વી. સબસ્ટેશનનું મુખ્યમંત્રીશ્રીએ ઈ-ભૂમિપૂજન કર્યું**

રાજ્યના મોટાભાગના વિસ્તાર અને બહુધા વસતિને પોતાની સેવાથી આવરી લેતી એસ.ટી. બસસેવાએ દરેક પરિસ્થિતિમાં નાગરિકોની સેવા કરી છે. રાજ્ય એસ.ટી. સેવાને સમયની સાથે વધુ ને વધુ આધુનિક બનાવવાના રાજ્ય સરકારના નિર્ધારને મૂર્તિમંત કરવા એક પછી એક કાર્યો કરવામા આવી રહ્યાં છે, જેમાં વધુ બસ, સારી બસની સાથે મુસાફરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બસસ્ટેશનને સજ્જ કરવામાં આવી રહ્યા છે. ગુજરાતે બસસ્ટેશનને અપગ્રેડ કરીને એરપોર્ટ જેવા બનાવવાની દિશામાં આગેકદમ કર્યું છે, જેના ભાગરૂપે પાલનપુરમાં રૂ. ૩૭ કરોડના ખર્ચે તૈયાર થયેલા આઇકોનિક બસપોર્ટનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પણ કર્યું હતું. આ સાથે, જિલ્લાના વધતા જતા ઔદ્યોગિકીકરણ અને કૃષિ ક્ષેત્રના વિકાસને ધ્યાનમાં રાખીને વડગામના સીસરાણામાં ૨૨૦ કે.વી. સબસ્ટેશનનું વડગામમાં વર્ચ્યુઅલ ભૂમિપૂજન કર્યું હતું. આ સબસ્ટેશનથી ૧.૨૦ લાખ વીજગ્રાહકોને નિયમિત વીજપુરવઠો મળશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ એસ.ટી. દ્વારા રાજ્યમાં આવા અદ્યતન સુવિધાસભર સાત આઇકોનિક બસપોર્ટ પી.પી.પી. ધોરણે નિર્માણ થઈને પેસેન્જર સેવામાં કાર્યરત છે અને ૧૦ સેટેલાઇટ બસપોર્ટ નિર્માણાધીન છે. જે પૈકીના એક બસપોર્ટ પાલનપુર ખાતે તૈયાર કરવામા આવ્યું છે. આ બસપોર્ટ ૨૯,૭૦૦ ચોરસ મીટર વિસ્તારમાં તૈયાર કરવામાં આવ્યું છે.

પાલનપુર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં કાર્યરત રાજ્ય સરકાર લોકહિત, જનકલ્યાણ અને અંત્યોદયનાં કાર્યોને પ્રાધાન્ય આપે છે. ગામડાંમાં સારા રસ્તા, સારી આરોગ્ય સેવા, પૂરતી વીજળી આપીને આપણે આ ત્રણેય ક્ષેત્રોમાં અનેક વિકાસકામો વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં કર્યાં છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

સામાન્ય માનવી, ગરીબ અને છેવાડાના લોકોને સુવિધા સરળતાથી મળે તેવો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈનો નિર્ધાર આઠ વર્ષોના તેમના સુશાસનમાં પાર પડ્યો છે તેમ મુખ્યમંત્રીશ્રીએ દૃઢતાપૂર્વક જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના મહામારી દરમિયાન એસ.ટી. નિગમના કર્મચારીઓએ આપેલી સેવાઓની સરાહના કરતાં કહ્યું કે, ૨૩ હજાર બસ દ્વારા ૬.૯૯ લાખ મુસાફરોને લાભ આપનારા એસ. ટી.ના આ સેવકો અભિનંદનને પાત્ર છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ઘરે-ઘરે વીજળી પહોંચાડવાની રાજ્ય સરકારની સફળતાની વિસ્તૃત છણાવટ મુખ્યમંત્રીશ્રીએ કરી હતી.

૧૯૬૦માં ગુજરાત અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું, ત્યારથી ૨૦૦૨ સુધીમાં ૭૦૨ વીજ સબસ્ટેશન બન્યાં હતાં. બે દાયકામાં રાજ્યમાં ૧૫૪૯ નવાં વીજ સબસ્ટેશન બન્યા છે એટલે કે દર વર્ષે એવરેજ ૭૮ વીજ સબસ્ટેશનોનું નિર્માણ થાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતને પરિવહન અને ઊર્જા એમ બંને ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની પ્રતિબદ્ધતા મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાને એરપોર્ટની સુવિધા જેવા બસપોર્ટની આજે ભેટ આપીને જિલ્લાની તસવીર બદલી નાખી છે. આ અવસરે અન્ન નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, બનાસકાંઠાના સંસદસભ્ય શ્રી પરબતભાઈ પટેલ, પાટણના સાંસદસભ્ય શ્રી ભરતસિંહ ડાભી, રાજ્યસભાના સાંસદ શ્રી દિનેશભાઈ અનાવાડિયા, અગ્રણીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ઝાલાવાડ બિઝનેસ કોન્ક્લેવ બનશે સુરેન્દ્રનગરની પ્રગતિનું દ્વાર



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સુરેન્દ્રનગર ખાતે આયોજિત ત્રિ-દિવસીય ઝાલાવાડ બિઝનેસ કોન્ક્લેવ-૨૦૨૨ના બીજા સંસ્કરણનો તાજેતરમાં પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના દૂરંદેશી અને સતત પ્રયાસોના પરિણામે ગુજરાત આજે ઔદ્યોગિક વિકાસનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. આ પ્રયાસોના પરિણામે જ આજે દેશમાં બિઝનેસ કરવા માટે સૌથી વધુ પસંદગીનાં રાજ્યોમાં ગુજરાત અગ્રક્રમે છે. ઝાલાવાડ બિઝનેસ કોન્ક્લેવ થકી સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ ઝડપી બનશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ કોન્ક્લેવનું આયોજન ઝાલાવાડ ફેડરેશન ઓફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર વેપાર-ઉદ્યોગોના વિકાસ માટે તેમને કૌશલ્યયુક્ત માનવસંસાધનોની સરળ ઉપલબ્ધિ, આંતરમાળખાકીય સુવિધાઓનો સતત વિકાસ, પ્રક્રિયાના સરળીકરણ સહિતનાં ક્ષેત્રોમાં સતત સુધારાઓ લાવી રહી છે, જેનાં પરિણામે કોરોના મહામારીનાં કારણે ઉદ્યોગ-ધંધાઓને વિપરીત અસર છતાં આર્થિક ક્ષેત્રમાં દેખાવની રીતે ગુજરાત દેશમાં ટોચ પર છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં આર્થિક પ્રવૃત્તિઓના વિકાસ માટે લીધેલા વાઇબ્રન્ટ સમિટના આયોજન સહિતનાં પગલાં અને તેનાં સુફળ વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે બે દાયકા પહેલાં રાજ્યમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની સંખ્યા ૨.૭૪ લાખ હતી, જે આજે વધીને ૮ લાખ જેટલી થઈ છે. વર્ષ ૨૦૦૨માં ઇન્ડસ્ટ્રિયલ આઉટપુટ ૧.૨૭ લાખ કરોડ હતું, જે આજે વર્ષ ૨૦૨૨માં વધીને ૧૬.૧૯ લાખ કરોડ થવા પામ્યું છે. કેટલાક કિસ્સાઓમાં ક્લોઝર નોટિસથી એકમોને પડતી મુશ્કેલીઓ અંગેની રજૂઆતો સરકારના ધ્યાને આવી છે તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે ગુજરાતમાં ઔદ્યોગિક અને વેપારી પ્રવૃત્તિઓના સંચાલન અને વિકાસ માટે શ્રેષ્ઠ વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે અને તે દિશામાં અવિરત પ્રયાસો યથાવત્ રહેશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દેશને પાંચ ટ્રિલિયન ડોલરની ઇકોનોમી બનાવવાના સ્વપ્નને પૂર્ણ કરવામાં ગુજરાત તેના ઉદ્યોગ સાહસિકોની મદદથી આગળ રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

સુરેન્દ્રનગર જિલ્લામાં રહેલી તકો વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં કૃષિઆધારિત ઉદ્યોગોના વિકાસની વિપુલ સંભાવના છે ત્યારે સરકાર દ્વારા ટેક્સટાઇલ પાર્કની સ્થાપના જેવા પ્રકલ્પો વિકસાવવા માટે પૂરતા પ્રયાસો કરવામાં આવશે.

આ પ્રસંગે કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઝાલાવાડ બિઝનેસ કોન્ક્લેવ એક આવકારદાયક નવીન પહેલ છે, જે વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે સુરેન્દ્રનગર જિલ્લાને પ્રગતિ માટે એક સુંદર પ્લેટફોર્મ પૂરું પાડશે. ગુજરાત રાજ્ય વિદેશી મૂડીરોકાણ ક્ષેત્રે અગ્રેસર છે તેમ જણાવતાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આજે દેશનાં અન્ય રાજ્યો આ વાઇબ્રન્ટ સમિટનું અનુકરણ કરી રહ્યા છે. સરકારે સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદાનાં નીર ઉપલબ્ધ કરાવતાં હવે આ પ્રદેશ હરિયાળો બનશે અને કૃષિપેદાશો આધારિત ઉદ્યોગોના વિકાસની અનેક તકો જિલ્લામાં સર્જાશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. ●

- **કોરોના મહામારીથી ઉદ્યોગ-ધંધાઓને વિપરીત અસર છતાં આર્થિક ક્ષેત્રે ગુજરાત દેશમાં ટોચ પર.**
- **બે દાયકામાં ગુજરાતમાં MSMEની સંખ્યા ૨.૭૪ લાખથી વધીને ૮ લાખ અને ઇન્ડસ્ટ્રિયલ આઉટપુટ ૧.૨૭ લાખ કરોડથી વધીને ૧૬.૧૯ લાખ કરોડ થયો.**
- **સુરેન્દ્રનગર જિલ્લામાં ટેક્સટાઇલ પાર્ક સહિતના કૃષિ આધારિત પ્રકલ્પોના વિકાસમાં સરકાર મદદ કરશે.**
- **દેશને પાંચ ટ્રિલિયન ડોલરની ઇકોનોમી બનાવવાના વડાપ્રધાનશ્રીના સ્વપ્નને પૂર્ણ કરવામાં ગુજરાત તેના ઉદ્યોગ સાહસિકોની મદદથી સૌથી આગળ રહેશે.**

**- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

# સાબરકાંઠામાં પાણીની સમસ્યા દૂર કરવા જૂથ પાણીપુરવઠા યોજના



'ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશિતા અને સતત સફળ પ્રયાસોના પરિણામે ગુજરાત આજે 'હર ઘર જલ'નું સ્વપ્ન સાકાર કરી રહ્યું છે. આજથી બે દાયકા પહેલાં પાણીનો પોકાર સાંભળવા મળતો હતો, તે આજે મહદ્ અંશે દૂર થયો છે. રાજ્ય સરાકારના પ્રયાસોના પરિણામે આજે અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટામાં ઘર-ઘર સુધી પાણીનું વ્યવસ્થાપન થયું છે', એમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં ખેડબ્રહ્મા ખાતે પાણીપુરવઠા વિભાગની રૂ. ૫૩૬.૭૮ કરોડની વિવિધ જૂથ પાણીપુરવઠા યોજનાનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત પ્રસંગે જણાવ્યું હતું. સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્માની આર્ડેક્તા કોલેજ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સાબરકાંઠા જિલ્લામાં પાણીપુરવઠા હસ્તકની રૂ. ૧૩૬.૪૩ કરોડના ખર્ચે પૂર્ણ કરાયેલી યોજનાઓનું લોકાર્પણ, જ્યારે રૂ. ૪૦૦ કરોડના ખર્ચે નવી આકાર પામનાર વિવિધ જૂથ યોજનાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ધરોઈ, વણજ ડેમ તથા નર્મદા મુખ્ય નહેર આધારિત આ મહત્ત્વની યોજનાથી હિંમતનગર અને તલોદ શહેર તથા ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના અને પ્રાંતિજનાં ૪૧૯ ગામોના ૧૭.૧૫ લાખ લોકોને પીવાના પાણીનો લાભ મળશે.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ સરકાર છેવાડાના માનવી સુધી કેવી રીતે પહોંચી શકે તેવા તમામ પ્રયાસો કર્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં વિકાસની રાજનીતિનો યુગ શરૂ થયો છે અને વિકાસ કોને કહેવાય એ આજે દેશ અને દુનિયા જોઈ રહી છે. આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે અને ટીમ ગુજરાત આ ગ્રોથ એન્જિનને આગળ વધારવાનો સતત પ્રયાસ કરી રહી છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

પ્રાકૃતિક ખેતી અંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીના દીર્ઘદ્રષ્ટા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના સૌ નાગરિકોના સ્વાસ્થ્યની ચિંતા કરી છે અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીને વધુ વેગવંતી બનાવવા માટે તમામ પ્રકારના પ્રયાસો રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના માર્ગદર્શનમાં કરવામાં આવી રહ્યા છે. ગુજરાતે તો ડાંગ જિલ્લાને પ્રથમ પ્રાકૃતિક ખેતી કરનાર જિલ્લો પણ જાહેર કરી દીધો છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

વિચરતી જાતિ માટે થયેલાં વિકાસકાર્યોની રૂપરેખા આપતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે વિચરતી જાતિના લોકોનું પણ વિશેષ ધ્યાન રાખ્યું છે. વિચરતી જાતિના લોકો જે હરીફરીને પોતાનું ગુજરાન ચલાવતા રહે છે એ લોકોને રાજ્ય સરકારે પાકાં મકાનો બનાવી આપ્યાં છે અને તેમનાં છોકરાંઓને શિક્ષિત અને દીક્ષિત કરવાનું કામ પણ આ રાજ્ય સરકારે કર્યું છે.

ગુજરાતના વિકાસને ગતિ શ્રી નરેન્દ્રભાઈએ આપી છે તેને આ સરકાર 'સૌનો સાથ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'થી આગળ ધપાવી રહી છે એમ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ શરૂ કરેલી 'નલ સે જલ' યોજનાના ભગીરથ પ્રયાસના ભાગરૂપે રૂપિયા ૫૩૬ કરોડના ખર્ચે સાબરકાંઠા જિલ્લામાં આ યોજનાના કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર છેવાડાના માનવી સુધી વિકાસનાં કામો તથા વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચાડી રહી છે. આ પ્રસંગે રાજ્યસભાનાં સાંસદ શ્રી રમીલાબહેન બારાએ જણાવ્યું હતું કે, આ સરકાર આદિવાસીઓનું કલ્યાણ કરતી સરકાર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા 'નલ સે જલ' યોજના થકી પહાડી વિસ્તારો અને વનવિસ્તારોમાં પણ પાણી પહોંચતું થયું છે.

આ અવસરે અન્ન નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, સાંસદ શ્રી દીપસિંહ રાઠોડ, ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લાના વરિષ્ઠ અધિકારીશ્રીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# PM યશસ્વી યોજના એક ભારત - શ્રેષ્ઠ ભારતને સાકાર કરશે




કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને સશક્તીકરણ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલી PM યશસ્વી યોજનાનું લોન્ચિંગ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આઠ વર્ષના સફળ સુશાસનમાં સામાજિક ન્યાય અને સશક્તીકરણ એ સરકારનો કાર્યમંત્ર બની ગયો છે.

સર્વસમાવેશી-સર્વગ્રાહી અને પારદર્શી સુશાસનનું ઉત્તમ ઉદાહરણ આઠ વર્ષમાં લોકોએ જોયું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે સમાજના વંચિત, પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગ અને ડી-નોટિફાઈડ જનજાતિનાં બાળકો-વિદ્યાર્થીઓને વિવિધ શિક્ષણ સહાય યોજનાનો લાભ અંડર વન અમ્બ્રેલા આપવાની પહેલ વડાપ્રધાને કરી છે.

એટલું જ નહીં દેશના લાખો વિદ્યાર્થીઓના યોગ્ય શિક્ષણ તેમજ કારકિર્દી ઘડતર માટે આ યોજના ખૂબ જ ઉપયોગી બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તીકરણ મંત્રી શ્રી ડૉ. વીરેન્દ્ર કુમાર તથા રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, રાજ્ય કક્ષાના મંત્રી શ્રી આર. સી. મકવાણા અને કેન્દ્ર સરકારના સચિવશ્રીઓની ઉપસ્થિતિમાં આ યોજનાનું લોન્ચિંગ કર્યું હતું.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, આ PM યશસ્વી યોજનાને પરિણામે વિદ્યાર્થીઓને સહાય સ્કોલરશિપ માટે સિંગલ પોઈન્ટ કોન્ટેક્ટ સહાય મળતી થશે. સાથોસાથ દેશભરમાં મૂળભૂત અભ્યાસક્રમ અને શિક્ષણનાં ધોરણો જાળવવામાં મહત્ત્વપૂર્ણ મદદ થશે.

મુખ્યમંત્રીએ શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષાને વિકાસના મુખ્ય આધાર ગણાવતાં જણાવ્યું કે, ગુજરાત દરેક બાળક, યુવાનને ઉત્તમ શિક્ષણ આપી શિક્ષણ ક્ષેત્રે પણ રોલમોડેલ બનાવવાની નેમ રાખે છે.

વડાપ્રધાનશ્રીએ જનહિતલક્ષી યોજનાઓના સેચ્યુરેશનનો નવતર વિચાર આપ્યો છે. ગુજરાતે સરકારની યોજનાઓ-પ્રોગ્રામોને ૧૦૦ ટકા લાભાર્થી સુધી પહોંચાડવાની નીતિ-રીતિ અપનાવી છે.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાં અત્યાર સુધીમાં ૩ લાખથી વધુ છાત્રોને રૂ. ૧૩૧૮ કરોડની સહાય અપાઈ છે. તેની પણ ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉમેર્યું કે, આ નવી PM યશસ્વી યોજના એક ભારત શ્રેષ્ઠ ભારતની નેમ પણ પાર પાડશે.

કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી વીરેન્દ્ર કુમારે 'PM - YASASVI' યોજના લોન્ચ કરતાં કહ્યું કે, સમાજ અને સરકારના સહયોગથી જ રાષ્ટ્ર આર્થિક અને સામાજિક રીતે સક્ષમ બનશે. આ યોજના વિદ્યાર્થીઓ શિક્ષણમાં આર્થિક સહાયતા પૂરી પાડવાની સાથે કૌશલ્ય વિકાસ થકી તેમનું સશક્તીકરણ કરી રોજગારવાંચ્છુક તરીકે નહીં, પરંતુ રોજગારદાતા તરીકે આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ સાબિત થશે.

મંત્રી શ્રી વીરેન્દ્ર કુમારે યોજના વિશે વધુ માહિતી આપતાં કહ્યું કે,વંચિત સમાજનાં વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે અને વિદ્યાર્થીઓના કલ્યાણ માટે 'PM - YASASVI' (PM YOUNG ACHIEVERS SCHOLARSHIP AWARD SCHEME FOR VIBRANT INDIA FOR OBCs & Others) યોજના લોન્ચ કરવામાં આવી છે, જે અંતર્ગત કેન્દ્ર સરકારના ૬૦ ટકા અને રાજ્ય સરકારના ૪૦ ટકા ફાળાથી યોજનાનો અમલ વર્ષ ૨૦૨૨-૨૩થી વર્ષ ૨૦૨૫-૨૬ સુધી કરવામાં આવશે.

કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના સચિવ શ્રી આર સુબ્રમણ્યમે કહ્યું હતું કે, આ યોજનાથી અન્ય પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓના વિકાસ માટે નવું પ્રકરણ શરૂ કરી રહ્યા છીએ. આ યોજના વિદ્યાર્થીઓના શિક્ષણ અને કૌશલ્યવર્ધનમાં માઈલસ્ટોન સાબિત થશે.

મુખ્યમંત્રીશ્રી અને કેન્દ્રીય મંત્રી તેમજ મહાનુભાવોના હસ્તે રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમના લાભાર્થીઓને લોન સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં તથા પીએમ - યશસ્વી યોજના અંગેની પુસ્તિકાનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનાં એડિશનલ ચીફ સેક્રેટરી શ્રી સુનયના તોમર, કેન્દ્ર અને રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ સહિત એન.બી.સી.એફ.ડી.સીના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ●

## મેવાડા ક્રિકેટ કાર્નિવલ ૨૦૨૨માં CMની ઉપસ્થિતિ

'શ્રી વિશ્વકર્મા મેવાડા પ્રગતિ સમાજ' સંલગ્ન મેવાડા ક્રિકેટ ક્લબ, અમદાવાદ આયોજિત ‘મેવાડા ક્રિકેટ કાર્નિવલ ૨૦૨૨’માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત રહી રમતવીરોનો ઉત્સાહ વધાર્યો હતો.

અમદાવાદ નજીક ઓગણજ ખાતે આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રીશ્રીનું શ્રી વિશ્વકર્મા મેવાડા પ્રગતિ સમાજ અને મેવાડા ક્રિકેટ ક્લબના પ્રતિનિધિઓ અને આયોજકો દ્વારા સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કાર્નિવલનો પ્રારંભ કરાવ્યા બાદ ક્રિકેટ પીચ પર બેટિંગ કરવાનો આનંદ માણવાની સાથે ટુર્નામેન્ટને ખુલ્લી મૂકી હતી. આ ઉપરાંત, મહિલાઓ, બાળકો અને યુવાનો માટે પણ રમત-ગમત અને અન્ય સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ રમતવીરો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## ઋષિવન ડેરોલ ખાતે સ્વામી સચ્ચિદાનંદજીનું સન્માન



ક્રાંતિકારી પૂજ્ય સંત શ્રી પદ્મભૂષણ સ્વામી સચ્ચિદાનંદજી મહારાજના સન્માન તથા અભિવાદનનો કાર્યક્રમ તાજેતરમાં વિશ્વ પર્યાવરણ દિવસે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. આ કાર્યક્રમ સાબરકાંઠા જિલ્લાના તિરુપતિ ઋષિવન દેરોલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વૃક્ષારોપણ કરી પર્યાવરણપ્રેમીઓને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, "વિશ્વ પર્યાવરણના દિવસે આપણે સૌ પર્યાવરણના જતન માટે ભેગા થયા છીએ. વૃક્ષ વાવી પર્યાવરણની જાળવણી કરવાની છે પ્રકૃતિને જીવંત રાખવાની છે." મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગ્લોબલ વોર્મિંગના કારણે ઋતુઓ પણ બદલાતી જાય છે, પણ આપણી પાસે વિઝનરી લીડરશિપ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ, પર્યાવરણ માટે ખૂબ પ્રયાસો કર્યા છે અને ક્લાઈમેટ ચેન્જ માટે અલાયદો વિભાગ શરૂ કર્યો છે. સાથે સાથે વડાપ્રધાનશ્રીએ "એક સૂરજ એક વિશ્વ એક ગ્રીડ"નો મંત્ર આપ્યો છે. વિશ્વમાં સૂર્યઊર્જા - સોલાર ઊર્જાને પ્રોત્સાહન આપી ઐતિહાસિક નિર્ણયો કર્યા છે, જેમાં વિશ્વના વિકસિત દેશો પણ આ મુહિમમાં જોડાયા છે. આ કાર્યક્રમમાં ડૉ. જિતુભાઈ પટેલ દ્વારા લિખિત પુસ્તિકા ‘પ્રેરણા’નું મંત્રીશ્રી અને મહાનુભાવો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ મંત્રી શ્રી એ. કે. પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## આંતરરાષ્ટ્રીય હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટની મુલાકાત લેતાં CM

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટની ભાગોળે આકાર લઈ રહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા આંતરરાષ્ટ્રીય હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટની મુલાકાત લીધી હતી. સૌરાષ્ટ્રના પ્રથમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટનાં વિકાસકાર્યોની સંબંધિત અધિકારીઓએ વિગતવાર જાણકારી મુખ્યમંત્રીશ્રીને આપી હતી, જેમાં હેલિપેડ, રન-વે અને બ્રિજનિર્માણ, બોક્સ કલવર્ટ, ફાયરસ્ટેશન, એ.જી.એલ. સબ-સ્ટેશન, એમ.ટી. પુલ, એ.ટી.સી. સહિતની કામગીરીનો સમાવેશ થાય છે. આ પ્રસંગે વાહનવ્યવહાર મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવ ચૌધરી અને એરપોર્ટ ઓથોરિટીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## કલોલ ઇફ્કોના નેનો યુરિયા પ્લાન્ટની મુલાકાત લેતાં મુખ્યમંત્રી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જેનું ઉદ્‌ઘાટન કર્યું છે તે કલોલ સ્થિત ઇફકોના નેનો યુરિયા પ્લાન્ટની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુલાકાત લીધી હતી. આ આધુનિક પ્લાન્ટ અત્યારે ૧.૫ લાખ બોટલનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. આગામી સમયમાં દેશમાં આવા આઠ વધુ પ્લાન્ટ પણ શરૂ કરીને યુરિયા પરની વિદેશી નિર્ભરતા ઘટાડવાની વડાપ્રધાનશ્રીની નેમ છે. ખાતરમાં આ નેનો ટેક્નોલોજીમાં વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં આત્મનિર્ભરતા તરફ જે પગલું ભર્યું છે તે કેટલું મહત્ત્વનું છે તેની પ્રત્યક્ષ અનુભૂતિ મુખ્યમંત્રીશ્રીએ આ પ્લાન્ટની મુલાકાતથી કરી હતી. ૧૭૫ કરોડના રોકાણથી ઇફકો કલોલમાં કાર્યરત થયેલા આ પ્લાન્ટમાં ૫૦૦ મી.લી.ની ૧.૫ લાખ બોટલ પ્રતિદિન નેનો યુરિયાનું ઉત્પાદન થાય છે. મુખ્યમંત્રીશ્રીએ નેનો યુરિયાના સમગ્ર પ્લાન્ટની ગતિવિધિનું તેમજ કંટ્રોલ રૂમનું રસપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાતમાં મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, કલેક્ટર શ્રી કુલદીપ આર્ય તેમજ ઇફકો કલોલ પ્લાન્ટના વરિષ્ઠ ઇજનેરો જોડાયા હતા. ●

# ગુજરાતને નોલેજ એન્ડ આઉટસોર્સિંગનું હબ બનાવવા MoU



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ અને એનાલિટિક્સ બિઝનેસ સોલ્યુશન્સ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ વચ્ચે ગાંધીનગરમાં MoU કરવામાં આવ્યા છે. આ MoU અન્વયે આગામી પાંચ વર્ષમાં રૂ. ૨૫૦ કરોડના સૂચિત રોકાણ સાથે એનાલિટિક્સ સોલ્યુશન્સ રાજ્યમાં ૧૫૦૦થી ૨ હજાર જેટલા યુવાઓને IT અને ITES સેક્ટરમાં કૌશલ્યવર્ધનથી રોજગાર અવસર ઉપલબ્ધ કરાવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૃષ્ટિવંત નેતૃત્વમાં રાજ્ય સરકારે તાજેતરમાં IT અને ITES પોલિસી ૨૦૨૨-૨૭ જાહેર કરેલી છે. આ પોલિસીનો હેતુ રાજ્યમાં આ બંને ક્ષેત્રોમાં યુવાશક્તિના કૌશલ્યને નિખાર આપી રોજગારી તથા નાનામોટા MSME દ્વારા આત્મનિર્ભર બનાવવાનો છે. એટલું જ નહીં, એકાઉન્ટિંગ એન્ડ ફાઇનાન્સ, હેલ્થકેર, એવી એન્ડ ઇ.એસ. એસ, એચ.આર, ડેટા મેનેજમેન્ટ સર્વિસીસ જેવાં ક્ષેત્રોમાં IT અને ITESનો મહત્તમ ઉપયોગ કરવામાં આ નવી પોલિસીમાં પ્રોત્સાહનો જાહેર થયેલાં છે.

ગુજરાત સરકાર સાથે કરેલા આ MoU અંતર્ગત એનાલિટિક્સ બિઝનેસ સોલ્યુશન્સ રાજ્યની અગ્રણી યુનિવર્સિટીઝ સાથે ટાઈ-અપ કરીને ITES સેક્ટરમાં પ્રતિભાવાન યુવાઓ માટે વધુ રોજગાર સર્જન માટે કેરિયર કાઉન્સેલિંગ કરશે. આ MoU ૨૧મી સદીમાં ગુજરાતને આઉટસોર્સિંગ અને નોલેજનું મોટું હબ બનાવી આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના નિર્માણની દિશામાં મહત્ત્વપૂર્ણ બનશે.

રાજ્યના સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, શિક્ષણ રાજ્યમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર અને કંપનીના એમ.ડી સતીશ પટેલની ઉપસ્થિતિમાં આ MoU પર રાજ્ય સરકારના સાયન્સ-ટેક્નોલોજી સચિવ શ્રી વિજય નહેરાએ અને એનાલિટિક્સ બિઝનેસ સોલ્યુશન્સ વતી કંન્ટ્રી હેડ અને પ્રેસિડન્ટ શ્રી રાજીવ ભાટિયાએ હસ્તાક્ષર કર્યા હતા. ●

# દેશનું વિકાસ રોલમોડેલ ગુજરાત બન્યું છેઃ CM

અમદાવાદ ખાતે ABP ન્યુઝ ચેનલ આયોજિત 'અસ્મિતા મહાસંવાદ'માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના સુશાસનનાં આઠ વર્ષ પૂર્ણ થયાં છે. તેમના માર્ગદર્શનમાં ટીમ ગુજરાત રાજ્યના વિકાસની દિશામાં કાર્યરત રહેવા કટિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત વિકાસના રોલમોડલ તરીકે સમગ્ર દેશ અને દુનિયામાં પ્રસ્થાપિત થયું છે, તેના માટે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસલક્ષી રાજનીતિ જવાબદાર છે. વધુમાં તેમણે કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતનાં તમામ ક્ષેત્રોનો વિકાસ કર્યો છે. ગામડાંના છેવાડાના લોકો સુધી પાણી અને વીજળી જેવી પાયાની સુવિધાઓ પહોંચાડી છે, એટલું જ નહીં, વિશ્વના અનેક દેશોએ તેની નોંધ લીધી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા ક્ષેત્રે ગુજરાતે ખૂબ સારું કામ કર્યું. 20 વર્ષમાં ધોરણ 1 થી 8નો ડ્રોપઆઉટ રેશિયો 38%થી ઘટીને 3% થયો, જે શિક્ષણમાં આવેલું આમૂલ પરિવર્તન સૂચવે છે. વધુમાં તેમણે કહ્યું હતું કે ગુજરાત આજે નાણાકીય વ્યવસ્થાના માપદંડોમાં ટોપ પર છે. આપણે સૌ આત્મનિર્ભર ભારત તરફ આગળ વધવા સંકલ્પબદ્ધ બનીએ.

આ પરિસંવાદમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કોઈપણ પ્રકારના દુષ્કર્મના કેસમાં પીડિતને ઝડપી ન્યાય મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ સાથે, યુવાનો રમતગમત ક્ષેત્રમાં આગળ વધે તે હેતુથી નવી સ્પોર્ટ્સ પોલિસી લાવવામાં આવી. આ સાથે, રાજ્યમાં આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તૈયાર કરવામાં આવી રહ્યાં છે. પંચાયત રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ જણાવ્યું હતું કે, ગુજરાતનું પંચાયતી માળખું એ ત્રિસ્તરીય પંચાયતી માળખું છે ગામડાંઓમાં પાયાની કામગીરી વ્યવસ્થિત રીતે થાય તે દિશામાં આ માળખું કાર્યરત છે. 'પંચ ત્યાં પરમેશ્વર' એટલે કે ગામડાંના પ્રશ્નોનું ગામડાંના લોકો દ્વારા નિવારણ કરવામાં આવે તેવી વ્યવસ્થા પંચાયતના ત્રિસ્તરીય માળખામાં કરવામાં આવી છે. આગામી દિવસોમાં ગ્રામપંચાયતોને સુવિધા સંપન્ન કરવામાં આવશે, તેમજ દરેક યોજનાઓનો લાભ ગામડાંના નાગરિકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરાશે. આ પ્રસંગે વિવિધ રાજકીય તથા સામાજિક અગ્રણીઓ અને પત્રકારો સહિતના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ''એવોર્ડ ફોર એક્સલન્સ'' - રાજકોટે પ્રથમ સ્થાન હાંસલ કર્યું




સમગ્ર દેશમાંથી ''એવોર્ડ ફોર એક્સલન્સ'' મેળવનાર જિલ્લા તરીકે પ્રથમ ક્રમાંકે રાજકોટ જિલ્લાની પસંદગી કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર શ્રી અરૂણ મહેશ બાબુને દિલ્હી ખાતે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ એવોર્ડ માટે દેશભરના જિલ્લાઓમાં કાર્યરત પ્લાનિંગ પ્રોજેક્ટ્સનું મુલ્યાંકન નીતિ આયોગ, આઇ.આઇ.ટી. દિલ્હી અને આઇ.આઇ.ટી. ખડગપુરના નિષ્ણાંતો દ્વારા કરાયુ હતું. આ પ્રકારના પ્રોજેક્ટ માટે રાજકોટ જિલ્લાની સૌ પ્રથમ વખત પસંદગી કરવામાં આવી હતી. જેમાં રાજકોટ જિલ્લાની ગંગાસ્વરૂપા બહેનો, એઇડ્સ પીડિત દર્દીઓ, એલ.જી.બી.ટી. સમુદાય, આઇ.ટી.આઇ.ની લેબોરેટરીમાં ટ્રેઇનિંગ ઓફ ટ્રેઇનર્સ સહિતની બાબતો અંગે થયેલી કાર્યવાહીની વિશેષ નોંધ લઇને રાજકોટ જિલ્લાની આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી.

કેન્દ્ર સરકાર દ્વારા કાર્યરત મિનિસ્ટ્રી ઓફ સ્કિલ એન્ડ એન્ટરપ્રિન્યોરશીપ (MSDE) દ્વારા ડિસ્ટ્રીકટ સ્કીલ ડેવલોપમેન્ટ પ્લાનિંગ માટે એવોર્ડ ફોર એક્સલન્સ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧માં દેશભરમાંથી આશરે ૭૦૦ ડીસ્ટ્રીકટ સ્કીલ ડેવલોપમેન્ટ પ્લાન સબમિટ કર્યા હતા. જે અંતર્ગત રાજકોટ જિલ્લાનો 'ડીસ્ટ્રીકટ સ્કીલ ડેવલોપમેન્ટ પ્લાન' એવોર્ડ ફોર એક્સલન્સ માટે પસંદગી પામ્યો હતો. જેનાં ભાગરૂપે જિલ્લા કલેક્ટર શ્રી અરૂણ મહેશ બાબુને દિલ્લીમાં MSDE દ્વારા એવોર્ડ એનાયત કરાયો હતો. આમ રાજકોટ જિલ્લાનો પ્લાન સમગ્ર દેશના વિવિધ જિલ્લાઓ પૈકી પ્રથમ સ્થાને રાષ્ટ્રીયકક્ષાએ પસંદગી પામ્યો છે.

દિલ્હી ખાતેથી મહાનુભાવોના હસ્તે એવોર્ડ ફોર એક્સલન્સ સ્વીકાર્યા બાદ કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય કક્ષાએ રાજકોટ જિલ્લાના પ્લાનિંગની પ્રથમ સ્થાને પસંદગી કરવામાં આવતાં સમગ્ર રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર તથા સમગ્ર ટીમને બહુમાન પ્રાપ્ત થયું છે.

આ એવોર્ડ માટેનો સમગ્ર પ્લાન મહાત્મા ગાંધી નેશનલ ફેલોશ્રી હિરલચંદ્ર મારૂ અને રાજકોટ ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યશ્રી નિપુણ રાવલ, રાજકોટ જિલ્લાના પૂર્વ કલેક્ટર શ્રી રેમ્યા મોહન અને હાલના કલેક્ટર શ્રી અરૂણ મહેશ બાબુનાં માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો. ●

# પાટણ જિલ્લાને સર્ટીફિકેટ ઓફ એક્સલન્સ એનાયત

નવી દિલ્હીના ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે યોજાયેલા સમારોહમાં કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઑફ સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ દ્વારા પાટણ જિલ્લાને સર્ટીફિકેટ ઑફ એક્સલન્સ એનાયત કરવામાં આવ્યું છે. જિલ્લામાં કૌશલ્યવર્ધન માટે કરવામાં આવી રહેલી આયોજનબદ્ધ કામગીરીના ફલસ્વરૂપ દેશભરના ૪૬૭ પ્રતિસ્પર્ધીઓમાંથી પાટણ જિલ્લાની પસંદગી કરવામાં આવી છે.

ગુજરાતના પનોતાપુત્ર યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્કિલ ઈન્ડિયા જેવા કાર્યક્રમો દ્વારા યુવાનોના કૌશલ્યવર્ધન પર ભાર મૂક્યો છે ત્યારે પાટણ જિલ્લામાં કૌશલ્યવર્ધન દ્વારા મહત્તમ રોજગારી ઉપલબ્ધ બને તે માટે જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ ડિસ્ટ્રીક્ટ સ્કિલ ડેવલપમેન્ટ ઑફિસર અને ઔદ્યોગિક તાલીમ સંસ્થાના નોડલ ઑફિસર સુશ્રી મયુરીબેન પ્રજાપતિ, ડિસ્ટ્રીક્ટ સ્કિલ કમ્યુનિટી, એમ.જી.એન.એફ. ફેલો અને જી.એસ.ડી.એમ.ની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલા સ્કિલ ડેવલપમેન્ટ પ્લાન અને તેના અમલીકરણની કામગીરીની કેન્દ્ર સરકારે નોંધ લીધી છે.




આ ઉપલબ્ધિ મામલે જિલ્લા કલેક્ટરશ્રી સુપ્રીત સિંઘ ગુલાટીએ જણાવ્યું કે, પાટણ જિલ્લાને ભારત સરકાર દ્વારા જિલ્લા કૌશલ્ય વિકાસ યોજનામાં મળેલા સન્માન બદલ આનંદની લાગણી અનુભવું છું. જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલા સુચારૂ આયોજન અને કૌશલ્ય વિકાસ યોજનાના છેવાડાના લોકો સુધી પહોંચાડવાના પ્રયત્નો થકી આ બહુમાન પ્રાપ્ત થયું છે. વડાપ્રધાનશ્રી પણ યુવાનોના કૌશલ્ય વિકાસ માટે સતત માર્ગદર્શન આપી રહ્યા છે. ત્યારે આ એવોર્ડ માટે જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન આપું છું. સંકલ્પ યોજના અંતર્ગત જિલ્લા કૌશલ્ય વિકાસ આયોજનના બીજા રાઉન્ડ હેઠળ વર્ષ ૨૦૨૦માં દેશભરમાંથી નોમિનેશન મંગાવવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે જાન્યુઆરી માસમાં દેશના ટૉપ ૩૦ જિલ્લાઓને તેમણે કરેલા આયોજનની સફળ અમલવારી અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવા આમંત્રિત કરાયા હતા.●

## મહાનગરો-નગરોના આઉટગ્રોથ વિસ્તારના વિકાસ માટે રૂ. ૫૮૭ કરોડ



રાજ્યના મહાનગરો અને નગરોના આઉટગ્રોથ વિસ્તારોમાં વિકાસના વિવિધ કામોને તથા નાગરિક સુખાકારીના આંતરમાળખાકીય કામોને વેગ આપવા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આઉટગ્રોથ વિસ્તાર વિકાસકામો માટે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૫૮૭.૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ સંદર્ભમાં વડોદરા મહાનગરપાલિકાના આઉટગ્રોથ વિસ્તારનાં કામો માટે રૂ. ૨૫.૭૭ કરોડની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. વડોદરા મહાનગરના આઉટગ્રોથ વિસ્તારોમાં ડ્રેનેજ, રસ્તા, સ્ટ્રીટલાઈટ અને પાણીની સુવિધાના મળીને કુલ-૬૬ જેટલાં કામો આ ગ્રાન્ટમાંથી હાથ ધરવામાં આવશે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આઉટગ્રોથ વિસ્તાર માટેની જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, તેમાં ૨૦૧૬-૧૭થી અત્યાર સુધીમાં રાજ્યની મહાનગરપાલિકાઓ માટે રૂ. ૪૯૯.૯૨ કરોડ તેમજ નગરપાલિકાઓ માટે રૂ. ૮૭.૫૮ કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે. આઉટગ્રોથ વિસ્તારમાં પાણી, ડ્રેનેજ, રસ્તા, સ્ટ્રીટલાઈટ, આંતરમાળખાકીય સુવિધા સહિતનાં વિવિધ ૩૪૧ કામો મહાનગરપાલિકા આઉટગ્રોથ વિસ્તારમાં તેમજ ૭૭૫ કામો નગરપાલિકા વિસ્તારમાં મળી સમગ્રતયા ૧૧૧૬ કામો મંજૂર કરવામાં આવેલાં છે. ●

## ગુજરાતી ફિલ્મ 'નાયિકાદેવી'ને ફિલ્મ પ્રોત્સાહન નીતિનો લાભ



ગુજરાતી ચલચિત્ર 'નાયિકાદેવી'ને રાજ્ય સરકારની ફિલ્મ પ્રોત્સાહન નીતિના મળવાપાત્ર થતા લાભો આપવાની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાહેરાત કરી છે. ગુજરાતી ચલચિત્ર 'નાયિકાદેવી'ને રાજ્યમાં કરમુક્તિનો લાભ મળવાપાત્ર થશે. સિનેમાગૃહો દ્વારા આ ફિલ્મ પ્રદર્શિત કરવા બદલ ચૂકવાયેલા કરનું વળતર તેમને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે. આ ફિલ્મના પ્રદર્શન બદલ જે-તે સિનેમાગૃહ દ્વારા ચૂકવવામાં આવતા SGSTની પરત ચુકવણી તેમને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે. આ માટે સિનેમાધારકે 'આ ફિલ્મ કરમુક્ત છે' તેવું સ્પષ્ટ દર્શાવવાનું રહેશે તેમજ ફિલ્મના પ્રદર્શન બદલ ચૂકવાયેલા SGSTના વળતર માટે ગાંધીનગર માહિતી નિયામકની કચેરી ખાતે નિયત નમૂનામાં આવશ્યક પુરાવાઓ રજૂ કરીને ક્લેઈમ કરી શકશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, આ ચલચિત્ર પાટણનાં રાજમાતા નાયિકાદેવીના જીવન-કવનના સાહસ, શૌર્ય અને મોહમ્મદ ઘોરીને યુદ્ધમાં પરાજિત કરવાની શૂરવીરતાની ગાથાને રૂપેરી પડદે ઉજાગર કરે છે. એટલું જ નહિ, આપણા સાંસ્કૃતિક વારસાનાં દર્શન અને ધરોહરને જીવંત રાખતી આ ફિલ્મ છે. ●

## અમદાવાદ અને વડોદરા મહાનગરોની કુલ ૬ ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આયોજનબદ્ધ શહેરી વિકાસની દિશામાં વધુ એક સ્તુત્ય નિર્ણય કર્યો છે. શહેરી વિકાસને વધુ વેગવંતો બનાવવાના હેતુથી અમદાવાદ અને વડોદરાની કુલ ૬ ટાઉન પ્લાનિંગ સ્કીમને મુખ્યંત્રીશ્રીએ મંજૂરી આપી છે. આ સ્કીમને મંજૂરી મળતાં સંબંધિત વિસ્તારોમાં આંતરમાળખાકીય સવલતો અને રસ્તાઓના કામનું ઝડપી અમલીકરણ થતાં નાગરિકોને વધુ સુવિધા મળતી થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧ પ્રીલિમનરી ટાઉન પ્લાનિંગ સ્કીમ, ૧ ફાઈનલ સ્કીમ ઉપરાંત ૪ ડ્રાફ્ટ સ્કીમ મંજૂર કરી છે. પ્રીલિમનરી સ્કીમમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટી.પી. સ્કીમ નં ૨૬ (મકરબા) અને ફાઈનલ સ્કીમમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટી.પી. સ્કીમ નં. ૩૭ (દાણીલીમડા નોર્થ)નો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીશ્રીએ વડોદરાની ચાર ડ્રાફ્ટ ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી આપી છે. તદઅનુસાર, આ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમમાં વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની ડ્રાફ્ટ (1) ટી.પી. સ્કીમ નં. ૨૭/બી(બિલ) (2) ટી.પી. સ્કીમ નં. ૨૭/સી(ચાવડ) (3) ટી.પી. સ્કીમ નં. ૨૪/બી (ભાયલી-ગોકુલપુરા-રાયપુરા) તથા (4) ટી.પી. સ્કીમ નં. ૪૨(કોયલી)નો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીશ્રીએ આ ટાઉન પ્લાનિંગ સ્કીમને આપેલી મંજૂરીના પરિણામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની એક પ્રીલિમિનરી ટી.પી. સ્કીમ અને વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની ૪ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ એમ કુલ પાંચ ટી.પી. સ્કીમ મળીને સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોના આવાસ-રહેઠાણ માટે ૫૧.૮૪ હેક્ટર્સ જમીન, બાગબગીચા, રમત-ગમતના મેદાન અને ખુલ્લી જગ્યા માટે કુલ ૬૧.૫૨ હેક્ટર્સ જમીન ઉપરાંત જાહેર સુવિધા માટે ૫૨.૮૯ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે. આંતરમાળખાકીય સવલતોના ખર્ચને પહોંચી વળવાના હેતુસર વેચાણ માટે કુલ આશરે ૧૧૧.૯૯ હેક્ટર્સ જમીન સંપ્રાપ્ત થશે. આ પાંચ સ્કીમમાં મળીને અંદાજે કુલ ૪૬,૪૦૦ ઈ.ડબ્લ્યુ. એસ. આવાસો બની શકશે. ●

## 'સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણ' કરમુક્ત



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારતભૂમિના વીર સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણની શૌર્યગાથા રજૂ કરી દેશના સાહસપૂર્ણ ઈતિહાસને ઉજાગર કરતી હિન્દી ફિલ્મ 'સમ્રાટ પૃથ્વીરાજ'ને ગુજરાતમાં કરમુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે. ●

## કરવેરા પ્રોત્સાહક વળતર યોજના



'આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર' યોજનાને જૂન અને જુલાઈ એમ વધુ બે મહિના લંબાવવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની નગરપાલિકાઓ દ્વારા નગરજનોને પૂરી પાડવામાં આવતી વિવિધ માળખાકીય સેવાઓના કર-વેરા જેમાં મિલકતવેરો, સામાન્ય પાણી વેરો, ખાસ પાણી વેરો, દીવાબત્તી (લાઇટ) વેરો, ગટર વેરો વગેરે વેરાઓની ચુકવણીમાં નાગરિકોને સરળતા અને પ્રોત્સાહન આપવા આ નવતર અભિગમ અપનાવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની વેરાની રકમ જો નાગરિકો તા. ૩૦-૬-૨૦૨૨ સુધીમાં એડવાન્સ ભરપાઈ કરે તો તેમને ૭ ટકા વળતર આપવામાં આવશે. આવી વેરાની રકમ મોબાઇલ એપ કે ઈ-નગરના ઓનલાઇન પોર્ટલ મારફતે તા. ૩૦ જૂન-૨૦૨૨ સુધીમાં ભરપાઇ કરનારા નાગરિકોને વધારાનું ૫ ટકા વળતર અપાશે. એટલે કે, ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરનારા નાગરિકોને કુલ ૧૨ ટકા વળતરનો લાભ મળશે. 'આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના'નો લાભ નગરોના વધુ નાગરિકો લઈ શકે તેવો ઉદાત્ત અભિગમ પણ મુખ્યમંત્રીશ્રીએ દાખવ્યો છે. તદઅનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની વેરાની રકમ તા. ૧ જુલાઈ-૨૦૨૨થી તા. ૩૧ જુલાઈ-૨૦૨૨ સુધીમાં એડવાન્સ ભરપાઈ કરનારા નાગરિકોને પાંચ ટકા વળતર મળવાપાત્ર થશે. આ જ સમયગાળા દરમિયાન ઈ-નગર મોબાઇલ એપ કે ઈ-નગરના ઓનલાઇન સિટિઝન પોર્ટલ મારફતે વેરાની રકમ ભરનારા લોકોને વધુ પાંચ ટકા વળતર મળવાપાત્ર રહેશે. ●

## મુખ્યમંત્રીએ રૂ. ૧૦૯ કરોડનાં વિકાસકામોને આપી સૈદ્ધાંતિક મંજૂરી

રાજ્યની બે મહાનગરપાલિકાઓ અને બે નગરપાલિકાઓ મળી ચાર શહેરોમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૧૦૯.૫૭ કરોડના વિવિધ વિકાસ કામોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તદઅનુસાર, જામનગર મહાનગરપાલિકામાં આંતરમાળખાકીય વિકાસ કામો અન્વયે રસ્તા, બ્રિજ, શાળા-કોલેજ બિલ્ડીંગ અને સ્લમ વિસ્તારના કુલ ૩૩ કામો માટે રૂ. ૭૧.૫૯ કરોડના કામો હાથ ધરવા સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં નગરો-મહાનગરોમાં જનસુખાકારીના કામો ઉપરાંત ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના હેઠળના કામો, શહેરી સડકના કામો જેવા બહુવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જૂનાગઢ મહાનગરપાલિકામાં મુખ્યમંત્રી શહેરી સડક યોજનાના ૮ કામો માટે રૂ. ૩.૨૨ કરોડની ગ્રાંટ ફાળવવા સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તો ભાવનગર જિલ્લાની શિહોર નગરપાલિકામાં શિહોરથી વલ્લભિપૂર માર્ગ પર આવેલા લેવલ ક્રોસીંગ ૨૫૦/બી ઉપર દ્વિમાર્ગીય રેલ્વે ઓવરબ્રીજ બનાવવાના રૂ. ૩૪.૪૦ કરોડના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ સાથે, મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકાને પણ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ખાનગી સોસાયટી જનભાગીદારીથી પેવર બ્લોક અને સી.સી. રોડના ૧૧ કાર્યો માટે કુલ રૂ. ૩૫. ૮૪ લાખ મંજૂર કર્યા છે. ●



## ભાવનગર સહિત ત્રણ નગરોમાં પાણીપુરવઠાનાં કામો મંજૂર કરતા CM

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યનાં નગરો-મહાનગરોમાં નાગરિકોને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી પ્રતિબદ્ધતા સાથે ભાવનગર મહાનગરપાલિકા તથા અમરેલી અને માળિયા-મિયાણા નગરપાલિકાઓ માટે કુલ ૨૫.૭૯ કરોડ રૂપિયાના પાણીપુરવઠાનાં વિવિધ કામોને એક જ દિવસમાં સૈદ્ધાંતિક મંજૂરીઓ આપી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ ભાવનગર મહાનગરપાલિકાની રૂ. ૧૪.૫૧ કરોડની જે દરખાસ્ત સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસયોજના અન્વયે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશને રજૂ કરી હતી તેને તેમણે અનુમતિ આપી છે. આ દરખાસ્ત મંજૂર થવાથી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા પાણીપુરવઠા યોજનાની વિતરણ વ્યવસ્થા માટે તમામ ડી.આઇ. પાઇપલાઇન સાથે કામગીરી કરાશે. આના પરિણામે ભાવનગર મહાપાલિકામાં ૨૦૨૦થી નવા સમાવાયેલા અધેવાડા ગામવિસ્તારની ૨૫ હજાર જેટલી જનસંખ્યાને પાણીવિતરણનો લાભ મળશે.

મુખ્યમંત્રીશ્રીએ આ ઉપરાંત ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા રજૂ થયેલી અમરેલી નગરપાલિકાની પાણીપુરવઠા યોજનાનાં કામો માટેની ૭.૨૬ કરોડ રૂપિયાની દરખાસ્ત અને માળિયા-મિયાણા નગરપાલિકાની ૪.૦૨ કરોડ રૂપિયાની દરખાસ્ત પણ મંજૂર કરી છે. આ બંને નગરપાલિકા વિસ્તારની આગામી ૨૦૫૨ના વર્ષની અંદાજિત વસતિને ધ્યાનમાં લઈને આ પાણીપુરવઠા યોજનાનાં કામોની મંજૂરી આપવામાં આવી છે. માળિયા-મિયાણા નગરપાલિકાને હાલ નર્મદા પાઇપલાઇનથી ૨.૨૩ એમ.એલ.ડી અને અમરેલીને ૨૬ એમ.એલ.ડી પાણીપુરવઠાનું વિતરણ કરવામાં આવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ બે નગરપાલિકાઓ માટે મંજૂર કરેલી સૂચિત યોજનાના મુખ્ય ઘટકોમાં વિતરણ વ્યવસ્થા, કમ્પાઉન્ડ વોલ, ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક પી.વી.સી, ઊંચી ટાંકી, સંપ, પમ્પ હાઉસ, રાઇઝિંગ મેઇન, વીજજોડાણ વગેરે બાબતોનાં કામોનો સમાવેશ થાય છે. ●

# હવે, વાહન અને મોબાઇલચોરીની ફરિયાદ ઓનલાઇન



દેશના નાગરિકોને આપવામાં આવતી ઓનલાઈન સેવામાં વધારો કરવા કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા આપવામાં આવેલા e-FIRના અમલીકરણના સૂચનને ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા વાહનચોરી કે મોબાઈલચોરીના કિસ્સામાં સિટિઝન પોર્ટલ www.gujhome.gujarat.gov.in અથવા સિટિઝન ફર્સ્ટ મોબાઈલ એપ મારફતે નાગરિકોના વિશાળ હિતમાં e-FIRની સુવિધા આપવાનો જનકલ્યાણલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે. e-FIRની આ સુવિધા ફક્ત તેવા સંજોગોમાં જ મેળવી શકાશે કે જેમાં આરોપી અજ્ઞાત હોય તથા ઘટના દરમિયાન બળનો ઉપયોગ ન થયો હોય કે ઈજા ન પહોંચી હોય. ચોક્કસ સમયમર્યાદામાં e-FIRની પ્રાથમિક તપાસ પૂર્ણ કર્યા બાદ તેમાં તથ્ય જણાય તો તેવી ફરિયાદ FIRમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ સેવા હેઠળ ફરિયાદીએ સિટિઝન પોર્ટલ પર રજિસ્ટર કરાવી વાહન કે ફોનચોરી અંગે ફરિયાદ અંગેની વિગતો ભરી ઓનલાઈન અપલોડ કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરતી વખતે આપવામાં આવેલી અરજીના પ્રિન્ટઆઉટ પર ફરિયાદીની સહી કર્યા બાદ એ અરજીને સ્કેન કરીને અપલોડ કરવાની રહેશે. ફરિયાદીને E-Mail-SMSથી ફરિયાદ અરજી મળ્યાની જાણ થશે.

બનાવસ્થળની વિગતમાં ફરિયાદી દ્વારા જે પોલીસ સ્ટેશનનું નામ લખવામાં આવ્યું હોય તે પોલીસ સ્ટેશનમાં e-FIR ફોરવર્ડ થશે. જો પોલીસ સ્ટેશનનું નામ ન જણાવ્યું હોય તો જે-તે પોલીસ કમિશનર/પોલીસ અધિક્ષકની કચેરીએ e-FIR ફોરવર્ડ થશે અને પોલીસ કમિશનર/પોલીસ અધિક્ષકની કચેરી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે તાત્કાલિક e-FIR મોકલી આપશે. પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં અધિકારી ઈ-ગુજકોપના યુઝર આઈ.ડી.થી લોગ-ઇન કરીને પોર્ટલ વર્કલિસ્ટમાં તે e-FIR જોઈ શકશે અને કોઈ પણ સંજોગોમાં ૨૪ કલાકની સમયમર્યાદામાં પ્રાથમિક તપાસ અર્થે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં અધિકારી-કર્મચારીને મોકલવાની રહેશે. જે તે પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા તપાસ અધિકારીને પ્રાથમિક તપાસ સોંપાશે ત્યારે તપાસ અધિકારી અને સાથોસાથ ફરિયાદીને તપાસ અધિકારી Assign થવા અંગે E-Mail અથવા SMSથી જાણ કરવામાં આવશે.

તપાસ અધિકારીને આ પ્રકારની e-FIR મળતાં સૌપ્રથમ આ e-FIRનો જરૂરી અભ્યાસ કરશે અને અપલોડ થયાના ૪૮ કલાકમાં કાર્યવાહી પૂર્ણ કરીને આ અંગેનો પ્રાથમિક તપાસ અહેવાલ થાણા ઇન્ચાર્જને મોકલી આપશે. ત્યારબાદ થાણા અધિકારી આ અહેવાલ મળ્યાના ૨૪ કલાકની સમયમર્યાદામાં e-FIRનો યોગ્ય નિકાલ કરશે. આમ e-FIR સંદર્ભે પાંચ દિવસમાં આખરી નિર્ણય અંગેની કાર્યવાહી કરવામાં નહીં આવે તો e-FIRને ઈ-ગુજકોપ દ્વારા FIRનો ધોરણસરનો રનિંગ નંબર આપોઆપ ફાળવવામાં આવશે અને થાણા અધિકારીએ તેની પર અન્ય સામાન્ય FIRની જેમ જ આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. આ ઉપરાંત e-FIR અંગે ૧૨૦ કલાકની સમયમર્યાદામાં ધોરણસરની કાર્યવાહી ન કરવા બદલ પોલીસ કમિશનર-નાયબ પોલીસ કમિશનર-પોલીસ અધિક્ષક કે પોલીસ સ્ટેશનના સબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરીને તેઓ વિરુદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. ●

# ખરીફ પાકના લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો



ગુજરાતના ખેડૂતો દ્વારા ખરીફ ઋતુ ૨૦૨૨-૨૩ના મુખ્ય ૧૪ પાકોની ટેકાના ભાવે જે ખરીદી કરવામાં આવે છે તેના ભાવો માટે ખેડૂતો દ્વારા વારંવાર ગુજરાત સરકાર તથા ભારત સરકારમાં પોતાની લાગણીઓ વ્યક્ત કરતા હતા, જેના ભાગરૂપે ગુજરાતના પનોતાપુત્ર તથા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ના ખરીફ પાકના ટેકાના ભાવ ખરીફ ઋતુની શરૂઆત પહેલાં સમયસર જાહેર કરવામાં આવ્યા છે.

રાજ્યના ખેડૂતોની આવક બમણી કરવા માટે ભારત સરકાર દ્વારા ટેકાના ભાવમાં કરવામાં આવેલા વધારા અને તેની સમયસર જાહેરાત કરવા માટે રાજ્યના કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રાજ્યના ખેડૂતો વતી આભાર વ્યક્ત કર્યો છે.

આ અંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખરીફના ૧૪ પાકોમાં ટેકાના ભાવે ખરીદી માટે ખેડૂતોના હિતમાં લઘુત્તમ વધારો કરવામાં આવ્યો છે, જેમાં પાક ઉછેરનારાઓને તેમજ ઊપજ પર વળતરક્ષમ ભાવો મળે તેની ખાતરી કરી શકાય અને પાકના વાવેતરને સુનિશ્ચિત કરવામાં માટે ટેકાના ભાવ જે તે પાકના ખેતી ખર્ચના ઓછામાં ઓછા ૫૦ ટકાથી ૮૫ ટકા સુધીનો નફો મળે તે પ્રમાણે નક્કી કરવામાં આવ્યા છે.

રાજ્યના ખેડૂતોની આવક બમણી થાય તે માટે જુદા જુદા પાકમાં ગત વર્ષ કરતા પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૯૨થી ૫૨૩ સુધીનો વધારો કરવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યના મુખ્ય પાક મગફળીમાં પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૩૦૦નો વધારો કરી ટેકાનો ભાવ રૂ. ૫,૮૫૦, તુવેર પાકમાં રૂ. ૩૦૦નો વધારો કરી ટેકાનો ભાવ રૂ. ૬,૬૦૦, મગ પાકમાં રૂ. ૪૮૦નો વધારો કરી ટેકાનો ભાવ ૭,૭૫૫, તલ પાકમાં રૂ. ૫૨૩નો વધારો કરી ટેકાનો ભાવ રૂ. ૭,૮૩૦, અડદ પાકમાં રૂ. ૩૦૦નો વધારો કરી ટેકાનો ભાવ રૂ. ૬,૬૦૦, કપાસ પાકમાં રૂ. ૩૫૫નો વધારો કરી રૂ. ૬,૩૮૦ ટેકના ભાવ જાહેર કર્યા છે તેમ તેમણે ઉમેર્યું છે. ●

## વિદ્યાર્થીઓને ઐતિહાસિક-સાંસ્કૃતિક સ્થળોનું જ્ઞાન અપાશે

રાજ્યના બાળકો શિક્ષણની સાથે સાથે સાંસ્કૃતિક ધરોહર સમાન કલા વારસાથી પરિચિત થાય તે માટે રાજ્ય સરકારે રાજ્યની સરકારી શાળાના બાળકોને શિક્ષણની સાથે સાથે ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોનું જ્ઞાન આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણય અંગે માહિતી આપતા શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યુ કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ બાળકોને શિક્ષણની સાથે સાથે રાજ્યના કલા વારસાથી પરિચિત કરવા અને ઐતિહાસિક ધરોહર સમાન આ વારસાનું આવનારી પેઢીમાં જતન થાય તેવા આશયથી આ મહત્વનો નિર્ણય કરાયો છે. રાજ્યભરની સરકારી શાળાઓમાં અપાતાં દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત રાજ્યની અંતરિયાળ વિસ્તારની સરકારી પ્રાથમિક શાળાના બાળકોને એક્સપોઝર વિઝિટના ભાગરૂપે ગુજરાતના ઐતહાસિક તથા સાંસ્કૃતિક સ્થળોનો પ્રવાસ કરાવાશે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વડનગરના ભવ્ય ઐતિહાસિક તથા સાંસ્કૃતિક વારસાનો બહોળો પ્રચાર અને પ્રસાર કરવામાં આવશે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ સ્થળ એવા વડનગરના ઐતિહાસિક સ્મારકો જેવા કે કીર્તિ તોરણ, તાનારીરી સ્મારક, હાટકેશ્વર મંદિર, શર્મિષ્ઠા તળાવ તથા સતલાસણાનું તારંગાહીલ, મોઢેરાનું સુર્યમંદિર, સિધ્ધપુરનું બિંદુ સરોવર, પાટણની રાણકીવાવ જેવા સ્થાપત્યોની માહિતી બાળકોને આપવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું. ●



## ખાનગી શાળાના વિદ્યાર્થીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય

રાજ્યની બિન અનુદાનિત ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓના હિતમાં શિક્ષણ વિભાગ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામા આવ્યા છે. જે અંગે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ જણાવ્યુ કે, રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓના હિતમાં બિન અનુદાનિત ખાનગી શાળા સામે કડક વલણ અપનાવી દંડનીય કાર્યવાહિથી લઈને શાળા કે સંસ્થાની માન્યતા રદ કરવા સુધીની જોગવાઇઓ કરવામાં આવી છે. શિક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, વિદ્યાર્થીઓને ગણવેશ/બુટ, પુસ્તકો, સાહિત્યો અને સ્ટેશનરી ચોક્કસ દુકાન કે સંસ્થામાંથી જ ખરીદવા દબાણ કરતી શાળાઓ સામે દંડનીય કાર્યવાહીની જોગવાઈ કરવામાં આવશે. એટલુ જ નહિ, અનિયમિતતા આચરતી ખાનગી શાળાઓ સામે પહેલી વખતમાં રૂ. ૧૦ હજાર અને ત્યારબાદના અનિયમિતતાના દરેક કિસ્સામાં રૂ. ૨૫ હજાર દંડ કરવાની શિક્ષણ વિભાગ દ્વારા જોગવાઈ કરવામાં આવી છે. તે ઉપરાંત પાંચ કે તેથી વધુ વખત અનિયમિતતા આચરે તો તેવા કિસ્સામાં શાળા/સંસ્થાની માન્યતા રદ કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે. વિદ્યાર્થીઓને કોઈ ચોક્કસ સંસ્થા કે એજન્સી પાસેથી કે ચોક્કસ માર્કા કે કંપની પાસેથી ખરીદી કરવા માટે આગ્રહ રાખી શકાશે નહીં કે ફરજ પાડી શકાશે નહીં. અગાઉ કરવામાં આવેલી જોગવાઈઓનુ ચુસ્તપણે પાલન થાય તે માટેની તકેદારી રાખી, તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને અંગત રસ લઈ નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવા આદેશો આપી દેવામાં આવ્યા છે. ●

## સરકારી શાળાઓના શિક્ષકોને જિલ્લા-આંતરિક ફેરબદલીનો લાભ અપાયો

રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા ૫૪૭ મદદનીશ શિક્ષકો-શિક્ષણ સહાયકોને શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીના સતત માર્ગદર્શનમાં સંપૂર્ણ પારદર્શક પદ્ધતિથી વિવિધ ત્રણ બદલી કેમ્પમાં જિલ્લા ફેરબદલી અને આંતરિક ફેરબદલીના લાભ આપવામાં આવ્યા છે. જે અંતર્ગત ગુજરાતની શાળાઓની કચેરીના કમિશનરશ્રી શાલિની દુહાનના હસ્તે સ્થળ પર જ શિક્ષકોને બદલીના ઓર્ડર આપવામાં આવ્યા હતા.

આ અગાઉ મદદનીશ શિક્ષણ નિરીક્ષક માટે રાજ્ય કક્ષાના બદલી કેમ્પનું ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું. જેમાં ૨૭ જગ્યાઓ ભરવામાં આવી છે. રાજ્યના કુલ મહેકમ ૨૧૦માંથી ૨૦૭ જગ્યાનો હાલના તબક્કે ભરાયેલી છે, જે સમગ્ર શિક્ષણ વિભાગ માટે ગૌરવની વાત છે. અગાઉ યોજાયેલા આંતરિક ફેરબદલી કેમ્પમાં જેમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૧૩૧ ઉમેદવારોએ, જ્યારે માધ્યમિક વિભાગમાં ૨૩૮ ઉમેદવારોએ જિલ્લા આંતરિક ફેરબદલીનો લાભ લીધો હતો.

વધુમાં અમદાવાદમાં યોજાયેલા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો માટે રાજ્ય કક્ષાના જિલ્લા ફેરબદલી કેમ્પમાં વિવિધ ૧૬ વિષયોની ખાલી જગ્યાઓ ઉપર કુલ ૨૦૩ ઉમેવારોએ સ્થળ પસંદગીથી જિલ્લા ફેરબદલીનો લાભ લીધો હતો. જ્યારે માધ્યમિક વિભાગના વિવિધ સાત વિષયોની ખાલી જગ્યાઓ ઉપર કુલ ૩૧૭ શિક્ષકોએ જિલ્લા ફેરબદલી કેમ્પનો લાભ લીધો હતો. આ વર્ષે વેકેશનના સમયગાળામાં જ જિલ્લા ફેરબદલી કેમ્પ યોજાતા, નવા સત્રથી શાળાઓમાં શિક્ષકો અતિ ઉત્સાહથી વધુ સારું કામ કરી શકશે. રાજ્ય કક્ષાના આ કેમ્પમાં વિધવા, દિવ્યાંગ, સરકારી શિક્ષક દંપતિ, સરકારી દંપતિ, તબીબી કારણસર, ગ્રાન્ટેડ શાળાઓ અને બોર્ડ-કોર્પોરેશન-નિગમમાં ફરજ બજાવતાં દંપતિને પણ આ કેમ્પમાં અગ્રતાનો લાભ આપવામાં આવ્યો. જેમાં જિલ્લા ફેરબદલી સ્વીકારનાર ઉમેદવારોને કેમ્પના દિવસે અને કેમ્પના સ્થળે જ ફેરબદલીના આદેશ સુપરત કરવામાં આવ્યા હતાં. શિક્ષકોની જિલ્લા ફેરબદલી માટેની તમામ અરજીઓ સિનિયોરિટી મુજબ ગોઠવી સંપૂર્ણ પારદર્શક રીતે સમગ્ર કેમ્પનું સુચારુ અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ●

# ધો.૯થી ૧૨માં પ્રાકૃતિક ખેતીનો અભ્યાસક્રમ

વિદ્યાર્થીઓને શાળાકીય અભ્યાસક્રમ દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે માહિતી અને માર્ગદર્શન મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૯ ના સામાજિક વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમમાં પ્રાકૃતિક ખેતીના પ્રકરણનો સમાવેશ કરવાનો મહત્વનો નિર્ણય કરવામાં લેવામાં આવ્યો છે. ત્યારબાદ ક્રમશઃ ધોરણ-૧૦, ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના અભ્યાસક્રમમાં પણ પ્રાકૃતિક ખેતીના અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવશે. શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, શૈક્ષણિક વર્ષ-૨૦૨૨-૨૩થી ધોરણ-૯માં પ્રાકૃતિક ખેતીનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેનો અભ્યાસક્રમ વિષયના તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. જેથી ધોરણ-૯ના બાળકોને આ વર્ષે જ સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમ દ્વારા તેની જાણકારી પ્રાપ્ત થશે. હવે પછીના વર્ષોમાં ક્રમશ: આગળના ધોરણોમાં પ્રાકૃતિક ખેતીનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવનાર છે. પ્રાકૃતિક ખેતીનો સમાવેશ અભ્યાસક્રમમાં થવાથી વિદ્યાર્થીઓને પ્રાકૃતિક ખેતી અંગે વિગતવાર માહિતી, તેના લાભાલાભ તેમજ આ અંગેની પૂરતી સમજ મળી રહેશે. જેથી તેઓ તેમના વાલીઓને પણ પ્રાકૃતિક ખેતી અંગે માહિતગાર કરશે. આ ઉપરાંત ભવિષ્યમાં તે પોતે પણ પ્રાકૃતિક ખેતી કરીને વધારે ઉત્પાદન મેળવી શકશે તેમજ રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો ઉપયોગ પણ નહિવત પ્રમાણમાં કરશે. જેના કારણે ઓછા ખર્ચે મબલખ પાકનું ઉત્પાદન થઈ શકશે. જેના થકી રાજ્યના નાગરિકોને ગુણવત્તાયુક્ત અનાજ પ્રાપ્ત થશે અને તેમનું આરોગ્ય સુધરશે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, "ભારતીય કૃષિનો ઇતિહાસ અને પ્રાકૃતિક ખેતીનો પરિચય" શીર્ષક હેઠળ ઉમેરવામાં આવેલા આ પ્રકરણમાં ભારતીય કૃષિનો ઇતિહાસ ઉપરાંત પ્રાચીન આત્મનિર્ભર ગ્રામ્ય વ્યવસ્થા, હરિયાળી ક્રાંતિનો ઉદ્ભવ અને તેના પરિણામો, પ્રાકૃતિક ખેતી એટલે શું? તથા શા માટે પ્રાકૃતિક ખેતી શ્રેષ્ઠ વિકલ્પ છે તેની વિસ્તૃત સમજ આ પ્રકરણમાં આપવામાં આવી છે. ●



# પાંચ વર્ષમાં ચાર લાખ નવા વિદ્યાર્થીઓનો સરકારી શાળામાં પ્રવેશ

રાજ્યની સરકારી શાળાઓમાં આપવામાં આવી રહેલા ગુણવત્તાયુક્ત શિક્ષણને પરિણામે છેલ્લા ૫ વર્ષમાં ૪ લાખ જેટલા નવા વિદ્યાર્થીઓએ રાજ્યની સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે. ગત વર્ષે રાજ્યના ૧ લાખ વિદ્યાર્થીઓએ સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે જે ખૂબ જ ગૌરવની બાબત છે. આ માહિતી શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ ગ્રીષ્મોત્સવના સમાપન પ્રસંગે આપી હતી. શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ફીયરલેસ એક્ઝામનો માહોલ ઉભો કર્યો હોવાનું જણાવી મંત્રીશ્રીએ બોર્ડની પરીક્ષામાં અસફળ વિદ્યાર્થીઓને નિરાશ ન થઈ વધુ એક પ્રયાસ સાથે બેસ્ટ પરફોર્મન્સ આપવા અનુરોધ કર્યો હતો.

GIET અને GCERTના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં આયોજિત ગ્રીષ્મોત્સવના સમાપન પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગના અનોખા પ્રયોગ સ્વરૂપે સૌપ્રથમ વખત ગુજરાતમાં ગ્રીષ્મોત્સવની શરૂઆત થઈ. સરકારી શાળાના બાળકો માટે વેકેશન સમયગાળા દરમિયાન શ્રીમદ્ ભાગવત, વિજ્ઞાન, ગણિત, કળા-કૌશલ્ય, સંગીત, કોડિંગ, મનોરંજન, વાર્તા અને દેશી રમતો સહિતના વિષયોના કાર્યક્રમો ઓનલાઇન અને ઓફલાઈન યોજાયા, જેમાં અંદાજે ૬.૫ લાખ બાળકોનું રજિસ્ટ્રેશન થયું હતું.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, આ કાર્યક્રમમાં રાજ્યના તમામ તાલુકાનું પ્રતિનિધિત્વ જોવા મળ્યું છે અને તેમાં પણ સરકારી શાળાના બાળકો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ એવા ગરીબ અને આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ છે. આ રીતે દિવાળીના વેકેશનમાં શરદોત્સવનું પણ આયોજન કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, NCERT દ્વારા કરાયેલા નેશનલ એચિવમેન્ટ સરવેમાં ગુજરાતની સરકારી શાળાઓ ધોરણ ૩ થી ૮ના વિવિધ વિષયોમાં ઉત્કૃષ્ટ દેખાવ સાથે દેશભરમાં ટોચ પર રહી છે. રાષ્ટ્રના સરેરાશ દેખાવ કરતા પણ રાજ્યનો દેખાવ સારો રહ્યો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, છેલ્લા ૪ વર્ષમાં વિવિધ ઉત્સવો અને કાર્યક્રમો થકી શિક્ષણના સ્તરમાં ખૂબ સુધારો આવ્યો છે. છેલ્લા ૫ વર્ષમાં ૪ લાખ જેટલા નવા વિદ્યાર્થીઓ સરકારી શાળામાં દાખલ થયા છે જે વિક્રમજનક આંકડો છે. ગત વર્ષે ૧ લાખ વિદ્યાર્થીઓએ સરકારી શાળામાં એડમિશન લીધું છે. કોરોનાકાળમાં પણ વિદ્યાર્થી પર અભ્યાસક્રમનો ભાર ન રહે તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવાઈ હતી. ૨૫ ટકા સિલેબસ કાપવાની વાતને નિષ્ણાંતો સાથે વિમર્શ કરી વિદ્યાર્થીઓના હિતમાં નકારી અને વધુ સવાલ, ઓછા જવાબની પદ્ધતિ પ્રમાણે પરીક્ષા લેવાઈ હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ફીયરલેસ એક્ઝામનો માહોલ શિક્ષણ વિભાગે ઉભો કર્યો.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, બોર્ડની પરીક્ષામાં પણ વિદ્યાર્થીઓ-વાલીઓ અને શિક્ષકો સહિત શિક્ષણ વિભાગની મહેનત રંગ લાવી છે. રાજ્યના ૯૫૮ કેન્દ્રોમાં ૪.૭૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આપેલી S.S.C પરીક્ષાનું ૬૨.૧૮ ટકા પરિણામ જાહેર થયું છે. જે વિદ્યાર્થીઓ સફળ થયા છે તેમને અભિનંદન આપી, જે વિદ્યાર્થીઓ સફળ નથી થયા તેઓ નિરાશ ન થઈ વધુ એક પ્રયાસ સાથે બેસ્ટ પરફોર્મન્સ આપવા કહ્યું હતું. ●

# જન-જનને સરકારની કાર્યનિષ્ઠાની અનુભૂતિ

ગુજરાતના પનોતાપુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર રાજ્યના તમામ નાગરિકોની ચિંતા કરી રહી છે. સરકારી યોજનાઓ હોય કે, નોકરીની સવલત કે પછી આરોગ્યની વાત, ગુજરાત સરકારે હરહંમેશ નાગરિકોને સર્વોત્તમ સેવા આપવાનો પ્રયાસ કર્યો છે, જેની પ્રતીતિ જન-જનને થઈ રહી છે. આવી અનુભૂતિ મેળવનાર નાગરિકોની વાત તેમના શબ્દોમાં અત્રે પ્રસ્તુત છે...

કેન્દ્ર સરકાર દ્વારા અમલી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) નો લાભ મેળવનાર રાજપીપળાના વતની બાલુભાઈ છોટાભાઈ માછી જણાવે છે કે, અત્યાર સુધી અમે કાચા ઘરમાં રહેતા હતા. કાચું ઘર હોવાથી વરસાદી સીઝનમાં ઘરમાં પાણી ટપકવાનો પ્રશ્ન રહેતો. બાળકોને રાત્રે કેમ સુવડાવવાં તેની સતત ચિંતા થતી. શિયાળામાં પણ પરિવારને ઠંડીનો સામનો કરવો પડતો હતો. વર્ષ ૨૦૧૮માં કેન્દ્ર



સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળ્યો. તબક્કાવાર થયેલી કામગીરીમાં મને કુલ ૩.૫૦ લાખ રૂપિયાની સરકાર તરફથી સહાય મળી, જેનાથી આજે શહેરમાં પણ અમારું પોતાનું ઘરનું ઘર બની ગયું. શહેરમાં અમારું પોતાનું પાક્કું ઘર હશે તેનો અમને સ્વપ્નેય ખ્યાલ નહોતો. આજે મારા પરિવારને પાકા ઘરની છત અને દીવાલો મળતાં મારાં બાળકોને શિક્ષણમાં પણ સહાયક બની છે. પાકા ઘરમાં બેસીને મારાં બાળકો અભ્યાસ કરી શકે છે.

ભુજના ગણેશનગરમાં રહેતાં પ્રકાશબા સોઢા જણાવે છે કે, એક દિવસ હું ઘરે હતી ત્યારે મને અચાનક છાતીના ભાગે દુખાવો થતાં જી. કે. જનરલ હોસ્પિટલમાં આવી. ફરજ પરના ડોક્ટરે મને જણાવ્યુ કે, તમને હૃદયની તકલીફ છે અને તમારે ઓપરેશન કરાવવું પડશે. મને ડૉક્ટર સાહેબે આયુષ્યમાન કાર્ડ વિશે પૂછ્યું. મારી પાસે કાર્ડ ન હોવાથી ડૉક્ટર સાહેબે મારું આયુષ્યમાન કાર્ડ બનાવી આપ્યું. આ આયુષ્યમાન કાર્ડથી મારું ઓપરેશન મફતમાં થયું અને ઘરે જવા માટે પણ ભાડું પણ આપવામાં આવ્યું. મારું ઓપરેશન એકદમ સફળતાપૂર્વક એકદમ ફ્રીમાં થઈ ગયું અને અત્યારે હું એકદમ ખૂબ ખુશી અનુભવું છું. મારી દરેક પળે ચિંતા કરનાર ગુજરાત સરકારની ખૂબ આભારી છું.

નવસારીનાં ગોરીબહેન કાપ્લે જણાવે છે કે, પતિના અવસાન બાદ શરૂઆતના દિવસો મારા માટે ખૂબ જ સંઘર્ષભર્યા રહ્યા હતા. અન્ય લોકોના ઘરે ઘરકામ કરીને મારા પરિવારનું ભરણપોષણ કરી રહી છું. એક સમયે પડોશીએ વાત કરી કે, ગુજરાત સરકાર દ્વારા નિરાધાર વિધવા મહિલાઓને પેન્શન મળે છે, જેથી મેં 'ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના'નું ફોર્મ ભરતા મને સહાય મળતી થઈ છે.

ગોરીબહેન વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકારની આ યોજના દ્વારા મળતી સહાયથી ઘરનાં શાકભાજી, દૂધ જેવા ખર્ચાઓની ચુકવણી કરું છું. ઘરના ખર્ચાઓ માટે આ સહાય મને ટેકાસ્વરૂપ સાબિત થઈ છે.



તેમણે પોતાના સંઘર્ષપૂર્ણ જીવનને મદદરૂપ બનતી ગંગાસ્વરૂપા આર્થિક યોજના માટે રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.

છોટાઉદેપુરના વસેડી ગામનાં ઉજ્જ્વલા યોજનાનાં લાભાર્થી મંજુલાબહેન રાઠવા જણાવે છે કે, મને સરકારની ઉજ્જ્વલા યોજના હેઠળ ગેસની સગડી, સિલિન્ડર સાથેનું ગેસ કનેક્શન મળ્યું છે, જેનાથી મારી જીવનશૈલીમાં મોટું પરિવર્તન આવ્યું છે. આ પહેલાં હું ખેતરેથી થાકીને ઘરે આવી રાંધવા માટે કિટકા (લાકડારૂપી ઈંધણ) વીણવા જતી અને પછી રાંધતી. ચૂલા પર લાકડાં અને છાણાંથી રાંધતી વેળાએ નીકળતો ધુમાડો બહુ જ હેરાન-પરેશાન કરી દેનારો રહેતો. આંખે ધૂંધળું દેખાવું, આંખ તેમજ ચામડી પર બળતરા અને ફેફસાંમાં ધુમાડો જતાં શ્વાસ લેવામાં તકલીફ સહિત ઘરનાં નાનાં બાળકો અને વૃદ્ધો પણ ધુમાડાથી ભારે કનડગત અનુભવતાં હતાં. હું સરકારનો આભાર પાડ માનું છું કે, આપણા વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીના હૈયે મારા જેવી વંચિત મહિલાઓનું હિત વસેલું છે. ●

(સંકલન : દિલીપ / જીતેન્દ્ર / રાજ / ફારૂકઅહેમદ )



## કૃષિ વૈજ્ઞાનિકોને પ્રાકૃતિક કૃષિનું માર્ગદર્શન

હિમાચલ પ્રદેશના સોલન ખાતેની ડૉ. વાય એસ. પરમાર હોર્ટિકલ્ચર એન્ડ ફોરેસ્ટ્રી યુનિવર્સિટી ખાતે યોજાયેલાં 12માં દ્વિ-વાર્ષિક રાષ્ટ્રીય કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સંમેલનમાં દેશભરના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો-KVKનાં વૈજ્ઞાનિકોને પ્રાકૃતિક કૃષિ સંદર્ભે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે માર્ગદર્શન આપ્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે, 60ના દશકમાં ખાદ્યાન્ન ક્ષેત્રે દેશને સ્વાવલંબી બનાવવા ક્ષેત્રે કૃષિ વૈજ્ઞાનિકોનું પ્રદાન મહત્વપૂર્ણ રહ્યુ હતું. હવે પ્રાકૃતિક કૃષિથી લોકોના સ્વાસ્થ્યની રક્ષા માટે, ખેતી અને ખેડૂતોની સમૃદ્ધિ માટે વૈજ્ઞાનિકો સંકલ્પબદ્ધ બને. વૈજ્ઞાનિકોને પરિવર્તનના પ્રહરી ગણાવી તેમણે ગુજરાતમાં બે લાખ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયા હોવાનું ઉમેર્યું હતું.




## વિશ્વ સાયકલ દિવસે અમદાવાદમાં સાયક્લોથોન

વિશ્વ સાયકલ દિવસે અંગદાન એ જ મહાદાનના સંકલ્પને વેગવંતુ બનાવવા અમદાવાદમાં મંતવ્ય ન્યૂઝ આયોજીત સાયક્લોથોનનો પ્રારંભ મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે કરાવ્યો હતો. મંત્રીશ્રીઓએ સાયકલ ચલાવીને અંગદાનના સંદેશાને જનવ્યાપી બનાવવા માટે અપીલ કરી હતી. આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે લોકોને સ્વાસ્થ્ય માટે સાયક્લિંગ અતિમહત્ત્વનું હોવાનો સંદેશો પણ આપ્યો હતો. સાયક્લોથોનમાં અમદાવાદના મેયર શ્રી કિરિટભાઇ પરમાર, અમદાવાદ સિવિલ મેડીસિટીની વિવિધ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ સહીત ડાયરેક્ટર, ડીન શ્રીઓ, સમાજસેવક શ્રી દિલીપભાઇ દેશમુખ તથા અમદાવાદ શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## યોજનાકીય લાભોથી ગરીબોના જીવનમાં આવ્યું પરિવર્તન

શીમલામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલા ગરીબ કલ્યાણ સંમેલનમાં વડોદરાથી વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકર વર્ચ્યુઅલ સહભાગી બન્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્રીય યોજનાઓના લાભો મળતા ગરીબ લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. પાણી, આરોગ્ય, વીજળી, સ્વચ્છતા, રોજગારી જેવી પ્રાથમિક સુવિધાઓ આપવા માટે વડાપ્રધાનશ્રીએ કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મૂકી અને તેનું સુદ્રઢ અમલીકરણ કરાવ્યું છે. હવે નવા ભારતનું નિર્માણ થઇ રહ્યું છે. દેશના ગરીબોના જીવનધોરણમાં સુધારો થઇ રહ્યો છે. વિદેશ મંત્રીશ્રીએ લાભાર્થીઓના પ્રતિભાવ જાણ્યા હતા.

રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી ગુજરાતનાં મુખ્યમંત્રી હતા ત્યારે, તેમણે ગરીબ કલ્યાણ મેળા શરૂ કર્યા હતા. આ પરંપરા તેમણે વડાપ્રધાનશ્રી તરીકે પણ જાળવી રાખી છે. આ યોજનાનો હેતુ ગરીબો પ્રત્યે સંવેદનશીલ રહીને તેમના જીવનધોરણમાં બદલાવ લાવવાનો છે.વંચિતોને મુખ્યપ્રવાહમાં લાવવાનું કામ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે.





## ખીરી-બાલાચડીમાં ચેકડેમ-તળાવોનું ખાતમુહૂર્ત

જામનગર જિલ્લાના ખીરી અને બાલાચડી ગામે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે તળાવો અને ચેકડેમોનું  તેમજ ટાંકીનું ખાતમુહૂર્ત કર્યું હતું. કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,ખીરી અને બાલાચડી ગામે સિંચાઈ વિભાગ હસ્તકના ચાર તળાવો, ત્રણ ચેકડેમ અને પાણીની ઊંચી ટાંકી નિર્માણ પામવાથી વરસાદી પાણીનો સંગ્રહ થતાં ખેડૂતો સિંચાઈ માટે પાણીનો ઉપયોગ કરી શકશે. જ્યારે મંત્રીશ્રીએ જાંબુડા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સી.બી.સી. મશીનનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જામનગર જિલ્લાના જાંબુડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લોહી પરીક્ષણનું મશીન આવવાથી ગામના દર્દીઓને ઘર આંગણે વિનામૂલ્યે લોહી પરીક્ષણની સુવિધા મળી રહેશે. તેમજ તાત્કાલિક સારવાર પણ થઈ શકશે.



## નવી પારડીમાં સુમુલના આઈસ્ક્રીમ પ્લાન્ટનું વિસ્તૃતિકરણ

સુરતના કામરેજ તાલુકાના નવી પારડીમાં નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલ તેમજ કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં નવસારીના સાંસદ શ્રી સી.આર. પાટીલે 'પ્રાઈમ મિનિસ્ટર લિંક ઈન્સેન્ટીવ સ્કીમ' હેઠળ રૂ.૧૨૫ કરોડના ખર્ચે સુમુલના આઈસ્ક્રીમ પ્લાન્ટનું વિસ્તૃતિકરણ તથા આઈસ્ક્રીમ કોન મેકિંગ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે નાણા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સહકારી સંસ્થાઓ પર ટેક્ષનું ભારણ દૂર કરવાના અનેકવિધ પગલાં રાજ્ય સરકારે લીધાં છે. આ સમારોહમાં સાંસદશ્રીએ જણાવ્યું હતું કે, સુમુલ ડેરી સુરત જિલ્લાના પશુપાલકોને દૂધની યોગ્ય કિંમત પૂરી પાડી તેમને આર્થિક સશક્તિકરણ કરવાનું ઉમદા કાર્ય કરી રહી છે.



## કોડીનારમાં 'સ્વચ્છ ગુજરાત, હરિયાળુ ગુજરાત'નો સંકલ્પ

કોડીનારમાં 'ઓન્લી વન અર્થ' થીમ સાથે વૃક્ષારોપણ સહિત પર્યાવરણના જતન ઉપરાંત કુદરત સાથે સંતુલનમાં જીવન જીવવા સૌને અપીલ કરવામાં આવી હતી.વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ ક્લાઈમેટ ચેન્જ અંગે સમજ આપતા સૌને જણાવ્યું હતું કે, પર્યાવરણ પ્રત્યેની આપણી સૌની સહિયારી જવાબદારી છે. તેમણે સૌને સ્વચ્છ ગુજરાત હરિયાળું ગુજરાત બનાવવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. પર્યાવરણ જાગૃતિ અંગે કામગીરી બદલ 10 ગામના સરપંચોને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. મંત્રીશ્રી અને મહાનુભાવો દ્વારા ઓક્સિજન રથને પ્રસ્થાન કરાવવા ઉપરાંત વૃક્ષારોપણ કર્યું હતું.



## તાપીમાં આઠમાં તબક્કાનો સેવાસેતુ

તાપીનાં ઉચ્છલ તાલુકાના મિરકોટ ખાતે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદિપભાઈ પરમારના અધ્યક્ષસ્થાને આઠમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ઉપરાંત જિલ્લામાં વિવિધ સ્થળોએ સેવાસેતુના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી પ્રદિપભાઈ પરમારે જણાવ્યુ હતું કે, સરકાર પ્રજાના દ્વારે અભિગમ સાથે સેવાસેતુના કાર્યક્રમોનું આયોજન કર્યુ છે. વર્તમાન સરકાર ગરીબો અને વંચિતોની ચિંતા કરતી સરકાર છે. ગુજરાતની વિકાસગાથામાં સમગ્ર આદિવાસી સમાજનો સમાવેશ થાય તે માટે સરકાર કટિબદ્ધ છે.




## ૩૬૦ સ્વસહાય જૂથોને કેશ ક્રેડીટ એનાયત

ખેડા જિલ્લાના નડિયાદમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજના અન્વયે સ્વસહાય જૂથોને સામૂહિક લોન વિતરણ કાર્યક્રમમાં૩૬૦ સ્વસહાય જૂથોના ૩૬૬૦ સભ્યોને રૂા.૫૫૦ લાખની રકમની કેશ ક્રેડીટ એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જૂનસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, ગ્રામ્ય બહેનોના સ્વપ્નાઓ સખી મંડળના માધ્યમથી સાકાર થઈ રહયા છે. ગુજરાત સરકાર દ્વારા આઝાદીકા અમૃત મહોત્સવના ભાગ રૂપે ગુજરાતની તમામ બહેનોને આત્મનિર્ભર કરવાનો ધ્યેય છે. આ પ્રસંગે તેઓએ સખીમંડળની બહેનોની પ્રસંશા કરી ગ્રામ્ય જીવનમાં તેઓના આર્થિક ટેકોને મહત્ત્વનો ગણાવ્યો હતો.




## વડોદરામાં ‘સાંસદ ખેલ સ્પર્ધા’ યોજાઇ

વડોદરાના રમતવીરોને તેમજ ખેલ, સંસ્કૃતિ અને ખેલદિલીને પ્રોત્સાહિત કરવાના હેતુથી સાંસદ શ્રીમતી રંજનબહેન ભટ્ટ દ્વારા ‘સાંસદ ખેલ સ્પર્ધા-૨૦૨૨’નું આયોજન કરવામાં આવ્યું હતું. ગૃહ અને રમતગમત રાજ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીએ સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં મશાલ પ્રજ્વલિત કરીને સ્પર્ધાનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે શ્રી હર્ષભાઇ સંઘવીએ રમતવીરોને જીવનમાં રમતગમત અને ખેલદિલીનું મહત્વ સમજાવી ત્રિ-દિવસીય ખેલ સ્પર્ધા માટે ઉર્જાવાન બનાવતા કહ્યું હતું કે, “આ સ્પર્ધામાં ભાગ લેનાર હજારો બાળકોને અભિનંદન આપવા વડોદરા આવ્યો છું”. વડોદરાના ૧૫ હજારથી વધારે રમતવીરો પાંચ જેટલા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં ૧૩થી વધારે રમતોમાં ભાગ લીધો હોવાનું સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટે જણાવ્યું હતું.



## સુરત ‘આઇકોનિક વીક’ની ઉજવણી

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સુરતમાં ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ આઇકોનિક વીકનો પ્રારંભ કરાવ્યો હતો. ‘જન સમર્થ’ પોર્ટલએ સરકારી ધિરાણ યોજનાઓને લિંક કરતું વન-સ્ટોપ ડિજિટલ પોર્ટલ છે જે લાભાર્થીઓને ધિરાણકર્તાઓ સાથે સીધા જોડે છે. જન સમર્થન પોર્ટલમાં કેન્દ્ર સરકારની શિક્ષણ લોન, કૃષિ ઈન્ફ્રાસ્ટ્રકચર લોન, આજીવિકા લોન, બિઝનેસ એકટીવી લોન એમ ચાર કેટેગરીમાં ૧૩ પ્રકારની લોન મળશે.



## અમદાવાદમાં ચાલો પ્રકૃતિ તરફ પાછા વળીએ ટોક-શો

પર્યાવરણીય જીવનશૈલી અપનાવવાના મંત્ર સાથે પર્યાવરણ, સ્વચ્છતા, જળસંચય અને જળસંરક્ષણ માટે સંવાદિતા ઉભી થાય તે હેતુથી ચાલો પ્રકૃતિ તરફ પાછા વળીએ ટોક શૉ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વન પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે પર્યાવરણને લગતા વિવિધ 19 દિવસો ઉજવવામાં આવે છે પરંતુ, તેને એક દિવસ પૂરતી સીમિત ન રાખવી જોઈએ. સાથે જ તેમણે ભોજનનો બગાડ અટકાવવા ઉપસ્થિત નાગરિકોને અપીલ કરી હતી.



## કૌશલ્ય યુનિવર્સિટીના પોર્ટલનો પ્રારંભ

યુવાનોને કૌશલ્ય થકી તાલીમબદ્ધ કરવા યુનિવર્સિટીના રોજગારલક્ષી વ્યવસાયિક તાલીમ અને શિક્ષણની ઓનલાઈન માહિતી મળી શકે એ હેતુથી www.kaushalyaskilluniversity.ac.in નામની વેબસાઈટ અને ખાસ એડમિશન પોર્ટલ શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાના હસ્તે શરુ કરવામાં આવ્યું હતું. સાથેસાથે"કૌશલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી"માં વિક્ટોરિયા યુનિવર્સિટી -મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) સાથે ઓનલાઈન એમઓયુ થયા હતા. અમદાવાદના શીલજ વિસ્તારમાં 'કૌશલ્ય ધ યુનિવર્સિટી'નું ભવન નિર્માણ પામશે તેમ જણાવતા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે યુનિ.માં ૯ પ્રકારના ડિગ્રી કોર્સ અને ૭૫ જેટલા સર્ટીફીકેટ કોર્સમાં પ્રવેશ આપવામાં આવશે.



## જામનગરમાં સખી વન સ્ટોપ સેન્ટરનું ખાતમુહૂર્ત

જામનગરમાં સખી વન સ્ટોપ સેન્ટરનું મહિલા અને બાળવિકાસ રાજ્ય મંત્રી શ્રી મનીષાબહેન વકીલે ખાતમુહૂર્ત કર્યું હતું. આ સેન્ટર રૂ.૫૦ લાખના ખર્ચે અંદાજે ડિસેમ્બર મહિના સુધીમાં નિર્માણ પામશે. ઉપરાંત તેઓએ વિકાસગૃહ રોડ પાસે આવેલા સખી વન સ્ટોપ સેન્ટરની મુલાકાત લીધી હતી. ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. આ સાથે તેમણે અમદાવાદમાં વિમેન હેલ્થકેર જીસીસીઆઈ 2022માં ઉપસ્થિત મહિલાઓને આત્મનિર્ભર બનવા અહ્વાનઆપ્યું હતું. 'ઉદ્યમી પોર્ટલનું લૉન્ચિંગ કરતી વેળા આ પોર્ટલ મહિલાઓના આરોગ્ય અને સુખાકારીની વિશેષ કાળજી લેવામાં ઉપયોગી બની રહેશે, એવો આશાવાદ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો.



## સુરતમાં દ.ગુજરાતનું પ્રથમ 'અમૃત્તમ રિટેલ આઉટલેટ' શરૂ

સમગ્ર રાજ્યના ખેડૂતોની પેદાશોનું પ્રોસેસિંગ, મૂલ્યવર્ધન કરી નિકાસ દ્વારા ખેડૂતોને વધુ ભાવો મળી રહે તેવા આશયથી રિટેલ આઉટલેટ શરૂ કરવામાં આવ્યું છે. સુરતની APMCમાં દક્ષિણ ગુજરાતના પ્રથમ 'APMC અમૃત્તમ રિટેલ આઉટલેટ' અને સુમુલ પાર્લરનું ઉદ્દઘાટન કરતાં કૃષિ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સુરત APMC યોગ્ય વહીવટ અને મેનેજમેન્ટના કારણે કૃષિ વ્યવસ્થાપનમાં રાજ્યભરમાં અગ્રેસર રહી છે. લીલા કચરામાંથી ગેસ બનાવવાનું કાર્ય પણ સુરત APMC કરી રહી છે જે સરાહનીય છે.



## કચ્છની આરોગ્ય સુવિધામાં વધારો

કચ્છની આરોગ્ય સુવિધામાં વધારો થયો છે. આદિપુર ગાંધીધામમાં રૂ.૮.૨૨ કરોડના ખર્ચે નવ નિર્મિત સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલ રામબાગનું અને જુની હોસ્પિટલ બિલ્ડિંગનાં વિસ્તૃતિકરણનું તેમજ ભુજ ખાતે નવનિર્મિત માનસિક આરોગ્યની હોસ્પિટલના બિલ્ડીંગનું લોકર્પણ વિધાનસભા અધ્યક્ષા શ્રી નીમાબહેન આચાર્યની ઉપસ્થિતિમાં આરોગ્ય રાજ્યમંત્રી શ્રી નિમિષાબહેન સુથારે કર્યું હતું. જ્યારે આ પ્રસંગે જિલ્લાને સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ મળે તે માટે અધ્યક્ષાશ્રીએ રાજ્યમંત્રીશ્રીને અનુરોધ કર્યો હતો.




## બનાસકાંઠાના રૂ.૧૬.૮૧ કરોડના ૮૮૪ વિકાસ કામો મંજૂર

બનાસકાંઠાના પાલનપુરમાં અન્ન નાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં વર્ષ- ૨૦૨૨-૨૩ના બનાસકાંઠા જિલ્લાના ૧૪ પૈકી ભાભર અને કાંકરેજ સિવાયના ૧૨ તાલુકા માટે રૂ. ૧૬.૮૧ કરોડના ૮૮૪ વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યાં હતાં. જિલ્લાની ૬ નગરપાલિકાઓ દ્વારા રૂ.૧.૬૫ કરોડના ૨૯ કામોનું આયોજન રજૂ કરવામાં આવ્યું હતુ. આ બેઠકમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, લોકો સુધી વિવિધ યોજનાઓનો લાભમળે માટે દર વર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. મંજૂર કરવામાં આવેલા વિકાસકામો ગુણવત્તાયુક્ત અને સમયમર્યાદામાં પૂર્ણ કરવા તેમણે અમલીકરણ અધિકારીઓને સૂચના આપી હતી.



## મોરબીમાં વિવિધ કલ્યાણ યોજનાઓના લાભો અપાયા

મોરબીમાં 'આઠ વર્ષ સેવા સુશાસન અને ગરીબ કલ્યાણ' કાર્યક્રમ પશુપાલન રાજ્યમંત્રી શ્રી દેવાભાઇ માલમના અધ્યક્ષસ્થાને તથા શ્રમ રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઇ મેરજાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જનસુખાકારીના સંકલ્પને સરકારની નેમ ગણાવતા મંત્રી શ્રી દેવાભાઇ માલમે જણાવ્યું હતું કે, સમાજ કલ્યાણની વિવિધ યોજનાઓ દ્વારા છેવાડાના લોકોની દરકાર લેવામાં આવી રહી છે. સરકારની વિવિધ જનકલ્યાણની યોજનાઓનો ચિતાર આપી તેનાથી સમાજમાં આવેલ પરિવર્તન અંગે વિસ્તૃત તેમણે છણાવટ કરી હતી. આ પ્રસંગે મહાનુભવોના હસ્તે સખીમંડળ, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વનિધિ યોજના, ઉજ્જવલા, મુદ્રાયોજના, વન નેશન વન રેશન, આયુષ્માન ભારત તેમજ પોષણ યોજનાના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરાયું હતું.



## મુંદ્રામાં કન્યા વિદ્યાલયના નૂતન ભવનનું ઉદ્ઘાટન

મુંદ્રામાં શેઠ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સી.કે.એમ કન્યા વિદ્યાલયના નૂતન ભવનના ઉદ્ઘાટન અને શેઠ આર.ડી.ઉ.મા. વિદ્યાભવનનો ભૂમિપૂજન કાર્યક્રમ વિધાનસભાના અધ્યક્ષાશ્રી ડો. નીમાબેન આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રંસગે વિધાનસભા અધ્યક્ષાશ્રીએ દાતાશ્રીઓને અભિનંદન આપતા કહ્યું હતું કે, દાતાશ્રીઓએ સરકાર અને સહકારના સંકલનનો પુરેપુરો ઉપયોગ કરીને કન્યા કેળવણીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ પ્રસંગે દાતાશ્રીઓનું સન્માન તથા શેઠ આર.ડી એજ્યુકેશન ટ્રસ્ટના પુસ્તકનું લોકાર્પણ અને તેજસ્વી છાત્રોને પ્રમાણપત્ર આપીને સન્માન કર્યું હતું.



## નડિયાદમાં રસ્તાઓના વિકાસના કામોનું ખાતમુહૂર્ત

નડિયાદમાં રસ્તા વિકાસના કામોનું વિધાનસભાના દંડક શ્રી પંકજભાઈ દેસાઈ દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ખાતમુહૂર્તમાં નડિયાદ સિટીના ૬૦ જુદા-જુદા રસ્તાના કામો થવાના છે, જેમાં રૂપિયા 2.60 કરોડના ખર્ચે વોર્ડમાં રસ્તાના સમારકામો થશે. વિધાનસભાના દંડકશ્રી એ ખાતમુહૂર્ત કાર્યક્રમ બાદ નગરજનોના પ્રશ્નો સાંભળી તેમના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા. આ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ શ્રી રંજનબહેન વાઘેલા, નગરપાલિકાની કમિટીના ચેરમેન, કાઉન્સીલરો તેમજ મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

# વિસનગર માટે રૂ. ૧૭૯ કરોડના ખર્ચે જળ વિતરણની વ્યવસ્થા




વિસનગરના શહેરી અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૧૭૯ કરોડના ખર્ચે નિર્માણ પામેલી વિસનગર જૂથ પાણીપુરવઠા યોજના અને બે સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું તાજેતરમાં આરોગ્ય, જળસંપત્તિ અને પાણીપુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે લોકાર્પણ કર્યું હતું. કોરોનાની વિકટ પરિસ્થિતિઓ વચ્ચે પણ ફક્ત ૨૧ મહિનાના ટૂંકા ગાળામાં વિસનગરને પાણીદાર બનાવવાની લોકોપયોગી યોજના પૂર્ણ કરવામાં આવી છે, જેમાં ૧૫૦ કરોડના ખર્ચે કાર્યરત થયેલી વિસનગર જૂથ પાણીપુરવઠા યોજનામાં ૫૪ ગામો અને શહેર, જ્યારે ૨૯ કરોડના ખર્ચે તૈયાર થયેલી સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી વિસનગરના વિવિધ વિસ્તાર લાભાન્વિત બનશે.

આ પ્રસંગે મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, નર્મદાના નીર થકી વિસનગરના ગામેગામે શુદ્ધ પીવાનું પાણી પહોંચતાં હવેથી ગ્રામ્ય વિસ્તારમાં દૈનિક ધોરણે વ્યક્તિદીઠ ૧૦૦ લિટર અને શહેરી વિસ્તારમાં ૧૪૦ લિટરના આયોજન સાથે સમગ્ર તાલુકામાં ૫ કરોડ અને ૪૦ લાખ લિટરનું શુદ્ધ પીવાનું પાણી દૈનિક ધોરણે ઉપલબ્ધ બન્યું છે તેમ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ ગૌરવપૂર્ણ કહ્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજે સમગ્ર ગુજરાતના ખૂણે-ખૂણે પાણી પહોચતું થયું છે તથા નર્મદાની વિવિધ કેનાલનું ૯૬ ટકા જેટલું કાર્ય પૂર્ણ થયું છે, જેથી રાજ્યમાં પાણીનું સંકટ હવે ભૂતકાળ બન્યો છે. આજે રાજ્યમાં ૬૮ લાખ હેક્ટરમાં પિયત કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે સાંસદ શ્રી શારદાબહેન પટેલ, ધારાસભ્ય સર્વ શ્રી કરસનભાઈ સોલંકી, અજમલજી ઠાકોર સહિત પદાધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## શાળા પ્રવેશોત્સવથી જ્ઞાનશક્તિના ખૂલ્યાં દ્વાર

આપણે ત્યા કહેવાયુ છે કે, શિક્ષિત દિકરી બે પરિવારને તારે છે. શિક્ષણની આવી જરૂરીયાતને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખરા અર્થમાં જાણી અને રાજ્યના તમામ દીકરા-દીકરીઓને શિક્ષિત કરવાનો સંકલ્પ કર્યો. વર્ષ 2001માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની શાસન ધૂરા સંભાળી ત્યારે શાળા ડ્રોપ આઉટ રેશિયો ખૂબ ઊંચો હતો. પ્રાથમિક શિક્ષણ જેવા અગત્યના રહેલા ક્ષેત્રે તેઓએ રસ લેવાનું શરૂ કર્યુ અને ક્રાંતિકારી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના અનોખા અભિયાનનો પ્રારંભ થયો.

તેમણે વર્ષ ૨૦૦૩-૦૪માં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કર્યો. જેના થકી અંતરિયાળ ગામડાઓમાં અજ્ઞાનનો અંધકાર દૂર કરી શિક્ષણની જ્યોત પ્રગટી. છેવાડાના ગામડાઓમાં જઈ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંકલ્પ કર્યો કે તેઓ ગુજરાતને સો ટકા શિક્ષિત બનાવીને જ સંતોષનો શ્વાસ લેશે .

શિક્ષણ ક્ષેત્રે એક નવી જ પહેલ કરીને શાળાપ્રવેશ જેવી અગત્યની બાબતને સાર્વત્રિક સ્વરૂપ આપીને શાળાપ્રવેશના દરમાં નોંધપાત્ર વૃધ્ધિની સિધ્ધિ હાંસલ કરવામાં સફળતા મેળવી છે. સામાન્ય રીતે બનતું એવું કે, વેકેશન ખુલે એટલે વાલીઓ પોતાના બાળકોને શાળામાં પ્રવેશ કરાવે, પરંતુ શાળા પ્રવેશ જેવી બાળકના જીવનમાં પરિવર્તન લાવતી એક મહત્વપૂર્ણ ઘટના છતાં પણ આવા પ્રસંગે ગામમાં, ઘરમાં કે શાળામાં કોઇ ઉત્સવનું વાતાવરણ ન હતું.



બાળકનો જ્યારે પેહલી વખત શાળામાં પ્રવેશ થાય ત્યારે આ બાળકના ભાવી જીવનની કારકિર્દીના વિકાસનો એક ટર્નીંગ પોઈન્ટ બની શકે છે, ત્યારે આવા મહત્વપૂર્ણ ઘટનાક્રમ ને કોઈ વિશેષ મહત્વ આપ્યા વિના કઈ રીતે સ્વીકારી લેવાય?

શાળા પ્રવેશોત્સવની પહેલના કારણે રાજ્યમાં પ્રાથમિક શાળામાં (ધોરણ ૧ થી ૫માં) વિધાર્થીઓના શાળા છોડી જવાના દરમાં (drop out rate)માં ઘટાડાની પ્રક્રિયા ઉત્સાહજનક રહી છે. પ્રાથમિક (ધોરણ ૧ થી ૫) વિભાગનો શાળા છોડી જવાનો દર વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં ૨૨.૩૦ ટકાથી નોંધપાત્ર ઘટી વર્ષ ૨૦૧૯-૨૦માં ૧.૩૭ ટકા થયો છે. ધોરણ ૧ થી ૮માં શાળા છોડી જવાનો દર વર્ષ ૨૦૧૯-૨૦માં ૩.૩૯ ટકા થયો છે. રાજ્યમાં પ્રાથમિક શાળામાં (ધોરણ ૧ થી ૮માં) વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ પ્રવેશ દર તથા ચોખ્ખો પ્રવેશ દર અનુક્રમે ૧૦૨.૧૦ ટકા અને ૯૯ ટકા નોંધાયો છે. ●

# પરિચય પાટણ જિલ્લાનો...

✎ કૌશિક ગજ્જર

રાજવી શૌર્ય અને આચાર્ય હેમચંદ્રાચાર્યના સંસ્કારનો સમન્વય કેળવી એક છેવાડે રણ અને ઓછો વરસાદ ધરાવતા પાટણની પાણીદાર પ્રજાએ ઐતિહાસિક મૂલ્યો સાચવવાની સાથે સાથે વિકાસના પથ પર આગેકૂચ કરી છે. અહીં જુના શહેરને સાચવી અડિખમ ઉભેલો હજારો વર્ષ જુનો કોટ છે તો સૂર્યઉર્જા થકી વીજ ઉત્પાદન કરતો એશિયાનો સૌથી મોટો સોલર પાર્ક પણ છે.

પાટણ નામ સંસ્કૃત શબ્દ પતનમ્ પરથી ઉતરી આવેલુ છે. અનુશ્રુતિ પ્રમાણે નવું નગર વસાવવા ભૂમિની શોધ કરનાર રાજા વનરાજ ચાવડાએ વિક્રમ સંવત ૮૦૨ માં તેમના મિત્ર અણહિલ ભરવાડે સરસ્વતી નદીના કિનારે બતાવેલી જગ્યાએ શહેરની સ્થાપના કરી. પાટણનો પાયો નાંખનાર વનરાજ ચાવડાએ પોતાના મિત્રના નામ પર શહેરનું નામ અણહિલપુર પાટણ પાડ્યું હોવાનું કહેવાય છે.

અહીંના વિદ્યાધરોએ વિશ્વના શ્રેષ્ઠ સાહિત્યમાં પોતાનું યોગદાન આપ્યુ છે. સોલંકી યુગ દરમિયાન થઈ ગયેલા કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્ય જેવા ચમકતા જ્ઞાનપૂંજનું ઋણ સાહિત્ય કદી નહીં વિસરી શકે. તેમણે રાજા સિદ્ધરાજની વિનંતીથી સિદ્ધહેમશબ્દાનુશાસન નામનો વ્યાકરણ ગ્રંથ રચ્યો. જ્ઞાનવત્સલ રાજા સિદ્ધરાજે આ ગ્રંથને હાથીની અંબાડી પર પધરાવી વરઘોડો પાટણ નગરમાં ફેરવી જ્ઞાનનું બહુમાન કર્યું હતુ.

**સૌરઉર્જાથી વીજ ઉત્પાદનમાં અગ્રેસર પાટણ :** આજે જ્યારે ક્રુડ ઑઈલનો વપરાશ વધી રહ્યો છે અને ભૂગર્ભ જથ્થો પણ ઘટી રહ્યો છે. સમગ્ર દેશમાં ગુજરાત સૌરઉર્જા ક્ષેત્રે આગેવાની લઈ રહ્યું છે ત્યારે પાટણ જિલ્લો સૌરઉર્જા ઉત્પાદનમાં અગ્રેસર રહ્યો છે. ભારતમાં પાટણ જિલ્લાના ચારણકાના રણપ્રદેશમાં સૌથી વધુ સોલર રેડિયેશનની માત્રા ઉપલબ્ધ છે. જેના કાર્યક્ષમ ઉપયોગ દ્વારા સૌરઉર્જા થકી વીજ ઉત્પાદન મળે અને ઉર્જાના બિનપરંપરાગત સ્ત્રોત દ્વારા પ્રદુષણમાં ઘટાડાની સાથે સાથે સસ્તા ભાવે વીજળી મળી રહે તે માટે પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ચારણકા ગામમાં ઍશિયાનો સૌથી મોટો સોલર પાર્ક તૈયાર કરવામાં આવ્યો છે. ચારણકામાં ૨૦૦૦ હેક્ટર પડતર જમીનમાં ડિસેમ્બર ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રીના હસ્તે તેનો શિલાન્યાસ થયો હતો. આ સોલર પાર્ક વિકસાવવા માટે ગુજરાત સરકાર સાથે દેશ વિદેશની ૨૧થી પણ વધુ આંતરરાષ્ટ્રીય સોલર પાવર કંપનીઓ સહભાગી બની હતી. શિલાન્યાસના માત્ર એક વર્ષના ટુંકા ગાળામાં ૫૦૦ મેગાવૉટથી વધુ સૌરઉર્જાથી વિજ ઉત્પાદન કરતો ચારણકા સોલર પાર્ક કાર્યરત કરવામાં આવ્યો હતો.

આ સોલર પાર્કમાં સૂર્યઉર્જાથી વીજ ઉત્પાદન થતાં ક્લિન એનર્જીથી વર્ષે એંશી લાખ ટનથી વધુ કાર્બન ડાયઓક્સાઈડનું પ્રદુષણ ઘટવા પામ્યું છે. કોલસા, ગેસ જેવા કુદરતી ઈંધણની બચતથી પર્યાવરણ સંવર્ધનની દિશામાં ગુજરાતે ઐતિહાસિક ક્રાંતી સર્જી છે.


**જ્ઞાન-વિજ્ઞાનનો અનોખો સંયોગ... :** આચાર્ય હેમચંદ્રસૂરીશ્વરજીના જ્ઞાનથી દિપ્તિમાન પાટણની ધરતી પર આધુનિક વિજ્ઞાનની ગાથા દર્શાવતા રિજનલ સાયન્સ સેન્ટરથી જ્ઞાન-વિજ્ઞાનનો અનોખો સંયોગ સર્જાવા જઈ રહ્યો છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) દ્વારા જનસામાન્યમાં વૈજ્ઞાનિક અભિગમ ઉભો કરી વિજ્ઞાન પ્રત્યે લોકજાગૃતિ કેળવવા, વિજ્ઞાન અને ટેક્નોલોજી તથા સમાજ વચ્ચે આદાન-પ્રદાનના માધ્યમ તરીકે ભાગ ભજવવા, આસપાસના વિસ્તારોના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે સ્ત્રોત તરીકે સુવિધા પુરી પાડવા રિજિયોનલ સાયન્સ સેન્ટર નિર્માણ પામ્યું છે.

એકસમયે પૃથ્વી પર રાજ કરતા ડાયનાસોરની જીવંત કદની પ્રતિકૃતિઓને નજીકથી નિહાળવા તથા ડાયનોસોરના ઉદ્દવિકાસ અને લુપ્ત થવાના કારણોની સમજૂતી આપતી ડાયનાસોર ગેલેરી, માનવ ઉદ્દવિકાસ, વિવિધ અંગોના તથા પ્રણાલીઓના કાર્યો અને જેનેટિક્સ જેવા માનવ વિજ્ઞાન સાથે સંકળાયેલા પાસાઓ અને પૃથ્વી પર જીવનના વિકાસને લગતી રસપ્રદ માહિતીઓનો સમાવેશ કરતી હ્યુમન સાયન્સ ગેલેરી, આવનારી પેઢીના યુવાધનને પ્રેરણા આપતી નોબલ પ્રાઈઝ ગેલેરી,













જમીન વગર થતી ખેતીની પદ્ધતિ સમજાવતી હાઈડ્રોપોનિક્સ ગેલેરી અને પ્રકાશ પાછળનું વિજ્ઞાન, તેની ક્રિયા-પ્રતિક્રિયા અને પ્રકાશ આધારિત વિવિધ સાધનો દર્શાવતી ઓપ્ટીક્સ ગેલેરી સાથે 10 એકર વિસ્તારમાં ફેલાયેલુ આ સાયન્સ મ્યુઝિયમ પાટણ તેમજ ઉત્તર ગુજરાતના જિલ્લાના નાગરિકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

**ખનીજ સંપત્તિ :** વ્હાઈટ ક્લે, રેડ ક્લે, બોલ ક્લે અને ચાઈના ક્લે જિલ્લાની મુખ્ય ખનીજ સંપત્તિ છે. આલુવાસ, ચારણકા અને પાટણકા વિસ્તારમાંથી મળતી આ ક્લેની મોટા પાયા પર મોરબી ખાતે નિકાસ કરવામાં આવે છે. જ્યાં સિરામિક ઉદ્યોગમાં તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે.

**જિલ્લાના મુખ્ય પાક :** જિલ્લો મુખ્યત્વે ખેતી પર આધારીત છે, ચાસવા ઘઉ, બાજરી, જીરૂ, ગુવાર, સવા, વરિયાળી, તલ, ચણા, ગાજર અને શાકભાજી મુખ્ય પાકો છે. આ ઉપરાંત બટાકા, ખારેક અને દાડમનું વાવેતર કરવામાં આવે છે.

**ટાઉન પ્લાનિંગનું પાયોનિયર પાટણ :** પાટણ શહેરની ફરતે બનાવેલો આશરે પાંચ માઈલનો ઘેરાવો ધરાવતો કિલ્લો(કોટ), ગુંગડી, કનસડા, મોતીશાહ, ફાટીપાળ, અઘારો, બગવાડા, છીંડિયા, ભઠ્ઠીવાડા એમ બાર દરવાજા અને એક બારી થોડા ઘણા અંશે જીર્ણ થયા હોવા છતાં શહેરના ભવ્ય ઈતિહાસની સાક્ષી પૂરતા હજી પણ અડિખમ ઉભા છે. બગવાડા દરવાજા પાસે પાટણના નગરપતિ સમ્રાટ સિદ્ધરાજ જયસિંહની પ્રતિમાની આભા શહેરને ધબકતું રાખે છે.

**લોકશિક્ષણના પ્રખર માધ્યમનું ઉદ્‌ભવસ્થાન :** પાટણની પ્રખરતાની પ્રતીતિ કરાવતી ભવાઈ એક એવુ પરંપરાગત માધ્યમ છે જેના થકી અનેરૂ લોકરંજન અને લોકશિક્ષણ નિષ્પન્ન થતુ રહ્યું. ભવાઈ એ અણહિલવાડ દ્વારા ગુજરાતને મળેલી અનુપમ સૌગાદ છે. ભવાઈની નાટ્યકલાના આર્ષદ્રષ્ટા આનર્તના મહાન લોક કલાકાર શ્રી અસાઈત ઠાકરે ૩૦૦ જેટલા વેશનું નિર્માણ કરી લોકાભિમુખ બનાવી.

કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય, સ્વામી સચ્ચિદાનંદ, ભવાઈના આદ્યપિતા અસાઈત ઠાકર, દાનવીર અને સમાજસેવક શેઠશ્રી કિલાચંદ દેવચંદ, ઉદ્યોગ સાહસિક કરશનભાઈ પટેલ, આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદ્ ડૉ. રવિન્દ્ર દવે જેવી અનેક વિભૂતિઓ અને વ્યક્તિવિશેષોએ પાટણની ધરાને ગૌરવ બક્ષ્યુ છે.

**જ્યારે પાટણ જિલ્લો બન્યો :** ઐતિહાસિક પાટણ જિલ્લો જૂના મહેસાણા તથા બનાસકાંઠા એમ બે જિલ્લામાં સમાવિષ્ટ હતો. ગુજરાત સરકારે 2જી ઑક્ટોબર ૧૯૯૭માં જિલ્લા તથા તાલુકાઓનું વિભાજન કરતાં મહેસાણા જિલ્લાના પાંચ તાલુકાઓ પાટણ, હારીજ, સિદ્ધપુર, ચાણસ્મા અને સમી તથા બનાસકાંઠા જિલ્લાના બે તાલુકાઓ રાધનપુર અને સાંતલપુર મળી પાટણ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો. છેલ્લે ૨૦૧૩માં સરસ્વતી અને શંખેશ્વર એમ બે નવીન તાલુકાઓ મળી કુલ નવ તાલુકાઓનો પાટણ જિલ્લામાં સમાવેશ થાય છે.

**પરદેશમાં પણ પોંખાયેલા પાટણના પટોળા :** પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહીં. પાટણનું પટોળું વિશ્વની શ્રેષ્ઠ હસ્તકારીગરીનો બેનમૂન નમૂનો છે. યંત્રોના આવિષ્કાર પહેલાં બુદ્ધિ અને શક્તિના સહારે વિકસાવેલા પટોળાં આજે ભવ્ય સાંસ્કૃતિક વારસા તરીકે સ્થાન પામ્યા છે. શુદ્ધ રેશમના એક એક તારનું હાથથી વણાટકામ કરી ૦૩ માણસોની ૦૪ મહિના જેટલી મહેનત બાદ તૈયાર થતા પટોળાં ખૂબ જ ઊંચી કીમતમાં વેચાય છે.

**વિશ્વ વિરાસત રાણીની વાવ :** સોલંકી વંશના ભીમદેવ પહેલાંની પત્ની રાણી ઉદયમતીએ બંધાવેલી સાત માળની વાવ શિલ્પ અને સ્થાપત્યની દ્રષ્ટીએ બેનમૂન છે. વિશ્વ પ્રસિદ્ધ રાણીની વાવ(રાણકી વાવ) ને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મળ્યુ છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા રાણીની વાવને રૂ.૧૦૦ ની ચલણની નોટ પર સ્થાન મળ્યું છે.

**સહસ્ત્રલિંગ તળાવ :** શિવના પરમ ઉપાસક સમ્રાટ સિદ્ધરાજ જયસિંહે એક વિશાળ સરોવર બંધાવી તેના કિનારા પર એક હજાર શિવાલય સ્થાપિત કરાવ્યા હતા. સહસ્ત્રલિંગ તળાવના નામે સુપ્રસિદ્ધ સરોવર કે જેમાં સરસ્વતી નદીના નીર ગળાઈને આવતા, તે સમયની અદ્ભુત ઈજનેરી ક્ષમતાના એ પ્રતિક સમુ છે.

**માતૃતર્પણનું મહાન તીર્થ બિંદુ સરોવર :** જિલ્લાના સિદ્ધપુર તાલુકામાં પુણ્યસલિલા સરસ્વતિના કાંઠે આવેલુ બિંદુ સરોવર માતૃતર્પણ માટે વિશ્વ પ્રસિદ્ધ છે. ભગવાન પરશુરામે માતા રેણુકાનું માતૃતર્પણ બિંદુ સરોવરમાં કર્યુ હતુ અને પૌરાણિક પુષ્ટી વચ્ચે ગુજરાતના કાશી ગણાતા સિદ્ધપુરના બિંદુ સરોવરમાં આજના દિવસે પણ ભારતભરમાંથી હજારો લોકો માતૃતર્પણ માટે અહીં આવે છે. ●

## નારી સશક્તીકરણની દિશામાં ગુજરાતનું આગેકદમ

# PMના વરદ હસ્તે મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાનો આરંભ અને પોષણ સુધા યોજનાનું વિસ્તરણ થશે



દેશમાં કે રાજ્યમાં લોક કલ્યાણલક્ષી અભિયાનની સફળતા પાછળ સૂક્ષ્મતાપુર્વકના આયોજનને પાર પાડનાર દ્રષ્ટીવંત પથકર્શકની ભૂમિકા મહત્વની હોય છે. ગુજરાતના પનોતાપુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના બે દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. વડાપ્રધાનશ્રીના પ્રવાસ અંગે પ્રવક્તા મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ વિગતો આપતા જણાવ્યુ હતુ કે, આ પ્રવાસ દરમિયાન વડોદરા ખાતે યોજાનાર કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી દ્વારા રેલવે વિભાગ હસ્તકના ગુજરાતના રૂ.૧૬,૩૬૯ કરોડના વિવિધ ૧૮ પ્રકલ્પોના ખાતમુહૂર્ત લોકાર્પણ કરવામાં આવનાર છે. જેમાં પાલનપુર-મદાર ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરનું લોકાર્પણ તેમજ અમદાવાદ - બોટાદ પેસેન્જર ટ્રેનનું ફ્લેગ ઓફ કરવામાં આવશે. તે ઉપરાંત સુરત, ઉધના, સોમનાથ અને સાબરમતી સ્ટેશનના રીડેવલપમેન્ટના કામોના ખાતમુહૂર્ત તથા ગેજ કંવર્જેશન સહિતના વિવિધ પ્રકલ્પોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્યના ગરીબ અને મધ્યમ પરિવારોને ઘરનું ઘર મળી રહે તે માટે શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વડાપ્રધાનશ્રી દ્વારા ૮૯૦૭ આવાસોના લાભો લાભાર્થીઓને આપવામાં આવશે.

પ્રવક્તા મંત્રીશ્રીએ વિગતો આપતાં કહ્યું હતું કે, આગામી તા.૧૭ અને ૧૮ જૂન-૨૦૨૨ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાત પ્રવાસે આવનાર છે. વડાપ્રધાનશ્રી તા.૧૮મી જૂન, શનિવારના પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના દર્શન કરીને ત્યાર બાદ વિરાસત વન(પાવાગઢ નજીક)ની મુલાકાત લેશે. વડાપ્રધાનશ્રીની વિશેષ ઉપસ્થિતિમાં વડોદરાના લેપ્રસી ગ્રાઉન્ડ ખાતે બપોરે "ગુજરાત ગૌરવ અભિયાન" કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેશે.

વડાપ્રધાનશ્રી મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાનો શુભારંભ કરાવશે. વડાપ્રધાનશ્રી આ કાર્યક્રમમાં "પોષણ સુધા યોજના"નુ વિસ્તરણ કરશે તેની વિસ્તૃત માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યુ કે, સ્ત્રીના જીવનમાં સગર્ભા અને ધાત્રી અવસ્થા ખૂબ મહત્વપૂર્ણ છે. આ અવસ્થા દરમિયાન માતાના ગર્ભમાં રહેલા શિશુને અને બાળકને સ્તનપાન કરાવવા માટે વધુ પ્રમાણમાં પોષણની જરૂરિયાત રહે છે. માતાની આ જરૂરિયાતને પહોંચી વળવા રાજ્ય સરકારે પ્રાયોગિક ધોરણે વર્ષ ૨૦૧૭-૧૮માં "પોષણ સુધા યોજના" શરૂ કરવામાં આવી હતી. જે અંતર્ગત આંગણવાડી ઉપર નોંધાયેલ સગર્ભા અને ધાત્રી માતાઓને એક વખતનું સંપૂર્ણ ભોજન આપવામાં આવે છે. આ સાથે આર્યન, કેલ્શિયમની ગોળી તથા આરોગ્ય પોષણ શિક્ષણ આપવામાં આવે છે. પ્રાયોગિક ધોરણે હાલ રાજ્યના આદિજાતી વિસ્તારમાં દાહોદ, વલસાડ, મહીસાગર, છોટાઉદેપુર અને નર્મદા એમ પાંચ જિલ્લાના ૧૦ ICDS ઘટકમાં સ્પોટ ફીડિંગ કાર્યક્રમ ચાલુ છે. આ યોજનાના સારા પરિણામો મળતા વર્ષ-૨૦૨૨-૨૩થી તેનો વ્યાપ વધારીને તમામ બાકી રહેલા આદિજાતિ વિસ્તાર જિલ્લાઓના આદિજાતિ ઘટકોમાં અમલીકરણ કરવામાં આવશે.




મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, આ યોજના માટે વર્ષ-૨૦૨૨-૨૩માં રૂ.૧૧૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત અંદાજીત સવા લાખ લાભાર્થીઓને દર મહિને આવરી લેવામાં આવશે. યોજનાના અસરકારક મોનિટરિંગ અને રિવ્યૂ માટે મોબાઈલ એપ્લીકેશન પણ બનાવવામાં આવી છે. આ યોજનાના અમલીકરણ થકી ઓછું વજન સાથે જન્મ લેનાર શિશુઓના દરમાં ઘટાડો થશે. તે ઉપરાંત માતા અને નવજાતના પોષણ સ્તરમાં સુધારો થશે તેમજ માતા અને બાળ મૃત્યુ દરમાં ઘટાડો થશે. ●



# વેડંચા ગામ બન્યું ગ્રે-વોટર ટ્રીટમેન્ટનું ઉત્તમ મોડેલ

✎ રેસુંગ ચૌહાણ




ભારત સરકારની ફ્લેગશીપ યોજના સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) હેઠળ ગ્રામ્ય ક્ષેત્રે સ્વચ્છતા લાવવાના હેતુને સાચા અર્થમાં સાર્થક કરવા માટે ઘન અને પ્રવાહી કચરા વ્યવસ્થાપનની વિવિધ પ્રવૃતિઓ ઉપર ભાર મુકવામાં આવી રહ્યો છે. જેના માટે ડોર ટુ ડોર કલેક્શન, પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ, ગ્રે-વોટર મેનેજમેન્ટ, ફિકલ સ્લજ મેનેજમેન્ટ વગેરેની વ્યવસ્થાને વ્યાપક બનાવવાનો ગુજરાતમાં પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ગ્રામ વિકાસ વિભાગના આવા નવિન પ્રયોગોના ભાગરૂપે બનાસકાંઠાના પાલનપુર તાલુકાના વેડંચા ગ્રામ પંચાયત આ અંગે પહેલ કરીને ૩૦ ટકા ઘરોમાંથી આવતા ગ્રે-વોટર (બાથરૂમ અને રસોડામાંથી આવતા ગંદા પાણી)ની ટ્રીટમેન્ટ કરી ખેતી માટે વપરાશ લાયક બનાવવું અને ભૂગર્ભ જળ રિ-ચાર્જ કરવાનું નક્કી કર્યુ છે. તેના માટે વેડંચા ગ્રામ પંચાયતે વાસ્મોનો ટેકનિકલ સપોર્ટ મેળવીને બનાસકાંઠા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના માર્ગદર્શન હેઠળ તેમના સહયોગથી રૂા. ૫.૫૫ લાખના ખર્ચે સરળ ટેકનોલોજીનો ઉપયોગ કરી વેડંચા ગામે ગ્રે-વોટર ટ્રીટમેન્ટ યુનિટ બનાવવામાં આવ્યો છે.

વેડંચા ગામે બનાવવામાં આવેલ ગ્રે-વોટર ટ્રીટમેન્ટ યુનિટ માત્ર રૂા.પાંચ લાખમાં બન્યું છે. ગામની જરૂરીયાત અને પાણીની આવક પ્રમાણે યુનિટનો ખર્ચ મહતમ રૂા.પાંચ લાખથી રૂા.૬.૫૦ લાખ સુધીનો થાય છે. વેડંચા ગામે બનાવવામાં આવેલ ગ્રે-વોટર ટ્રીટમેન્ટ યુનિટથી માત્ર ગ્રે-વોટર ટ્રીટમેન્ટ કરી પાણીને ખેતી અને રિ-ચાર્જ માટે વપરાશ પાત્ર બનાવવામાં આવે છે એટલુ જ નહીં પરંતુ તેનાથી ઉત્પન્ન થનાર જૈવિક ખાતરથી ગ્રામ પંચાયતને મહિને રૂ.૪૫ હજારથી રૂ. ૫૦ હજાર સુધીની આવક થાય છે, જેનાથી ગ્રામ પંચાયત સરળતાથી આ યુનિટની નિભાવણી કરી શકે છે અને એ રીતે આ મોડલ એક રીતે ગ્રામ પંચાયત માટે આત્મનિર્ભર સાબિત થયું છે. ●

# સહકારથી સમૃધ્ધિની સંકલ્પના સાર્થક કરતું થાવર ગામ

✎ કુલદીપ પરમાર



સહકાર અને સરકારના સમન્વય થકી સમૃધ્ધિ સર્વોચ્ચ શિખરે પહોંચે છે તે બાબતને સાર્થક કરી છે બનાસકાંઠા જિલ્લાના છેવાડે આવેલા થાવર ગામે. ધાનેરા તાલુકાનું આ ગામ દૂધના ઉત્પાદનમાં ન માત્ર ગુજરાત પણ દેશમાં અવ્વલ છે. જાણીને આશ્ચર્ય ચોક્કસ થાય કે કોઈ એક ગામમાં દૈનિક સરેરાશ 55 હજાર લીટર દૂધ ઉત્પાદન થઈ શકે. પરંતુ આ સન્માન અને મહારથ હાંસલ કર્યું છે થાવર ગામના પશુપાલકોએ.

થાવર ગામની વાત કરવામાં આવે તો ધાનેરાથી રાજસ્થાન સરહદ પર આવેલું ગામ આજે સહકારથી સમૃધ્ધિનું પ્રેરણા સ્ત્રોત છે. થાવર ગામમાં 1 હજારથી વધુ પરિવાર વસવાટ કરે છે. ગામની વસ્તી 7 હજારથી વધુ છે. 7 હજારની વસ્તી ધરાવતું આ ગામ દૂધ ઉત્પાદનમાં દેશ માટે રોલ મોડેલ છે. ગામમાં બનાસ ડેરી સંલગ્ન ચાલતી ધી થાવર દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં 1,400 જેટલા ગ્રાહકો જોડાયેલા છે. જેઓ દૈનિક 55 હજાર લીટર દૂધ થાવર દૂધ મંડળીમાં વેચાણ કરે છે. ગામના લોકોએ પશુઓની કાળજી અને તેમની સાર સંભાળના કારણે આજે ગામ પશુપાલન થકી દૂધ ઉત્પાદનમાં સમૃધ્ધિની સર્વોચ્ચ શિખરે પહોંચ્યું છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આત્મનિર્ભર ભારતની સંકલ્પના સાથે કામ કરી રહ્યા. દૂધ ઉત્પાદનમાં અગ્રેસર બની આજે થાવર ગામના પશુપાલકો આત્મનિર્ભર બન્યા છે. સરકાર દ્વારા મળતી સહાય અને બનાસ ડેરી થકી થતાં યોગ્ય વ્યવસ્થાપનના કારણે સ્થાનિક લોકો ખેતી અને પશુપાલન પર વધુ ભાર મૂકે છે. જેનું પરિણામ એ આવ્યું છે કે થાવર ગામમાં દૂધની વાર્ષિક આવક 72 કરોડથી વધુ થઈ છે. જ્યારે વાર્ષિક 58 લાખ લીટરથી વધુ દૂધ થાવર ગામના પશુપાલકો બનાસ ડેરીમાં આપી રહ્યા છે. ●




# ન્યૂઝ ફ્લેશ

- કેન્દ્રીય નાણાં રાજ્યમંત્રી શ્રી ડો. ભાગવત કરાડે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભારતને એક કરનાર સરદાર પટેલને દુનિયાની વિશાળ પ્રતિમા બનાવી સાચી શ્રદ્ધાંજલિ આપી છે.
- રાજપીપલામાં કેન્દ્ર સરકારની ૮ વર્ષની ઉપલબ્ધિઓ, ગરીબ કલ્યાણ, સેવા, સુશાસન અને કેન્દ્ર સરકારશ્રીના ફ્લેગશીપ યોજનાના લાભાર્થીઓ સાથે કેન્દ્રીય નાણાં વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી ડૉ.ભાગવત કારડ અને માર્ગ-મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ સંવાદ કર્યો.
- કેન્દ્રીય પશુપાલન રાજ્ય મંત્રી શ્રી પરષોત્તમભાઇ રૂપાલા તથા પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અમદાવાદની બંસી ગીર ગૌશાળાની મુલાકાત લઇ તેના પ્રાકૃતિક ખેતીના સફળ પ્રયોગોને બિરદાવ્યા હતા.
- વૃક્ષારોપણ અને પર્યાવરણ બચાવવાના સંદેશ સાથે ભારત દેશની પરિક્રમા કરીને દેશભરમાંથી માટી એકઠી કરી રહેલાં એરફોર્સના જવાન શ્રી અશોકકુમાર વર્માનો નવતર અભિગમ. “દેશ કી મિટ્ટી કે સાથ પૌધા“ અભિયાન દ્વારા વૃક્ષારોપણ માટે એરફોર્સના જવાનની અનોખી પહેલને બિરદાવી રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાતની પવિત્ર ધરાની માટી વૃક્ષારોપણ માટે સમર્પિત કરી.
- વિધાનસભા અધ્યક્ષા શ્રી નિમાબહેન આચાર્યની અધ્યક્ષતામાં દંડક શ્રી પંકજભાઈ દેસાઇ, રાજ્યમંત્રી શ્રી મનીષાબહેન વકીલ તેમજ ધારાસભ્ય સર્વશ્રી માલતીબહેન મહેશ્વરી, સંગીતાબહેન પાટીલ, રમણભાઈ પટેલ, કિરીટભાઈ પટેલના સંસદીય પ્રતિનિધિ મંડળે સંસદીય કાર્યનીતિના આદાનપ્રદાન માટે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથની મુલાકાત લીધી હતી.
- મહેસાણામાં વંદે ગુજરાત 20 વર્ષનો સાથ 20 વર્ષનો વિશ્વાસ સરકારની 20 વર્ષની વિકાસ યાત્રા પ્રદર્શન તેમજ જિલ્લા કક્ષાના મેળાને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે ખુલ્લો મુક્યો.
- કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જામનગરના વાંકિયા, રામપર અને હમાપર ગામે ચેકડેમ- તળાવોનું ખાતમુહૂર્ત કર્યું. રૂ. ૩૦.૧૩ લાખના ખર્ચે હમાપરમાં ૪ ચેકડેમ અને રામપર ગામમાં રૂ. ૧૭ લાખના ખર્ચે ૧ ચેકડેમ તેમજ ૧ તળાવનું નિર્માણ કરાશે. મોડા ખાતે રૂ.૨૫ લાખના ખર્ચે નિર્મિત થનાર ઓવર હેડ ટાંકીનું ખાતમુહૂર્ત પણ કૃષિ મંત્રીશ્રીએ કર્યું.
- છોટાઉદેપુર જિલ્લાના ઘેલવાંટમાં યોજાયેલા કેન્દ્ર સરકારના આઠ વર્ષના સેવા-સુશાસન અને ગરીબ કલ્યાણ કાર્યક્રમમાં સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના કેબિનેટ મંત્રી શ્રી પ્રદીપભાઇ પરમાર અને અન્ય મહાનુભાવોએ સરકારની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓના લાભાર્થીઓને ચેક, કાર્ડ અને મંજૂરી હુકમોનું વિતરણ કર્યું હતું.
- ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં ખેડા જિલ્લા કક્ષાના કેશ ક્રેડિટ કેમ્પના કાર્યક્રમની સાથે સાથે વંદે ગુજરાત પ્રદર્શન તથા સખી મેળો લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ અંતર્ગત ૩૬૦ સ્વસહાય જૂથના ૩૬૬૦ સભ્યોને રૂ.૫૫૦ લાખની રકમની કેશ ક્રેડિટ અનાયત કરવામાં આવી હતી.
- ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં ગ્રામ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ ઉપસ્થિતિમાં આઠમા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. સેવા યજ્ઞ સમિતિમાં ઘરવિહોણા દર્દીઓની મુલાકાત લઈ મંત્રીશ્રીએ સાંત્વના પાઠવી.
- પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર યોજના અંતર્ગત નવા હાજર થયેલ કાઉન્સેલરોની તાલીમનો ગુજરાત વિદ્યાપીઠમાં પ્રારંભ થયો હતો. જેમાં ઉપસ્થિત રહેલા મહિલા બાળ કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી મનીષાબહેન વકીલે જણાવ્યું હતું કે, કાઉન્સેલરે પરિવાર વચ્ચેના મતભેદોને સહજતાપૂર્વક અને કાયદાકીય રીતે ઉકેલવાના હોય છે.
- મહીસાગરમાં ૭૫.૬૭ કરોડના ખર્ચે કડાણા ડાબા કાંઠા ઉચ્ચસ્તરીય નહેર આધારિત શિયાલ અને શામણા તળાવમાંથી ૩૫ તળાવો ભરવા માટેની યોજના શરૂ કરાઇ હતી. જેમાં આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી નિમિષાબહેન સુથારની અધ્યક્ષતામાં ૧૨ તળાવોનાં જળ વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો.
- સાબરકાંઠાના હિંમતનગરમાં નાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમારે સખી મેળાનો પ્રારંભ કરાવી વંદે ગુજરાત પ્રદર્શનને ખુલ્લું મુક્યું. ૫૦ સખી સ્ટોલ બન્યા લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યાં.
- ભાવનગર ખાતે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાની જાહેરાત. ભાવનગરથી હજીરા અને મુંબઇ વચ્ચે અત્યાધુનિક, ઝડપી રો-પેક્સ ફેરી શરૂ થશે. સીપેટની સ્થાપનાથી ઉદ્યોગોને ટેક્નોલોજિકલ સહાય, યુવાનોને રોજગારી મળશે.

મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારની જનહિતલક્ષી કામગીરીના અખબારી અહેવાલોની ઝાંખી...

દુધાળાની જેમ સમગ્ર રાજ્યમાં જળસંચયના કામો થાય તે જરૂરીઃ સીએમ

## જળસંચયના કામો જોઈ સીએમએ કહ્યું બીજા લોકોને પણ પ્રેરણા મળશે

ગાગડીયો નદી પર 1050 લાખના ખર્ચે જળસિંચનના કામો થશે

ભાસ્કર ન્યૂઝ | અમરેલી

લાઠી તાલુકાના દુધાળામા પોલકીયા ફાઉન્ડેશન દ્વારા ચાલી રહેલા જળસંગ્રહ અને જળસિંચન માટેની કામગીરીનુ ...

નેત્રરથનું મુખ્યમંત્રીએ પ્રસ્થાન ...

ત્રિદિવસીય ઝાલાવાડ બિઝનેસ કોન્કલેવ- 2022નો શુભારંભ

## સુરેન્દ્રનગરમાં કૃષિ પેદાશો આધારિત ઉદ્યોગોનાં વિકાસની અનેક તકો : CM

ભાસ્કર ન્યૂઝ | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર જિલ્લાના વ્યાપાર ઉદ્યોગોને વિશ્વ કક્ષાનું પ્લેટફોર્મ મળે માટે ઝાલાવાડ બિઝનેશ કોન્કલેવનું આયોજન કરાયુ છે. આ ત્રિદિવસીય બિઝનેશ કાર્યક્રમનું શુક્રવારે મુખ્યમંત્રીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ. જેમાં સીએમએ ઝાલાવાડમાં બિઝનેશ અને કૃષિક્ષેત્રે વિકાસની શક્યતાઓ તથા સરકાર તેના માટે મદદ કરવા તૈયાર હોવાનું જણાવ્યુ હતુ.

વિદ્યાર્થીઓ અને સમાજના સહયોગથી આયોજન કરાશે

## સ્વતંત્રતા અમૃત મહોત્સવ : ૫૦૧ શાળામાં ભારત માતાનું પુજન થશે

ગાંધીનગર, બુધવાર ... મહોત્સવની ... આયોજન ... શૈક્ષિક સંઘ ... રહ્યું છે. સંઘના ... પ્રમાણે દેશમાં ...

પણ આ દિવસે જ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં આયોજન સંબંધમાં વિવિધ સમિતિની રચના કરી દેવામાં આવી છે અને યોજન સંબંધમાં બેઠકો પણ યોજવામાં આવી રહી છે. દરેક શાળામાં પુજન ...

કાર્યક્રમમાં જોડવામાં આવશે. આયોજન અને માર્ગદર્શન માટે સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્ય સંવર્ગ તથા જિલ્લા એકમના અધ્યક્ષ અને મહામંત્રીઓનો સહયોગ પણ ...

## 'આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના' બે મહિના લંબાવાઈ

ગાંધીનગર, તા.૧ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરોમાં વસવાટ કરતા નાગરિકો-નગરજનો માટે આઝાદીના અમૃત મહોત્સવના આ વર્ષે શરૂ કરેલી આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના જૂન અને જૂલાઇ એમ વધુ બે મહિના લંબાવવા ... કર્યો ...

વેરાઓની ચૂકવણીમાં નાગરિકોને સરળતા અને પ્રોત્સાહન આપવા આ નવતર અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ યોજના અન્વયે એવો નિર્ણય કર્યો છે કે, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ની ...

નિર્ણય કર્યો છે કે, આવી વેરાની રકમ મોબાઇલ એપ કે ઇ-નગરના ઓનલાઇન પોર્ટલ મારફતે તા. ૩૦ ...

મોરબી • ગોંડલ • જસદણ • જેતપુર • વાંકાનેર • ઉપલેટા

ચોમાસા પહેલાં ખેડૂતો આગોતરું વાવેતર કરી શકે તે માટે પાણી આપવાની અરજી આવતા સિંચાઇ વિભાગનો નિર્ણય

## મચ્છુ-2 ડેમમાંથી 300 MCFT પાણી કેનાલમાં છોડવા આદેશ, રોજ 125 ક્યુસેક પાણી છોડાશે

ડેમમાં આજની તારીખે 1336 MCFT જીવંત જળજથ્થો હોય, પીવાના પાણીની સમસ્યા સર્જાવાની શક્યતા નહીંવત

કેનાલની સફાઇ કામગીરી પણ શરૂ

મોરબી તાલુકાના 17, માળિયાના 2 ગામને થશે લાભ

મચ્છુ 2 ડેમ હાલ 50 ટકા ભરેલો છે તેથી પાણી છોડાયું

ગુજરાતમાં 2 લાખ ખેડૂત પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા

## રાસાયણિક કૃષિનાં દુષ્પરિણામોથી બચવા પ્રાકૃતિક કૃષિ અપનાવવી જરૂરી : રાજ્યપાલ

સોલનમાં ડૉ. વાય. એસ. પરમાર, યુનિ માં રાષ્ટ્રીય કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સંમેલન યોજાયું

## 8 વર્ષના શાસનનું રિપોર્ટ કાર્ડ PM મોદીએ સિદ્ધિઓ ગણાવી

» પાક માં સર્જિકલ સ્ટ્રાઇક, કલમ 370ની નાબૂદી, સંરક્ષણ નિકાસમાં વધારો, કોરોનામાં અસરકારક કામગીરી જેવા પગલાંનો ...



દેશના ૧૧૨ એસ્પીરેશનલ જિલ્લાઓ માટે ઉત્તમ ઉદાહરણ

## નર્મદા જિલ્લાના નોંધારાનો આધાર પ્રોજેક્ટને રાષ્ટ્રીય કક્ષાએ સ્થાન મળ્યું

જિલ્લામા CSR પ્રવૃત્તિઓ અંતર્ગત થયેલી કામગીરીની FICCI એ પ્રશંશા કરી

| રાજપીપળા |

નર્મદા જિલ્લાના નોધારા નો આધાર પ્રોજેક્ટની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવામાં આવી હતી. જેમાં જિલ્લામાં અમલમાં મુકાયેલ સીએસઆર ...

સામાજિક ઉત્તરદાયિત્વ (સીએસઆર) કાર્યશાળા

Workshop on Corporate Social Responsibility (CSR) with Special focus on Aspirational ...

## બરવાળાના જૂના નાવડા ગામે રાત્રિ ગ્રામસભા યોજાઇ

કેન્દ્રીય મંત્રીના હસ્તે નાવડાના ગામના સરપંચને આયોજન અને ATVTના રૂ.4.4.5 લાખના કામોનો વર્ક ઓર્ડર અપાયા

ભાસ્કર ન્યૂઝ | બોટાદ

બરવાળા તાલુકાના જૂના નાવડા ગામની પ્રાથમિક શાળા ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગના કેન્દ્રિય મંત્રીશ્રી ડૉ. મહેન્દ્રભાઇ મુંજપરાના અધ્યક્ષસ્થાને આદર્શ ગ્રામ પંચાયત અંતર્ગત રાત્રિ ગ્રામસભા યોજાઇ. કેન્દ્રિય અને રાજ્ય સરકારની વિવિધ જનલક્ષી યોજનાઓના લાભો જરૂરીયાતમંદ લાભાર્થીઓને મળે ...



હતો. જુનાનાવડા ગામમા આયોજન અને ATVT ના ગય વર્ષ-2021-22ના આયોજનમાંથી રૂ. 30 લાખના ... કરવામાં આવ્યાં હોવાની સાથે જેમાં ચાલુ વર્ષની ...

# યોગી બનો, નિરોગી બનો, રાષ્ટ્ર માટે ઉપયોગી બનો...



ભારતીય સંસ્કૃતિએ માનવજાતને અને સમગ્ર વિશ્વને જ્ઞાન અને જીવન વિકાસનું વિજ્ઞાન ભેટ આપ્યું છે. જે 'યોગ' તરીકે સમગ્ર વિશ્વમાં પ્રચલિત બન્યું છે. વસુધૈવ કુટુંબકમના આદર્શ સાથે સમગ્ર માનવજાતના કલ્યાણને ભારતીય સંસ્કૃતિએ કેન્દ્રમાં રાખ્યું છે અને જીવનને સુખી, સમૃદ્ધ અને સાર્થક બનાવવા વિવિધ પદ્ધતિ અને શાસ્ત્રો વિકસાવીને જગતને ભેટ ધર્યા છે. જે પૈકી યોગશાસ્ત્ર એ એવી અનુપમ ભેટ છે જેના થકી કોઈપણ વ્યક્તિ પોતાના શરીરને સ્વાસ્થ્ય પૂર્ણ, મનને શાંત - સ્થિર રાખવા ઉપરાંત પોતાની આંતર ચેતનાનેવિકાસનો નવો આયામ આપી શકે અને સમષ્ટિ સાથે ઐક્યના અનુભવ માટે પોતાને સજ્જ કરીને માનવ જીવનને સાચા અર્થમાં સાર્થક કરી શકે છે.

ધર્મ, પ્રદેશ કે જ્ઞાતિના વાડાઓથી મુક્ત એવા આ યોગના વિજ્ઞાને આજે સમગ્ર વિશ્વના લોકોને આકર્ષ્યા છે અને હવે તેને વૈશ્વિક સમર્થન મળતાં ૨૧ જૂન 'વિશ્વ યોગ દિન' તરીકે દુનિયાભરમાં ઉજવાય છે. દુનિયાના વિકસિત અને વિકસતા દેશોના લોકો- ધર્મ સંપ્રદાયથી ઉપર ઉઠીને યોગસાધના દ્વારા જીવનને ઉચ્ચતમ આયામ તરફ લઈ જવા યોગને અપનાવવા લાગ્યા છે

આજે મનુષ્યનું જીવન ભાગદોડભર્યું બનતું જાય છે. સતત ભાગ દોડના પરિણામે તણાવ તથા અન્ય બીમારીઓના પ્રમાણ વધારો થયો છે. આવા તણાવમાંથી મુક્ત થવાનો રસ્તો વર્ષો પૂર્વે મહર્ષિ પતંજલિએ યોગના રૂપમાં આપ્યો છે. સંયમિત સ્વસ્થ જીવનનો શ્રેષ્ઠ માર્ગ યોગ છે. ભારતીય પ્રાચીન સંસ્કૃતિમાં ઋષિમુનિઓએ યોગની ભેટ આપી છે.

આધુનિક જીવનશૈલીના પરિણામે ઉદભવતા રોગની સારવારમાં યોગ શ્રેષ્ઠ પુરવાર થયો છે. સમગ્ર વિશ્વ ભારતીય યોગવિદ્યાથી આકર્ષાયું છે. વિશ્વના દેશો યોગને અપનાવી રહ્યા છે. ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ જૂનને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવા યુ.એન.માં પ્રસ્તાવ મૂક્યો હતો. જેનો યુ.એન.ના સભ્ય દેશોએ સ્વીકાર કર્યો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય શાશ્વત યોગવિદ્યાનો વિશ્વને સાક્ષાત્કાર અને તેના સામર્થ્યની પ્રતીતિ કરાવી ગુજરાત અને દેશને ગૌરવ અપાવ્યુ છે. વર્ષ ૨૦૧૫થી ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની દર વર્ષે ઉજવણી થાય છે. આ વર્ષની યોગ દિવસની થીમ "માનવતા માટે યોગ (Yoga for Humanity)" નક્કી કરવામાં આવી છે.

છેલ્લા બે વર્ષની કોવિડ મહામારી બાદ સમગ્ર દેશમાં વિશાળ જનભાગીદારી સાથે આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવાનું આ વર્ષે નક્કી કરાયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શનમાં રાજ્યના દરેક ગામ, તાલુકા, શહેર, જિલ્લા, મહાનગપાલિકા, મહાનગપાલિકાના દરેક વોર્ડ, સાથો સાથ દરેક શાળા, કોલેજો, યુનિવર્સિટી, આઈ.ટી.આઈ., તમામ આરોગ્ય કેન્દ્રો, પોલીસ હેડક્વાર્ટર, પોલીસ સ્ટેશનો, જેલ અને શક્ય તેટલા જાહેર સ્થળોએ અંદાજે કરોડ સવા કરોડથી વધુની જનભાગીદારી સાથે યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. હાલ દેશમાં આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે જેના ભાગરૂપે રાજયમાં ધાર્મિક, પ્રવાસન, ઐતિહાસિક સ્થળો, શૈક્ષણિક તેમજ કુદરતી સૌંદર્ય ધરાવતાં ૭૫ આઈકોનીક સ્થળોએ પણ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના નાગરિકો શારીરિક તથા માનસિક રીતે સ્વસ્થ રહે તે માટે ગુજરાત સરકારે દેશમાં એક આગવી પહેલ કરીને રાજ્ય યોગ બોર્ડની સ્થાપના કરવામાં આવી છે. યોગની પ્રવૃત્તિને વ્યાપક પ્રમાણમાં વિકસાવવા માટે તથા જનસમુદાયમાં યોગ અંગે જાગૃતિ ફેલાવા માટે રમત ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા યોગ બોર્ડની રચના કરાઈ છે. યોગ બોર્ડ દ્વારા રાજ્યભરમાં યોગ તાલીમ શિબિર યોજીને નાગરિકોને યોગની તાલીમ તથા યોગ અંગે જાગૃત કરવાનું સુંદર આયોજન કરવામાં આવી રહ્યુ છે. ●

आज़ादी का अमृत महोत्सव

सत्यमेव जयते
ગુજરાત સરકાર



# વંદે ગુજરાત

20 વર્ષનો વિશ્વાસ
20 વર્ષનો વિકાસ





# બાળ ગુજરાતને વંદન



## બે દાયકામાં

- આંગણવાડીની સંખ્યા 5995થી વધીને 53,029 થઇ
- 3 થી 6 વર્ષના 14 લાખથી વધુ બાળકોને ગણવેશ
- 12 લાખથી વધુ કિશોરીઓને સબલા અને પૂર્ણા યોજનાનો લાભ
- દર વર્ષે 32 લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓ, બાળકો તેમજ કિશોરીઓને ટેક હોમ રાશન દ્વારા પૂરક પોષણ
- 12.60 લાખથી વધુ બાળકોને દૂધ સંજીવનીથી પોષણ




**Published on Date 16-6-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.

**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦